પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૪-૧૧-૨૦૨૫-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૯૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

## બિહારના ચૂંટણી પરિણામોમાં ભાજપ ૯૦ અને જનતાદળ યુની ૮૦ બેઠકો પર સરસાઈ

# એનડીએને છપ્પરફાડ બહુમતિ : મહાગઠબંધનના સુપડાં સાફ

## આરજેડી અને કોંગ્રેસ મહાગઠબંધન માત્ર ૪૦ બેઠકો પર આગળ : બિહારમાં મોદી-નિતીશની જોડીએ વિજય વાવટો ફરકાવ્યો

પટણા, તા. ૧૪

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પાતળી બહુમતી સાથે આંચકો અનુભવ્યા બાદ મહારાષ્ટ્ર-હરિયાણા સહિતની ધારાસભા ચૂંટણીઓમાં જબરી ફતેહ મેળવનાર ભાજપ નેતૃત્વના નેશનલ ડેમોક્રેટીક એલાયન્સ (એનડીએ)એ આ વર્ષની અંતિમ બિહાર ધારાસભા ચૂંટણીમાં પ્રારંભીક તબકકામાંજ પ્રચંડ સરસાઈ સાથે ૨૦૨૦ કરતા પણ મોટી બહુમતીથી શાસન ફરી સંભાળી લેવા ભણી દોટ છે.

૨૪૩ બેઠકો પર આજે સવારે ૮ વાગ્યે શરૂ થયેલી ગણતરીમાં છેલ્લા અહેવાલ મુજબ ભાજપ નેતૃત્વના એનડીએ એ ૧૯૮ બેઠકો પર સરસાઈ સ્થાપી છે જયારે રાષ્ટ્રીય જનતાદળના વડપણ હેઠળના મહાગઠબંધનને ૪૦ બેઠકો પર જયારે પ્રથમ વખત કેજરીવાલ સ્ટાઈલથી રાજયમાં બદલાવની રાજનીતિ સામે ચુંટણીમાં ઝુંકાવનાર સફળ પોલીટીકસ મેનેજર પ્રશાંત કિશોર નિષ્ફળ સાહસિક રાજનેતાના વર્ચસ્વ હેઠળના જનસુરાજ પક્ષને ફકત ૨ બેઠકો પર સરસાઈ મળી છે.


આમ ૨૦૨૦ કરતા પણ એનડીએ રાજયમાં વધુ મજબૂત શાસક તરીકે શાસન સંભાળશે તે નિશ્ચિત છે. રાજયમાં બે તબકકામાં યોજાયેલા મતદાન પુર્વેનો પ્રચાર જબરો સ્પર્ધાત્મક બની રહ્યો હતો પણ મુખ્યમંત્રી નિતીશકુમાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડબલ એન્જીન જોડીએ રાજયમાં રાજદ, કોંગ્રેસ, ડાબેરીઓના ગઠબંધનને પરાજીત કરવામાં સફળતા મેળવી હોય તેવું સ્પષ્ટ ચિત્ર બની રહ્યું છે.

વિપક્ષના નેતા શ્રી તેજસ્વી યાદવ, એનડીએ શાસનના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી ભોજપુરી અભિનય મેથીલી ઠાકુર રાજદના યુવા લઘુમતી ઉમેદવાર ઓસામા શહાબ જનતાદળ (યુ)ના બાહુબલી નેતા અનંતકુમાર આગળ ચાલી રહ્યા છે પણ લાલુ પ્રસાદ યાદવના બીજા પુત્ર તેજપ્રતાપ યાદવે જે મહુધા બેઠક પરથી અલગ પક્ષના બેનર હેઠળ ચૂંટણી લડી રહ્યા છે. તેજપ્રતાપ યાદવ પાછળ ચાલી રહ્યા છે. એનડીએ શાસનના નાયબ મુખ્યમંત્રી વિજયસિંહા તથા સિનીયર મંત્રી મંગલ પાંડે પણ તેના હરિફથી પાછ ળ છે.

બિહારમાં પક્ષીય ધોરણે પરિણામના રૂઝાનમાં ભાજપ ૭૨ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે પ્રસ્થાપીત થયો છે તો રાજદ-જનતાદળ (યુ) વચ્ચે બીજા નંબર માટે

અનુસંધાન પાના ૭ પર






| | | |
|---|---|---|
| એનડીએ | ૧૯૭ | +૭૨ |
| મહાગઠબંધન | ૪૦ | -૭૦ |
| જનસૂરાજ | ૦ | ૦ |
| અન્ય | ૬ | -૩ |

## રાજસ્થાન અંતા બેઠકની ચૂંટણીમાં કોંગ્રેસ આગળ

બારન, તા. ૧૪

બારન. રાજસ્થાનના રાજકારણમાં અંતા પેટાચૂંટણી હાલમાં ધ્યાનનું કેન્દ્ર છે. શરૂઆતના પરિણામો કોંગ્રેસ માટે ખૂબ જ આશ્વાસન આપનારા છે, જ્યારે ભાજપની ચાલ પાછળ પડી ગઈ હોય તેવું લાગે છે. કોંગ્રેસના ઉમેદવાર પ્રમોદ જૈન ભાયા ૪૦,૦૪૭ મતો સાથે નિર્ણાયક લીડ ધરાવે છે. ગણતરીના વીસમાંથી દસ રાઉન્ડ પૂર્ણ થઈ ગયા છે, અને હવે સ્પર્ધા ભાજપ નહીં પણ કોંગ્રેસ વિરુદ્ધ અપેક્ષાઓ વચ્ચે હોય તેવું લાગે છે. દરમિયાન, નવા રાજકીય વળાંક તરીકે ઉભરી આવેલા અપક્ષ ઉમેદવાર નરેશ મીણા ૩૨,૮૭૬ મતો સાથે બીજા સ્થાને છે. દરમિયાન, ભાજપના ઉમેદવાર મોરપાલ સુમન ૨૯,૭૦૭ મતો સાથે ત્રીજા સ્થાને સરકી ગયા - ભગવા છાવણી માટે અનિચ્છનીય "વાસ્તવિકતા તપાસ".

વિશ્લેષણ: ભાજપની ધીમી ગતિ, કોંગ્રેસનો આત્મવિશ્વાસ અને 'ત્રીજા ખૂણા' તરીકે મીના પરિબળ

રાજકીય વિશ્લેષકો માને છે કે અત્યાર સુધી મતદાન મુખ્યત્વે એવા વિસ્તારોમાં થયું છે જ્યાં સ્વતંત્ર ઉમેદવાર નરેશ મીનાનો મજબૂત પ્રભાવ માનવામાં આવે છે. આ જ કારણ છે કે તેમણે શરૂઆતના રાઉન્ડમાં સારું પ્રદર્શન કર્યું. નિષ્ણાતોના મતે, આશરે ૩૦,૦૦૦ મતોનો આ સ્ટોક ખતમ થયા પછી, આગામી વિસ્તારોમાં ભાજપની પકડ મજબૂત થઈ શકે છે. આવી સ્થિતિમાં, ભાજપ બીજા સ્થાને આવે તેવી શક્યતાને નકારી શકાય નહીં - પરંતુ આ "શક્યતા" હાલમાં કોંગ્રેસની લીડ જેટલી મજબૂત દેખાતી નથી.

કોંગ્રેસ આ પેટાચૂંટણીને

અનુસંધાન પાના ૭ પર

## જમ્મુ-કાશ્મીર પેટા ચૂંટણીમાં એનસી-ભાજપ વચ્ચે ટક્કર

### નાગરોટામાં ભાજપ અને બડગામમાં નેશનલ કોન્ફરન્સ આગળ

શ્રીનગર, તા. ૧૪

શ્રીનગર. જમ્મુ અને કાશ્મીરના નાગરોટા અને બડગામમાં વિધાનસભા પેટાચૂંટણીઓ માટે મતગણતરી ચાલુ છે. પ્રારંભિક વલણો શાસક નેશનલ કોન્ફરન્સ અને મુખ્ય વિપક્ષ ભાજપ વચ્ચે જોરદાર મુકાબલો દર્શાવે છે. બંને બેઠકો માટે મતદાન ૧૧ નવેમ્બરના રોજ થયું હતું. જમ્મુ અને કાશ્મીરની બંને વિધાનસભા બેઠકો માટે મતગણતરી શુક્રવારે સવારે ૮ વાગ્યે શરૂ થઈ હતી. ચૂંટણી પંચે પ્રારંભિક આંકડા જાહેર કર્યા, જેમાં ભારતીય જનતા પાર્ટી નાગરોટા વિધાનસભા મતવિસ્તાર (AC-૭૭) માં આગળ છે, જ્યારે નેશનલ કોન્ફરન્સ બડગામ વિધાનસભા મતવિસ્તાર (AC-૨૭) માં આગળ છે. નાગરોટામાં ૧૧ માંથી ત્રણ રાઉન્ડ પૂર્ણ થયા છે. ભાજપના દેવયાની રાણા ૧૧,૦૦૦ થી વધુ મતોથી આગળ છે. નેશનલ કોન્ફરન્સના શમીમ બેગમ ત્રીજા સ્થાને છે, ત્રીજા રાઉન્ડ સુધી તેમના પક્ષમાં ૨,૪૬૪ મતો છે. નેશનલ પેન્થર્સ પાર્ટીના હર્ષ દેવ સિંહ બીજા સ્થાને છે.નાગરોટા વિધાનસભા બેઠક માટે કુલ ૧૦ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે, જેમાં ત્રણ અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

બડગામમાં મતદાનનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે. કુલ ૧૭ રાઉન્ડમાં મતગણતરી થશે. હાલમાં, નેશનલ કોન્ફરન્સના આગા સૈયદ મહમૂદ અલ-મોસાવી ૧,૧૫૨ મતોથી આગળ છે. તેમની પાછળ પીડીપીના આગા સૈયદ મુન્તઝીર મેહદી છે,

અનુસંધાન પાના ૭ પર

## જકાર્તાના નૌકાદળ સંકુલની મસ્જીદમાં ધડાકો : ૫૪ ઘાયલ

### મસ્જીદમાં શુક્રવારની નમાજ વખતેજ પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ

જર્કાતા, તા. ૧૪

જકાર્તા. ગુરુવારે રાત્રે ઈન્ડોનેશિયાના મધ્ય જાવામાં ભૂસ્ખલન થયું, જેમાં બે લોકો માર્યા ગયા અને ત્રણ અન્ય ઘાયલ થયા. સિન્હુઆ સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન અને શમન એજન્સીના કટોકટી એકમના વડા મોહમ્મદ ચોમસુલના જણાવ્યા અનુસાર, ભારે વરસાદને કારણે સિલાકેપ રિજન્સીના સિબુનયિંગ ગામની સિબુયુત અને તારુખાન વસાહતોમાં ભૂસ્ખલન થયું. એજન્સીના અધિકારીએ સિન્હુઆ સાથે ટેલિફોન પર વાત કરી. "ભૂસ્ખલન રહેણાંક વિસ્તારોમાં થયું અને જાનહાનિ થઈ. બે લોકો માર્યા ગયા, ત્રણ ઘાયલ થયા અને ૨૧ અન્ય ગુમ છે," અધિકારીએ જણાવ્યું.

ચોમસુલે જણાવ્યું કે ગુમ થયેલા લોકો માટે શોધ અને બચાવ કામગીરી ચાલુ છે, જેમાં સ્થાનિક આપત્તિ એજન્સી, સ્થાનિક શોધ અને બચાવ કાર્યાલય, સૈન્ય, અન્ય સરકારી સંસ્થાઓ અને સ્વયંસેવકોના કર્મચારીઓનો સમાવેશ થાય છે. કામગીરીમાં મદદ કરવા માટે ભારે મશીનરી તૈનાત કરવામાં આવી છે.ગયા અઠવાડિયાની શરૂઆતમાં,

અનુસંધાન પાના ૭ પર

## બદ્રીનાથમાં માઈનસ ૧૬ ડિગ્રી તાપમાન

### રાજસ્થાન, હિમાચલ અને પંજાબના ઘણા જિલ્લાઓમાં પારો ૧૦ ડિગ્રીથી નીચે

નવી દિલ્હી, તા. ૧૪

ઉત્તર તરફથી ફૂંકાતા બર્ફીલા પવનોને કારણે મેદાનીય વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આગામી બે દિવસ સુધી કોલ્ડવેવ રહેશે. આ દરમિયાન, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ અને પંજાબના ઘણા જિલ્લાઓમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે આવી ગયું છે.



આ દરમિયાન, ઉત્તરાખંડના બદ્રીનાથ મંદિરમાં તાપમાનનો પારો માઈનસ ૧૬ ડિગ્રી નોંધાયો છે, જેના કારણે ધોધ અને તળાવો થીજી ગયા છે. હિમાચલના લાહૌલ-સ્પિતિ જિલ્લામાં, તાબો માઈનસ ૭.૪ ડિગ્રી, કુકુમસેરી માઈનસ ૩.૧ ડિગ્રી, કીલોંગ માઈનસ ૩.૩ ડિગ્રી અને કલ્પામાં માઈનસ ૦.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે.આ નવેમ્બરમાં, રાજ્યમાં શિયાળામાં રેકોર્ડબ્રેક તાપમાન નોંધાઈ રહ્યું છે. ઈન્દોર ૨૫ વર્ષમાં સૌથી ઠંડુ છે, જ્યારે ભોપાલમાં છેલ્લી સાત રાતથી તાપમાન ૯ ડિગ્રીથી નીચે જોવા મળ્યું છે. ઉત્તર તરફથી આવતા બર્ફીલા પવનોની અસર ખાસ કરીને ગ્વાલિયર, ચંબલ, ઉજ્જૈન, ઈન્દોર, સાગર અને ભોપાલ વિભાગના જિલ્લાઓમાં જોવા મળી રહી છે. ડિંડોરીમાં કોલ્ડવેવને કારણે, બધી શાળાઓનો સમય સવારે ૮:૩૦ વાગ્યાનો કરવામાં આવ્યો છે.

ગુરુવારે સિરોહીમાં રાજ્યનો સૌથી ઠંડો દિવસ રહ્યો, મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રીથી નીચે ગગડી ગયું. શેખાવતીમાં લઘુત્તમ તાપમાન હજુ પણ ૧૦ ડિગ્રીથી નીચે છે. સિરોહીમાં રાજ્યનો સૌથી ઠંડો દિવસ રહ્યો, મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રીથી નીચે ગગડી ગયું. શેખોવતીમાં લઘુત્તમ તાપમાન હજુ પણ ૧૦ ડિગ્રીથી નીચે નોંધાઈ રહ્યું છે.

અનુસંધાન પાના ૭ પર

## આતંકી ઉમરનું પુલવામા સ્થિત ઘરને સુરક્ષા દળોએ ફુંકી માર્યું

### તા. ૬ ડીસેમ્બરે દિલ્હી સહિત દેશભરમાં બોમ્બ ધડાકા કરવાનું ષડયંત્ર ઘડાનું હતું

નવી દિલ્હી, તા. ૧૪

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા કાર બ્લાસ્ટનાં મામલામાં મોટા એક્શન બહાર આવ્યા છે. પુલવામામાં સુરક્ષા દળોએ દિલ્હી બ્લાસ્ટનાં આરોપી આતંકી ઉંમર મોહમ્મદ ઉર્ફે ઉંમર ઉલ નબીનાં ઘરને આઈઈડીથી ઉડાવી દીધુ છે.

ઉંમર મોહમ્મદ એ આતંકી છે જે ફરીદાબાદથી દિલ્હી પહોંચીને લાલ કિલ્લાની બહાર કાર બ્લાસ્ટમાં સામેલ હતો. ઉંમર ઉન નબી દિલ્હી બ્લાસ્ટ બાદથી ફરાર છે અને સુરક્ષા એજન્સીઓ તેની તલાસીમાં લાગી છે.ધમાકા બાદ તેના પરિવારની પૂછપરછ કરવામાં આવી રહી છે.

પુલવામામાં તેનુ ઘર ચિહીન્ત કરીને ધ્વસ્ત કરી દેવામાં આવ્યું. પોલીસ સતત તેના પરિવારની પૂછપરછ કરી રહી છે. જેથી તેનાં નેટવર્ક અને સહયોગીઓનો પતો મળી શકે. સુરક્ષા એજન્સીઓએ બતાવ્યુ હતુંકે પુલવામાં સ્થિત ઉંમરના ઘરને ધ્વસ્ત કરવાના ઉદેશથી આતંકીઓ અને તેમને મદદ કરનારાઓને સખ્ત સંદેશ આપવાનો છે.

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા ભીષણ કાર બ્લાસ્ટના માસ્ટરમાઈન્ડ મનાતા ડો. ઉમર મોહમ્મદ વિરૂધ્ધ સુરક્ષા

અનુસંધાન પાના ૭ પર

## ઉદ્યોગપતિ અનિલ અંબાણી ઈડી સમક્ષ હાજર થયા નહીં

### વર્ચ્યુઅલ હાજર રહેવા અનિલ અંબાણીએ ઈડીને જાણ કરી

નવી દિલ્હી, તા. ૧૪

રિલાયન્સ ADAG ગ્રુપના અનિલ ડી. અંબાણી શુક્રવારે બેંક છેતરપિંડી કેસમાં પૂછપરછના બીજા રાઉન્ડ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના દિલ્હી મુખ્યાલયમાં હાજર થયા ન હતા. જોકે, તેમણે વર્ચ્યુઅલી હાજર થવાની ઓફર કરી હતી. અનિલ અંબાણી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં, કંપનીએ જણાવ્યું હતું કે તે તમામ બાબતોમાં ED ને સંપૂર્ણ સહયોગ કરશે અને વર્ચ્યુઅલી હાજર થવા માટે તૈયાર છે. ED સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમને હજુ સુધી અનિલ અંબાણી કે તેમની કંપની તરફથી આવો કોઈ સંદેશ મળ્યો નથી.

અનિલ અંબાણી દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ED દ્વારા અનિલ ડી. અંબાણીને જારી કરાયેલ સમન્સ FEMA તપાસ સાથે સંબંધિત છે અને તે કોઈપણ PMLA કેસ સાથે સંબંધિત નથી."

નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, "અનિલ ડી. અંબાણી રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના બોર્ડના સભ્ય નથી. તેમણે એપ્રિલ ૨૦૦૭ થી માર્ચ ૨૦૨૨ સુધી લગભગ પંદર વર્ષ સુધી કંપનીમાં ફક્ત નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે સેવા આપી હતી અને કંપનીના દૈનિક સંચાલનમાં ક્યારેય સામેલ નહોતા."

ED એ ૧૪ નવેમ્બરના રોજ અનિલ અંબાણીને ગ્રુપ સામેના મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે

અનુસંધાન પાના ૭ પર

## દાઉદ ગેંગ ફિલ્મ સ્ટારો તેમજ નેતાઓને ડ્રગ્સ પુરુ પાડતી હતી

### દુબઈમાંથી તડીવાર કરાયેલા તાહિર ડોલા અને સલિમ શેખની ચોંકાવનારી કબુલાત

મુંબઈ, તા. ૧૪

ડ્રગ્સ કાંડમાં દુબઈથી ડીપોર્ટ કરાયેલા અને ભારતીય સુરક્ષા એજન્સીના કબ્જામાં આવેલા તથા ડોન દાઉદ ઈબ્રાહીમ સાથે સંકળાયેલા સલીમ સોહેલ શેખ ઉર્ફે લેવીસે ફિલ્મી કલાકારો તથા રાજકીય નેતાઓને ડ્રગ્સ સપ્લાય કર્યાની સનસનીખેજ કબુલાત આપી છે. ઉપરાંત આ સેલીબ્રીટીઓ માટે ભારતમાં તેમજ વિદેશમાં પણ ડ્રગ્સ-રેવ પાર્ટી આયોજીત કરી હોવાનું સ્વીકાર્યું છે.મહારાષ્ટ્રનાં સાંગલીમાં ૨૫૨ કરોડનું મેફેડ્રોન ડ્રગ્સ પકડાયું હતું અને તેમાં સલીમ શેખનું નામ ખુલ્યુ હતું. ભારત સરકારની કાર્યવાહીનાં આધારે તેને ગત ૨૨ ઓકટેબરે દુબઈથી ડીપોર્ટ કરાયો હતો.નાર્કોટીકસ વિભાગે પાંચ દિવસ કસ્ટડીમાં લીધા બાદ અન્ય એક ડ્રગ્સ કેસમાં પોલીસને સોંપવામાં આવ્યો હતો.મુંબઈ પોલીસે સલીમ શેખની રીમાંડ અરજીમાં એવો ધડાકો કર્યો હતો કે ફિલ્મી કલાકારો તથા રાજકીય નેતાઓને ડ્રગ્સ સપ્લાય કરતો હતો અને ભારત અને વિદેશમાં ડ્રગ્સ-રેવ પાર્ટી પણ ગોઠવી દેતો હતો.મહારાષ્ટ્ર ક્રાઈમ બ્રાંચે ગત ફેબ્રુઆરીમાં સાંગલીમાંથી મેરેથોન ડ્રગ્સ ઉત્પાદનનું રેકેટ ઝડપ્યુ હતું.

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# કતારગામમાં વિવાદિત ટીપીમાં રિઝર્વેશન નહી હટાવતા ફરીથી આંદોલનની ચીમકી

## સ્થાનિક સ્વરાજની ચુંટણી પહેલા રિઝર્વેશન હટાવામાં નહિ આવેતો ચુંટણી બહિષ્કાર

સુરત, તા.૧૪

ટીપી સ્કીમ નંબર ૪૯,૫૦,૫૧ પીડિત પરિવાર સમિતિ આયોજીત નૂતન વર્ષ સ્નેહમિલન તેમજ આગામી સમયની રિઝર્વેશન ના આંદોલનની રણનીતી માટે કાર્યક્રમનું કતારગામ સ્થિત વુંદાવન સોસાયટીની વાડીમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ થી વધુ સોસાયટીના પ્રમુખો, હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં રિઝર્વેશન પિડિત લોકો જોડાયા હતા. કતારગામની આ ત્રણેય ટીપીસ્કીમ માં સોસાયટીની વાડી, મકાનો, ખુલ્લા પ્લોટો તેમજ રસ્તાઓ પર કોઈપણ સ્થળ તપાસ કર્યા વગર ઈરાદાપૂર્વક મનફાવે તે રીતે રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યા છે જે આશરે કતારગામની ૭૦ હજાર થી વધુ સ્થાનિક લોકોને અસરકરતી આ સમસ્યા છે ત્યારે ગત સમયે તારીખ ૧૯-૬-૨૫ નારોજ મનપાની કચેરીમાં મોરચો લઈને મોટી સંખ્યામાં રજુઆત કરવા ગયા હતા ત્યારે રીઝર્વેશન હટાવી દેવાનું ફકત આશ્વાસન આપવામાં આવ્યું હતું તેનું આજદિન સુધી કોઈ અમલીકરણ કરવામાં નહી આવતા ફરીથી આંદોલનને સક્રિય બનાવવામાં આહવાન કરવામાં આવ્યું હતું.

ઉમેશ ઝડફિયાએ જણાવ્યું હતું કે, આશરે ૧૦થી ૭૫ વર્ષ જુની મિલકતો પર રિઝર્વેશનો નાખવામાં આવ્યા છે સરકારી રેકોર્ડની તપાસ કરાવ્યા બાદ આ અસરગસ્તોએ મિલકતની ખરીદી કરી હતી ત્યારે કોઈ રિઝર્વેશન મિલકતમાં હતા નહિ જેથી સચોટપૂર્વક અને સરકારી કચેરી પર વિશ્વાસ રાખીને મિલકતની ખરીદી કરી હતી. પરંતુ રાતોરાત ખોટા રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી રિઝર્વેશન અંગે નેતાઓ તેમજ સરકારી કચેરીઓમાં લેખિત કે મૌખિત રજુઆત કરી રહ્યા છીએ પરંતુ તેનું કોઈ અમલીકરણ થતું નથી જેથી આ કાર્યક્રમમાં સર્વોનું મતે નિર્ણય કરવામાં આવ્યો હતો કે આગામી ટીપી ૪૯,૫૦ અને ૫૧ માં ઈરાદાપૂર્વક દાખલ કરેલા રીઝર્વેશનો હટાવવામાં નહિ આવે ત્યાં સુધી ફરીથી આંદોલન સક્રિય સાથે ચાલુ રહેશે. જેમાં સર્વાનુમતે આ નિર્ણયો લેવા આહવાન કરવામાં આવ્યા હતું.

# મોઢ વણિક મહિલા સંગઠન દ્વારા સર્વાઇકલ વેક્સિન શિબિર યોજાઈ

સુરત, તા.૧૪

હર્ષ હોસ્પિટલ ન્યુ સીટીલાઈટ રોડ ખાતે સર્વાઈકલ કેમ્પ નું આયોજન અમૃતમ્ સંસ્થા સુરતી મોઢ વણિક મહિલા સંગઠન તેમજ અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ના સાથ સહકાર થી રાહત દરે શિબિર નું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પ માં બીજો ડોઝ ૩૦૦ થી વધુ બહેનો ને વેક્સિનુ મુકવામાં આવી. આ સેવા માં હર્ષ હોસ્પિટલ ના ગાયનેક ડો. કીતિબેન શર્મા કણિયા. ડો. વત્સલભાઈ કણિયા ડો.શાલીનીબેન હલવાવાલા ના સંયુક્ત પ્રયાસ તેમજ નર્સીગ સ્ટાફ ના ભાઈ બહેનો ના સાથ સહકાર થી સેવાકીય કેમ્પ ને સફળ થયો હતો.નાસ્તા ના બોક્ષ ની સુવિધા અમૃતમ્ સંસ્થા ના કુંજભાઈ પણસારી તરફથી કરવામાં આવી હતી. મોઢ વણીક મહિલા મંડળ ના પ્રમુખ મીનાક્ષી બોડાવાળા એ આભાર વ્યક્ત કર્યો.

# સૂર્યપુર વરિષ્ઠ પરિવારની સભામાં રંગારંગ સૂર વંદીતા

સુરત, તા.૧૪

સૂર્યપુર વરિષ્ઠ પરિવારની સભા પ્રમુખ સુરેશ શાહ ની આગેવાની હેઠળ યોજાય હતી જેમાં સ્વાગત પ્રવચન પ્રમુખ સુરેશભાઈ શાહ એ કર્યું. દિવાળી પછીની પ્રથમ સભા ધમાકેદાર અને રંગારંગ બનાવવા માટે સભાનો કાર્યક્રમ સુરવંદીતા મ્યુઝિકલ ગ્રુપ દ્વારા મધ્યકાલીન રોમેન્ટિક અને મસ્તી ભર્યા હિન્દી ફિલ્મી ગીતો કલાકાર પંકજ માંજરાવાળા, પરેશ ભાટિયા, અવની પંડ્યા, ભારતી નાવડીવાળા, ધર્મેશ દેસાઈ, અરુણા શાહ એ નાટ્યાત્મક રીતે રજૂ કરતા વરિષ્ઠ નાગરિકો ઝૂમી ઉઠયા હતા. સંગીતમય કાર્યક્રમ નું સંચાલન વર્ષા ચોખવાળા એ અને આર્ટીસ્ટો નો ગીત આધારિત મેકઅપ હર્ષા માંજરાવાલા અને ફોટોગ્રાફી/ વિડિયોગ્રાફી ભરત શાહે કર્યા. સભાનું સંચાલન મહામંત્રી નટવર ભૂતવાળાએ ,સભ્યો ની બર્થડે સેલિબ્રેશન ની ઉજવણી ખજાનચી શૈલેષ ગજ્જર કરી અને ઉપપ્રમુખ વિભૂત દલાલ એ આભારવિધિ કરીને સમૂહ રાષ્ટ્ર ગાન કરી સભાની પૂર્ણાહુતિ જાહેર કરી.




# ટેક્સટાઈલના રો મટિરિયલ્સ પરથી ક્યુએસઓ ઓર્ડર નાબૂદ કરાયો

## ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત બાદ સરકારના નિર્ણયથી દેશભરના ઉદ્યોગોને મોટી રાહત

સુરત, તા.૧૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પત્રકાર પરિષદમાં પત્રકારોને જણાવવામાં આવ્યું હતું કે, ભારત સરકારના કેમિકલ મંત્રાલય દ્વારા જુલાઈ– ૨૦૨૩થી MMF ટેક્ષ્ટાઈલ્સના કી રો મટિરિયલ્સ PTA અને MEG ઉપર QCO ઓર્ડર લાગુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઓકટોબર– ૨૦૨૩થી પોલિએસ્ટર યાર્નના જેટલા પણ FDY, POY, IDY અને PSF છે, એના ઉપર પણ QCO ઓર્ડર લાગુ કરવામાં આવ્યો હતો. QCO ઓર્ડર લાગુ થયા બાદ ફરજિયાતપણે જેની પાસે BISનું સર્ટિફિકેશન હોય એ જ ભારતમાં આ મટિરિયલ્સ વેચી શકે એ પ્રકારનો આ ઓર્ડર હતો. એના કારણે ભારતમાં MMF ટેક્ષ્ટાઈલ્સના કી રો મટિરિયલ્સની આયાત સંપૂર્ણપણે બંધ થઈ ગઈ હતી. જેના કારણે ઘણા સ્પેશ્યાલિટી યાર્નની અછત ભારતમાં વર્તાતી હતી. ખાસ કરીને સ્પેશ્યલ લાઈફ સ્ટાઈલ ફેબ્રિકનું ઉત્પાદન નહીવત જેવું થઈ ગયું હતું.

આ પરિસ્થિતિને નિવારવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફિઆસ્વી, ફોગવા, CITI (નવી દિલ્હી), CII સહિત ભારતભરના ટેક્ષ્ટાઈલ્સ એસોસીએશનો દ્વારા કેન્દ્ર સરકારને રજૂઆત કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારના કેમિકલ મંત્રાલય, ટેક્ષ્ટાઈલ મંત્રાલય, એમએસએમઈ મંત્રાલય અને નીતિ આયોગમાં ચેમ્બર ઓફ કોમર્સ તથા વિવિધ સંગઠનો દ્વારા મિટીંગો કરવામાં આવી હતી. દરમ્યાન ગતરોજ તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ભારત સરકાર દ્વારા MMF ટેક્ષ્ટાઈલ્સના કી રો મટિરિયલ્સ MEG અને PTA તથા POY (Polyester Partially Oriented Yarn), FDY (Polyester Continuous Filament - Fully Drawn Yarn), IDY (Polyester Industrial Yarn), PSF (Polyester Staple Fibre) ના તમામ QCO ઓર્ડરને હટાવી દેવામાં આવ્યા હતા, જેને કારણે હવે ભારતમાં ટેક્ષ્ટાઈલના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને ઉદ્યોગકારો એક્ષ્પોર્ટ ઓરિએન્ટેડ ફેબ્રિકનું ઉત્પાદન કરી ભારતથી એક્ષ્પોર્ટ વધારશે. હવે ઉદ્યોગ સાહસિકો વિશ્વના દરેક ખૂણેથી

અનુસંધાન પાના ૭ પર

# તા. ૩૦મી નવેમ્બરે સોમનાથ મંદિરનો સાલગીરી ઉત્સવ

## સોમનાથ મહાદેવ દાદાની સાલગીરી નિમિત્તે હોમાત્મક લઘુરૂદ્ર મહોત્સવનું ભવ્ય આયોજન છે

સુરત, તા.૧૪

સુરત શહેરના અઠવા લાઈન્સ રોડ પર સરગમ શોપિંગ સેન્ટરના પાછળ આવેલ સોમનાથ સોસાયટી સ્થિત સુરતનું સ્વયંભૂ પ્રગટ શિવલિંગ ધરાવતા શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે તા. ૩૦ નવેમ્બર ૨૦૨૫, માંગશર સુદ દશમ – રવિવારના રોજ સોમનાથ મહાદેવ દાદાની પવિત્ર સાલગીરી નિમિત્તે હોમાત્મક લઘુરૂદ્ર નો વિશેષ મહોત્સવ યોજવામાં આવી રહ્યો છે.મહાદેવની કૃપા પ્રાપ્ત કરવાની દિવ્ય તકરૂપ આ લઘુરૂદ્ર પૂજનમાં શ્રદ્ધાભાવો સાથે બેસવા ઈચ્છતા સર્વે ભાવિકોએ પોતાના નામ મહારાજશ્રી પાસે પૂર્વ નોંધણી કરાવવાની વિનંતી છે. સાલગીરીના આ પવિત્ર અવસરે ધીના કમળનું વિશેષ અર્પણ, તેમજ મંદિરનો દૈવી શણગાર અને તમામ દેવ-દેવીઓના નવા વસ્ત્રોનું અર્પણ કરવામાં આવશે. જે ભક્તો મંદિર શણગાર અથવા વસ્ત્ર અર્પણની સેવા તેમના તરફથી આપવા ઈચ્છતા હોય તેમણે મહારાજશ્રીનો સંપર્ક કરવો.સાંજે ૭:૦૦ કલાકે આરતી તથા બાદમાં પ્રસાદી ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. ભંડારાનો લાભલેવા ઈચ્છતા ભકતોએ પોતાના પરિવાર સાથે તા. ૨૭-૧૧-૨૦ સુધીમાં પાસ

અનુસંધાન પાના ૭ પર



# શારદાયતન શાળાના મહેમાન બનતા પોલીસ કમિશનર અનુપમ ગેહલોત

સુરત, તા.૧૪

દુનિયાનો કોઈ એવો સવાલ નથી જેનો જવાબ ભગવદ્ ગીતા ના આપી શકે, કારણ કે આ જ્ઞાન સ્વયંમ ભગવાન શ્રી કૃષ્ણ આપે છે શ્રીમદ્ ભગવત ગીતા વિશે પિપલોદ સ્થિત શારદા યતન શાળામાં બે દિવસનો સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં મહેમાન બનેલા સુરત શહેરના પોલીસ કમિશનર ગેહલોતનું શાળાના પ્રમુખ ટ્રસ્ટી હેમંતભાઈ પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. એકદમ નવા ઉદાહરણો સાથે અને યુવાનોને સમજાય એવી સરળ ભાષાશૈલીમાં ગુજરાતના ખ્યાતનામ મોટીવેશન સ્પીકર પારસ પાંધીનાં માધ્યમથી શ્રીમદ્ ભગવદ્ ગીતા કોર્ષ રજૂ કર્યો હતો.

# ‘સર’ પ્રક્રિયામાં યોગ્ય અને સચોટ કામગીરી કરવા ‘આપ’ની માંગણી

## BLO ને ખોટા દબાણ આપી ખોટા ટાસ્ક પૂરા કરાવવાનું બંધ કરવામાં આવે : ધર્મેશ ભંડેરી

સુરત, તા.૧૪

સુરતમાં કોઈ બુથ એવું નથી કે જ્યાં ૧૦૦ એ ૧૦૦% મતદારો પોતાના સ્થળ પર જ છે, છતાં પણ ચૂંટણી પંચ દ્વારા BLO ને આવું દબાણ આપવામાં આવે છે. ધર્મેશ ભંડેરી હાલમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલી S.I.R પ્રક્રિયા અંતર્ગત ગુજરાત રાજ્યમાં પણ આ પ્રક્રિયા શરૂ છે, જેના અંતર્ગત આમ આદમી પાર્ટી પણ ચૂંટણી પંચને સહયોગ આપવાના હેતુસર તેમજ સામાન્ય મતદારને કોઈપણ જાતની તકલીફ ન પડે કે કોઈ પણ રીતે કોઈ અટવાઈ નહી એના માટે થઈ પોતાના તમામ કાર્યકર્તાઓ તેમજ પાર્ટીના BLA પોતાના બુથના BLO સાથે ઘરે ઘરે જઈ આ આખી પ્રક્રિયા લોકોને સમજાવે છે. આ મુદ્દે આમ આદમી પાર્ટી સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે – ત્રણ દિવસમાં અમને એવું સમજાયું કે આમાં ચૂંટણી પંચ દ્વારા જે હેતુસર આ કાર્યક્રમ કરવાનું અમને બતાવવામાં આવ્યું એવું કંઈ ખાસ દેખાતું નથી, બે-ત્રણ BLO દ્વારા મળેલી માહિતી મુજબ એમના સિનિયર અધિકારીઓ દ્વારા એવું BLO ને દબાણપૂર્વક કહેવામાં આવ્યું કે તમારે એવું બતાવવાનું છે કે અમારું સો એ સો ટકા કામ પૂર્ણ

અનુસંધાન પાના ૭ પર

# જામનપાડા ગામની ખો-ખો ટીમનો જિલ્લા સ્તરે ગૌરવપૂર્ણ વિજય

સુરત, તા.૧૪

જામનપાડા ગામની ખો-ખો ટીમે ભગવાન બિરસા મુન્ડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલ ‘‘ખેલ મહાકુંભ ૨૦૨૫’’ અંતર્ગત યોજાયેલી જિલ્લા સ્તરની ખો-ખો સ્પર્ધામાં ઓપન એજ (ભાઈઓ) કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવી એક અનોખું ગૌરવ મેળવ્યું છે. આ વિજય માત્ર ટીમ માટે જ નહીં પરંતુ સમગ્ર જામનપાડા ગામ માટે ગૌરવની સિદ્ધિ સાબિત થયો છે. ટીમે શરૂઆતમાં ગીતા મંદિર હાઈસ્કૂલ, પાટી ખાતે યોજાયેલી તાલુકા સ્તરની સ્પર્ધામાં ઉત્તમ રમતકૌશલ્ય સાથે પ્રથમ અને દ્વિતીય સ્થાન હાંસલ કરી પોતાના પ્રભુત્વનો પરચો આપ્યો હતો. ત્યારબાદ ૧૨-૧૧-૨૦૨૫ના રોજ યોજાયેલી જિલ્લા સ્તરની સ્પર્ધામાં, ટીમે શિસ્ત, એકતા અને સમર્પણના બળ પર અદભૂત પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ સફળતાનું શ્રેય ટીમના કુશળ માર્ગદર્શકો કોચ સુરેશભાઈ બી. પટેલ, અમૃતભાઈ બી. પટેલ, અરુણભાઈ એન. પટેલ અને મેહુલકુમાર ડી. પટેલને જાય છે, જેમણે ખેલાડીઓમાં આત્મવિશ્વાસ, સંકલ્પ અને ટીમસ્પિરિટ જાગૃત કરી શ્રેષ્ઠ માર્ગદર્શન આપ્યું હતું. આ ગૌરવપૂર્ણ વિજય પર જામનપાડા શાળાના સ્ટાફગણ, ગામના આગેવાનો તથા ખેરગામ તાલુકાના આગેવાનોએ ટીમને હાર્દિક અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી છે. સૌએ આશા વ્યક્ત કરી છે કે જામનપાડા ટીમ રાજ્ય સ્તર પર પણ એવી જ ઉત્કૃષ્ટતા સાથે ગામનું નામ રોશન કરશે.

# મોઢ વણિક અડાજણ રાંદેર રોડ મહિલા મંડળનું સ્નેહમિલન

સુરત, તા.૧૪

કાર્યક્રમમાં મહિલા મંડળના પ્રમુખ દક્ષા ગાંધી, પૂર્વ પ્રમુખ કૈલાસ મોદી,ઉપપ્રમુખ ચંદ્રિકા સોપારીવાલા, અરુણા જરીવાલા,મંત્રી જયના સોપારીવાલા,ખજાનચી ઉષા ગાંધી, કમિટી સભ્ય અનિશા જરીવાલા, હિના પીપવાલા, રેખા ગાંધી, સ્મિતા મોદી અને ૨૦૦થી વધુ મંડળની સભ્ય બહેનો ઉપસ્થિત રહ્યા હતા.અને કાર્યક્રમમાં ગીત સંગીત અને ગરબાની મજા માણી હતી. કાર્યક્રમ નું સંચાલન સ્મિતા મોદી એ અને આભારવિધિ ચંદ્રિકા સોપારીવાળા એ કરી સ્નેહ મિલન સમારંભ નું સમાપન કર્યું હતું.

# ઓલપાડની તળાદ વિભાગ માધ્યમિક શાળાનું ગૌરવ

સુરત, તા.૧૪



ઓલપાડ તાલુકાની તળાદ વિભાગ માધ્યમિક શાળા, તળાદમાં ધોરણ- ૧૨ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી જૈમિન બિપીનભાઈ માલવિયા અંડર ૧૯ ક્રિકેટ ટીમમાં સુરત જિલ્લામાંથી પસંદગી પામી ગાંધીનગર મુકામે યોજાયેલ રાજ્ય કક્ષાનાં શાળાકીય ક્રિકેટ કેમ્પમાં ભાગ લઈ પરિવાર તેમજ શાળાનું ગૌરવ વધારેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ હોનહાર વિદ્યાર્થી જૈમિને એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં સમગ્ર શાળામાં અગ્ર સ્થાન હાંસલ કર્યુ હતું. તેને શાળાનું ગૌરવ વધારવા બદલ સ્થાનિક કેળવણી મંડળ તેમજ તળાદ શાળા પરિવારે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં.

## સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે

# નવસારી જિલ્લામાં દરેક વિધાનસભા વિસ્તરોમાં ‘યુનિટી માર્ચ’નું આયોજન

## જિલ્લા કક્ષાની ‘યુનિટી માર્ચ’ પદયાત્રા ૧૬ નવેમ્બરના રોજ સવારે ૮:૩૦ કલાકે ફુવારા સર્કલ થી ઇટાવાળા સુધી યોજાશે

નવસારી, તા.૧૪

ભારત સરકારના યુવા બાબતો અને રમત-ગમત મંત્રાલયના દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી નિમિતે સમગ્ર ભારતમાં ‘‘ યુનિટી માર્ચ’’ પદયાત્રાનું રાષ્ટ્રીય સ્તરે આયોજન થઈ રહ્યું છે. જે અન્વયે જિલ્લા સેવા સદન સભા ખંડ ખાતે જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ પ્રેસ કોન્ફરન્સ દ્વારા ‘‘યુનિટી માર્ચ’’ પદયાત્રાની વિસ્તૃત માહિતી આપી હતી .

કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ પ્રેસ કોન્ફરન્સમાં ‘‘ યુનિટી માર્ચ’’ પદયાત્રાની વિસ્તૃત વિગતો મીડિયાને આપતા જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા સરદાર@૧૫૦ યુનિટી માર્ચ (Sardar@150 Unity March) શરૂ કરી છે . જે લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિને સમર્પિત છે. આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમનો હેતુ યુવાનોમાં એકતા, દેશભક્તિ અને ફરજ ભાવનાને જાગૃત કરવાનો છે.. આ અભિયાન દ્વારા યુવાનોને એક ભારત અને આત્મનિર્ભર ભારતના આદર્શને અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવશે.આ પહેલનો ઉદ્દેશ્ય યુવાનોમાં રાષ્ટ્રીય ગૌરવ વધારવો, સમાજ પ્રત્યેની જવાબદારી વધારવા અને એકતાની ભાવનાને મજબૂત બનાવવાનો છે. `તેમણે વધુમાં તેમણે ઉમેર્યું કે, સરદાર પટેલની ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત ‘‘ યુનિટી માર્ચ’’ પદયાત્રા નવસારી જિલ્લામાં દરેક વિધાનસભા પ્રમાણે પદયાત્રા યોજાશે. જે અંતર્ગત ૧૭૫ નવસારી વિધાનસભા મત વિસ્તારમાં જિલ્લા કક્ષા પદયાત્રા ૧૬ /૧૧/૨૦૨૫ સવારે ૮:૩૦વાગે ફુવારા સર્કલ થી ઈટાળવા સુધી ,૧૭૭ વાંસદા વિધાનસભા મત વિસ્તારમાં તા.૧૭/

અનુસંધાન પાના ૭ પર

# સુરત મનપા દ્વારા ઠેર-ઠેર હાથ ધરાયેલી સફાઇ ઝુંબેશ


## વિવિધ નદી કિનારાઓ પર સફાઈ અભિયાન યોજાયું



સુરત, તા.૧૪

ભારત સરકારશ્રી દ્વારા ૨જી ઓક્ટોબરનાં રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીનું આહવાન કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશનનાં ૧૧ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે "સ્વચ્છતા હી સેવા-૨૦૨૫’’ ને‘‘સ્વચ્છોત્સ્વ’’પખવાડિયા તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય દ્વારાનિર્મળ ગુજરાત ૨.૦ની કામગીરી તેમજ આગામી સ્વચ્છ સર્વેક્ષણની પ્રાધાન્યતાને ધ્યાને લઈને સમગ્ર રાજયમાંતા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તા.૩૧ઓક્ટોબર, ૨૦૨૫ સુધી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. સ્વચ્છભારતમિશનઅર્બન, ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યની તમામ મહાનગરપાલિકાઓમાં તા.૧૨ નવેમ્બર, ૨૦૨૫ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી દૈનિક સફાઈ કામગીરી સાથે થીમ આધારીત સફાઈ કામગીરી હાથ ધરવાનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે. જે અંતર્ગતતા.૧૩-૧૧-૨૦૨૫ના રોજ "સ્વચ્છતા હી સેવા-૨૦૨૫" દૈનિક સફાઈ કામગીરી ઉપરાંત નદી, તળાવ, સરોવર, સમુદ્રકિનારાનીસફાઈ વરસાદીપાણીનાનાળા/ટ્રેશક્લીનર્સ/ ચેકપોઈન્ટ્સની થીમ આધારીત સફાઈ અને સ્વચ્છતા ડ્રાઈવનું આયોજન કરેલ હતું.આજ રોજ આયોજિત સ્વચ્છતા ડ્રાઈવ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં નાવડી ઓવારો, વરાછા ઝોન-એ માં સિદ્ધકુટીર ઓવારો, કાપોદ્રા, ન્યુ સરથાણા

અનુસંધાન પાના ૭ પર



## સુરત મહાનગર પાલિકામાં

# આશ્રિતોની નોકરીના ઓર્ડર જારી કરવા યુનિયન દ્વારા રજૂઆત

## અનેક વખત રજૂઆત છતાં ૪૫ ફાઇલો લાંબા સમયથી પેન્ડીંગ

સુરત, તા.૧૪

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારીઓનું જો ચાલુ ફરજ દરમ્યાન મૃત્યુ થાય તો,તેના એક આશ્રિતને તેમજ જો કોઈ કર્મચારી અનફીટ થાય તો તેવા કર્મચારીના એક આશ્રિતને નોકરી આપવાના ઠરાવો થયેલ છે. જે ઠરાવો મુજબ મૃત્યુ પામેલ કર્મચારીઓ તથા અનફીટ થયેલ કર્મચારીઓના આશ્રિતોને નોકરી આપવામાં આવે છે. પરંતુ છેલ્લા ૩ વર્ષ કરતાં વધુ સમયથી ચાલુ ફરજ દરમ્યાન મૃત્યુ પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીના આશ્રિતોને નોકરી આપવામાં આવેલ નથી.અમારી માહીતી મુજબ ૪૫ જેટલા કર્મચારીઓની યાદી છે. જે તમામ કર્મચારીઓના કુટુંબના આશ્રિતને નોકરી મળેલ ન હોવાને કારણે તેઓના પરિવારનું ભરણપોષણ કરવામાં ખુબ જ મુશ્કેલીઓ પડી રહેલ છે.આ બાબતે તમામ યુંનીયનો ધ્વારા વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરેલ છે. છતાં કોણ જાણે કેમ ? આ કર્મચારીઓને આજદિન સુધી નોકરી આપવામાં આવેલ નથી. સુરત મહાનગરપાલિકા એક સ્થાનિક સ્વારાજયની સંસ્થા છે.તેમાં જે ઠરાવો સામાન્ય સભા કે સ્થાયી સમિતિમાં કરવામાં આવેલ હોય તે ઠરાવોનું પાલન અધિકારીઓએ કરવાનું રહે છે. છતાં પણ

અનુસંધાન પાના ૭ પર

# શ્રી ગટુ વિદ્યાલયના શિક્ષકોનું ખેલ મહાકુંભ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન

અંકલેશ્વર, તા.૧૪

તારીખ ૧૩/ ૧૧ /૨૦૨૫ ના રોજ ડીએ આનંદપુરા સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે ખેલ મહાકુંભ તાલુકા લેવલની રસ્સા ખેંચ સ્પર્ધા નું આયોજન થયેલ હતું. આ સ્પર્ધામાં અંડર ૪૦ કેટેગરીમાં શાળાના શિક્ષકોએ ભાગ લીધેલ હતો. તેઓનો તૃતીય ક્રમાંક પ્રાપ્ત થયેલ છે તેઓને ૪૫૦૦/- પુરસ્કાર પ્રાપ્ત થશે. હંમેશા શાળાના સ્પોર્ટ સંચાલક શ્રીમતી નિલમ સુણવા




અનુસંધાન પાના ૭ પર

# અજબ ગજબની દુનિયા

## પેટનો ખાડો પૂરવા માણસ કોઈ પણ હદે જઈ શકે છે એવા અસંખ્ય ઉદાહરણ જાણ્યા હશે- સાંભળ્યા હશે. બે ટંકના રોટલા ભેગા થવા માણસ કોઈ પણ કામ કરવા તૈયાર થઈ જતો હોય છે. ૩૮ વર્ષની જાપાનીઝ વ્યક્તિ 'પેટ કરાવે વેઠ'નું એકવીસમી સદીનું અનન્ય ઉદાહરણ છે

ટાકુયા હિગાશિમોટો નામના શખ્સ બેકાર હતા. નોકરી નહોતી એટલે આવક પણ નહોતી. નિષ્ક્રિય મન શેતાનનું ઘર હોય છે એ કહેવત અનુસાર શ્રીમાનનું મગજ એવી અવળું દોડ્યું કે બે વર્ષ સુધી પેટપૂજાનો પ્રબંધ થઈ ગયો. આજકાલ ઓનલાઇન ફૂડ ડિલિવરી માટે ઍપના ઉપયોગનું ચલણ ખાસ્સું વધી ગયું છે.

આ વ્યક્તિએ ભોજનનો ઓર્ડર આપતી વખતે કોન્ટેક્ટલેસ ડિલિવરીનો વિકલ્પ પસંદ કર્યો. આ પ્રકારની ડિલિવરીમાં માલ વ્યક્તિને હાથોહાથ નથી આપવામાં આવતો, પણ કોઈ નક્કી કરેલી જગ્યાએ વસ્તુ મોકલી દેવામાં આવે છે અને પછી ઓર્ડર આપનારી વ્યક્તિને એસએમએસ કે ઍપ અથવા ઈ મેઈલથી જાણ કરવામાં આવે છે.

ટાકુયા ભાઈએ જુદા જુદા ૧૨૪ નકલી એકાઉન્ટ ખોલ્યા હતા અને દરેક વખતે ફૂડ પેકેટ મળ્યા હોવા છતાં ડિલિવરી મળી જ નથી એવો દાવો કરી પેટપૂજા કરી લેતો હતો અને રિફંડ પોલિસીનો ગેરલાભ લઈ ચૂકવેલા પૈસા પાછા મેળવતો હતો. 'આમ કે આમ ગુટલિયોંકે ભી દામ' કહેવતનું કેવું અવળું ઉદાહરણ.

અજબ દુનિયાની ગજબ ઘટનામાં કરોળિયાની કમાલની કહાણી જાણી હેરત પામી જશો. બે યુરોપિયન દેશ ગ્રીસ અને અલ્બેનિયાની સરહદ પર પ્રાણી જીવ પર સંશોધન કરી રહેલા વૈજ્ઞાનિકોને દલ્લો હાથ લાગ્યો છે. કરતા જાળ કરોળિયોની એકવીસમી સદીની કથામાં બે પ્રજાતિના સ્પાઈડરના વિશિષ્ટ સહજીવનની આશ્ચર્યચકિત કરી દેતી સ્ટોરી જાણવા મળી છે.

સાયન્ટિફિક જર્નલના અહેવાલ અનુસાર ગંધકની ગુફા (સલ્ફર કેવ)માં ૧૧૦૦ ચોરસ ફૂટમાં અંદાજે એક લાખ અગિયાર હજાર કરોળિયા રહેતા હોવાની જાણકારી આપવામાં આવી છે. આંકડા કરતાં વધુ અદભુત વાત તો એ છે કે આ બંને પ્રજાતિને એકબીજા સાથે બાપે માર્યા વેર છે. એ શિકારી છે અને બીજી જાતિ ખુદ શિકાર છે.

સિંહ ને હરણ એક ઘરમાં સાથે રહે એ કલ્પના પણ ન કરી શકાય, પણ યુરોપમાં અસંભવ સંભવ બન્યું છે. કુદરતની આ કમાલનું કારણ જાણવાના પ્રયાસમાં એવું તારણ નીકળ્યું છે કે ગુફામાં પ્રકાશના અભાવના કારણે શિકારી કરોળિયાનું ધ્યાન શિકાર કરવાના કરોળિયા પર નથી પડ્યું અને નોળિયો-સાપ સહવાસ શક્ય બન્યો છે. વૈજ્ઞાનિકો અને નિસર્ગ પ્રેમીઓ માટે ઘી-કેળાં સાબિત થયેલું આ સંશોધન હોરર ફિલ્મ માટે નિમિત્ત બનશે એવી ગણતરી મુકાઈ રહી છે.

લગ્નના સૂટને જ હૉર્ડિંગ બનાવી ખર્ચ કાઢી લીધો

'સૌથી ઠંડાગાર પ્રદેશમાં વસતા એસ્કિમોને રેફ્રિજરેટર વેચી આવે એ કમાલનો સેલ્સમેન કહેવાય' એવી વ્યાખ્યા અગાઉ પ્રચલિત હતી. ડેગોબેક રેનોફ નામના ફ્રેન્ચ સેલ્સમેનએ જાતને જ પ્રોડક્ટ બનાવી ધામધૂમથી મેરેજ કરવાની વાગ્દત્તાની મનોકામના પૂરી કરી. વાત એમ હતી કે ભાઈ સાહેબ આર્થિક રીતે ભાંગી પડ્યા હતા પણ મેરેજના ખર્ચને પહોંચી વળવા સોશ્યલ મીડિયા પર તેણે જાહેર કરી દીધું કે રંગેચંગે લગ્ન સંપન્ન કરવા પોતે જ 'હ્યુમન બિલબોર્ડ' યાને કે માનવ હૉર્ડિંગ બની જશે.

જો કોઈ કંપની પોતાની પ્રોડક્ટ કે સર્વિસનું પ્રમોશન કરવા માગતી હોય તો લગ્ન માટે ખાસ સીવડાવેલા નવાનક્કોર સૂટ પર નિશ્ચિત જગ્યા પર પૈસા ચૂકવી એડવર્ટાઈઝમેન્ટ મૂકી શકશે. આ પોસ્ટ વાયરલ થઈ અને એના મેરેજ સૂટ પર વિવિધ વિજ્ઞાપન લાગ્યા જેના માટે વરરાજાને દસ હજાર ડૉલર (આશરે ૮ લાખ ૮૦ હજાર રૂપિયા) મળ્યા.

લગ્નના દિવસે રેનોફના સૂટ પર ૨૬ જેટલાં સ્ટાર્ટઅપની જાહેરાત દેખાઈ રહી હતી, જેની હાજરીને કારણે સપનું સાકાર થઈ શક્યું હતું. જોકે, વિવિધ બ્રાન્ડના નામ સાથે તાત્કાલિક સૂટ સીવડાવવા માટે ભાઈસાહેબે ૫૨૦૦ ડૉલર ચૂકવવા પડ્યા હતા અને ૨૫૦૦ ડૉલરનો ટેક્સ ભરવો પડ્યો હતો.

વાત અહીં પૂરી નથી થતી. લગ્ન ખર્ચ માટે એડવર્ટાઈઝમેન્ટ મેળવવાના સેલ્સમેનના સફળ આઈડિયાથી પ્રભાવિત થઈ ન્યૂયોર્કની એક સ્ટાર્ટઅપ કંપનીએ એને સારા પગારની નોકરીએ રાખી લીધો. આને કહેવાય એક આઈડિયા જો બદલ દે દુનિયા.


**છૂટાછેડાના કેસમાં બિલાડીની બોલબાલા**


જીવનમાં માણસ માણસ માટે અભાવ વધી રહ્યો છે અને મનુષ્યને પાળેલા પ્રાણી માટે પ્રભાવ કેવો અને કેટલી હદે વધી કઈ દિશામાં આગળ વધી રહ્યો છે એ સમજવા એશિયા અને યુરોપ એમ બે દેશમાં વસેલા ટર્કી અથવા તુર્કી એનો આ કિસ્સો જરૂર જાણવો જોઈએ.

દેશના સૌથી મોટા શહેર ઈસ્તંબુલના યુગલના વૈવાહિક જીવનમાં મોટી તિરાડ પડી અને છેડાછેડી બાંધીને એક થયેલા બે હૈયા વિખૂટા પડી છૂટાછેડા લેવા સુધી વાત પહોંચી ગઈ. મતભેદ અને એને પગલે મનભેદ હોવાથી સંસાર ટકાવી રાખવામાં કોઈ સાર નથી એનો એહસાસ થતા બંને પક્ષે અપક્ષ થવાનો નિર્ણય લેવામાં આવ્યો.









અહીં સુધી તો સમજ્યા, પણ અચરજ પમાડનારી વાત હવે આવે છે. ડિવોર્સની કંડિશન્સમાં એકબીજા પાસેથી આર્થિક જરૂરિયાત કે ભરણપોષણની માગણીનો આગ્રહ નહોતો રાખવામાં આવ્યો. બલ્કે એક એવી શરત મૂકવામાં આવી જે જાણી અનેક લોકોની આંખો આશ્ચર્યથી ફાટી ગઈ. છૂટાછેડાના કાગળિયામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે સહજીવન દરમિયાન પાળેલી બંને બિલાડીનો કબજો પત્નીને સોંપી દેવો અને ૧૦ વર્ષ સુધી બિલાડીઓના ભરણપોષણ માટે એક્સ હસબન્ડે દર ત્રણ મહિને ૧૦ હજાર લિરા (આશરે ૨૧ હજાર રૂપિયા) ભૂતપૂર્વ પત્નીને ચૂકવી દેવાના.

દર વર્ષે ફુગાવાના દરને હિસાબે આ રકમમાં વધારો કરવામાં આવશે એવો ખુલાસો પણ કરવામાં આવ્યો છે. આ અભૂતપૂર્વ કરાર ભવિષ્યમાં ડિવોર્સના પગલે પાળેલાં પ્રાણીઓ સંદર્ભે એક અનોખી મિસાલ બની રહેશે એવું માનવામાં આવી રહ્યું છે. છૂટા થયા પછી જો પતિને અહાંગળો લાગે તો બિલાડીને મળવાની છૂટ છે કે નહીં એની કોઈ સ્પષ્ટતા નથી કરવામાં આવી.

**લ્યો કરો વાત!**

માલેતુજાર લોકો પોતાની ઈચ્છા કે અહમ સંતોષવા મોટા પૈસા ખર્ચી ધામધૂમથી લગ્ન કરે એ એમની મુન્સફીનો સવાલ છે. જોકે, એવા અનેક વિવાહ સંપન્ન થતાં હોય છે જેમાં ખેંચાઈને-દેવું કરી લગ્ન લેતા હોય છે.

મધ્ય પ્રદેશના ભોપાલ શહેરમાં સાદાઈથી અગ્નિની સાક્ષીએ અને વૈદિક પરંપરા અનુસાર મંત્રોચ્ચાર સાથે સાત ફેરા ફરી લગ્ન લેવામાં આવી રહ્યા હોવાની વાત રાહત આપનારી છે. આ લગ્ન પ્રસંગે નથી કોઈ ડીજે હોતા કે ન કોઈ બેન્ડ-બાજા બારાત કે લગ્ન મંડપની ભવ્ય સજાવટ પણ નથી હોતી.

દહેજના દૂષણને પણ ડામી દેવામાં આવ્યું છે. નથી કોઈ કરિયાવર કરવામાં આવતો કે નથી કોઈ વ્યવહારનો આગ્રહ રાખવામાં આવતો. સીમિત મહેમાન, સાદું પૌષ્ટિક ભોજન અને પ્લાસ્ટિક કે થર્મોકોલનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળી પર્યાવરણની પણ દરકાર કરવામાં આવી છે. આને કહેવાય બરબાદી વગરની શાદીપ !



# ઔર યે મૌસમ હંસી... : સ્પીકર ફોન ચાલુ કરીને વાતો કરવી કેટલી યોગ્ય?

## મોબાઈલનો સ્પીકર ફોન ચાલુ કરીને વાત કરવી એ આધુનિક સમયની સુવિધા છે, પરંતુ તેના સાથે કેટલીક મહત્ત્વની વાતો ધ્યાનમાં રાખવી જરૂરી છે જેથી અન્યને અસુવિધા ન થાય અને વાતચીતની ગોપનીયતા જળવાઈ રહે.

માણસજાતની દેખાડા કરવાની વૃત્તિ અથવા પોતે બીજાઓ કરતાં વિશેષ છે એટલું સિદ્ધ કરવા માટે સામી વ્યક્તિની પરવાનગી વગર સ્પીકર ફોન પર વાતો કરતો હોય છે. સામાન્ય સંજોગો માં સ્પીકર ફોન પર વાત કરવી હોય તો વાત કરનારની સંમતિ હોવી જરૂરી છે, પણ યહાં કૌન કીસ કી સુનતા હૈ?

આપણી પાસે મોબાઈલ આવી ગયો પણ તેના એટીકેટ મહદઅંશે પહોંચ્યા નથી. ત્રણ દાયકાથી મોબાઈલનો વપરાશ કરીએ છીએ ત્યારે આ વિષય સાવ આઉટડેટેડ હોવો જોઈએ, છતાં સ્પીકર ફોનને લઈને આજે પણ ઠપકો આપવો પડે એવી સ્થિતિ હોય છે.

ઘણીવાર મિત્રોનો ફોન આવે એટલે થાય કે વાતમાં ખાનગી રાખવા જેવું કશું નથી અને અચાનક દોસ્તીના દાવે એ અપશબ્દ વાપરે ત્યારે મિત્રની બિનજરૂરી ઈમેજ પરિવારમાં ખરડાવવાનો આપણને અધિકાર હોતો નથી. ક્યારેક કોઈ એવી વાત નીકળી જાય જે બધા માટે જાણવી જરૂરી હોતી નથી, છતાં સ્પીકર મહત્ત્વના એટીકેટનો મુખ્ય ભાગ છે.

જ્યારે તમે સ્પીકર ચાલુ કરો છો તો સામેવાળી વ્યક્તિને તરત જ કહો કે હું સ્પીકર પર વાત કરી રહ્યો છું અથવા જો અન્ય લોકો હાજર હોય તો અમારી આસપાસ અન્ય લોકો છેપ તેથી વાત સ્પીકર પર છે. આનાથી સામેવાળાને તેમની વાતની ગોપનીયતા વિશે જાગૃત કરી શકાય છે અને એ તે મુજબ વાત કરી શકે છે.

જો તમે કોઈની સાથે હો અને સ્પીકર પર વાત કરવા માગતા હો, તો બીજી વ્યક્તિને પરવાનગી પૂછવી જ જોઈએ. જો તમે જાહેરમાં હો તો બીજી વ્યક્તિને કહો કે તમે સ્પીકર પર છો અને અન્ય લોકો સાંભળી શકે છે, જેથી સામેવાળો વ્યક્તિગત વાતો ટાળી શકે.

ઘણા નિષ્ણાતો માને છે કે બિનજરૂરી સ્પીકર વાપરવું એ અસભ્ય છે. જો તમે વેહિકલ ચલાવતા હોય અથવા તમારો હાથ કોઈ કામમાં વ્યસ્ત ન હોય તો સ્પીકર બંધ રાખવું જોઈએ.

ઘણીવાર વ્યક્તિ એવું માનતી હોય છે કે સ્પીકર ફોન પર વાત કરવાથી લોકોની નજરમાં ખાસ બની શકે છે, હકીકતમાં મહદંશે કોઈને તમારી વાતમાં રસ હોતો નથી. જાહેર સ્થળો જેમ કે બસ, ટ્રેન, કાફે કે ઓફિસમાં સ્પીકર પર વાત કરવી ટાળો, કારણ કે તે આસપાસના લોકોને વિરોધ કરી શકે છે અને એમને તમારી વાતચીત સાંભળવી પડે છે જે એ ઈચ્છતા નથી.

સાથે એ પણ ખ્યાલ રાખો કે સ્પીકર પર વાત કરતી વખતે અવાજની ક્વોલિટી ખરાબ થઈ શકે છે, તેથી શાંત જગ્યાએ રહીને વાત કરવામાં પણ મજા આવશે. આપણે કોઈ આરજે કે સોશ્યલ મીડિયાના ઈન્ફ્લૂએન્સર નથી કે આપણી વાતોથી કોઈ ઈમ્પ્રેસ થાય. ઘણાને આદત હોય છે કે પોતે બધા કરતાં વિશેષ છે, મારે એક મીટિંગ ચાલે છે કે હું કોઈ અગત્યની મીટિંગની તૈયારી કરી રહ્યો છું વગેરે વાત બીજાઓની હાજરીમાં કરવી.

સાયકોલોજીની ભાષામાં જેને 'નાર્સિસિઝમ'નું એક સ્વરૂપ 'નાર્સિસ્ટિક' પર્સનાલિટી ડિસઓર્ડરનું લક્ષણ છે. વ્યક્તિ અન્યની અસુવિધા પર ધ્યાન આપતા નથી અને તેમનું વર્તન 'અસભ્ય' લાગે છે. એ માની લે છે કે તેમની વાતચીત અન્યને બોર નહીં કરે, પરંતુ વાસ્તવમાં તે અન્યને ત્રાસ આપે છે. આ વર્તન 'ઈગોસેન્ટ્રીઝમ એગોસેન્ટ્રિઝમ'નું પરિણામ છે, જ્યાં વ્યક્તિ પોતાની વ્યસ્તતા અથવા ઈમેજ પર એટલું ધ્યાન કેન્દ્રિત કરે છે કે અન્યની અસુવિધા ભૂલી જાય.

અગાઉ એક અમેરિકન સર્વેમાં ૭૮ ટકા લોકોએ જાહેરમાં સ્પીકર વાપરવા પર નફરત વ્યક્ત કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે દર ચોથી વ્યક્તિને સ્પીકર ફોન પર વાત કરવી ગમે છે એવું પણ તારણ આવ્યું હતું.

કોર્પોરેટ જગતમાં આમ તો સ્પીકર પર વાત કરવી એ અસભ્યતા માનવામાં આવે છે, બીજા સાથીઓ ડિસ્ટર્બ થઈ શકે છે. આમ છતાં મીટિંગના ભાગરૂપે સ્પીકર ફોન પર વાત કરતાં હોઈએ તો હાજર રહેલી દરેક વ્યક્તિનો તેના હોદ્દા સાથે પરિચય કરાવવો જોઈએ.

બાકી કેટલાક તો જાહેરમાં સામી વ્યક્તિને એવા પ્રશ્ન પૂછે કે જેનો જવાબ આપવો પણ મુશ્કેલ બની જાયપ 'તું ફલાણાંને લગ્નમાં બોલાવવાનો છે કે નહીં' જેવા સવાલ કે પછી અંગત જીવનને લગતા સવાલ પૂછીને શરમમાં નાખવાની મજા અમુક નમૂના માણે છે.

સામાન્ય સંજોગોમાં સ્પીકર ફોન પર વાત કરતી વેળાએ કમસેકમ દશ ફૂટનું અંતર રાખવાની ટેવ પાડવી જોઈએ. સ્પીકર ચાલુ રાખવાની કેટલાય લોકો મજા લેતા હોય છે એવી રીતે એક અલગ વર્ગ છે જે કોઈક અજ્ઞાત મનોવૈજ્ઞાનિક કારણોસર સ્પીકર ફોનથી ડરતો હોય છે. કોઈ વ્યક્તિ સ્પીકર ફોન પર વાત કરતી જોઈને ગુસ્સે થઈ જતી હોય છે.આવી વ્યક્તિને મુખ્યત્વે ક્રોનિક કમ્પ્લેઈનર અથવા હાઈપર-ક્રિટિકલ પર્સનાલિટી કહેવાય છે, જેમાં એ અન્યના વર્તન અને એટીકેટની ભૂલો પર સતત ફોકસ કરે છે અને તેની ફરિયાદ કરતા રહે છે. સરળ શબ્દમાં સતત ફરિયાદ કરતી વ્યક્તિને સાયકોલોજીમાં પર્સનાલિટી ટ્રેઈટ તરીકે જોવામાં આવે છે, જેમાં એ અન્યના વર્તનને પોતાને પસંદ હોય એ રીતે ફિક્સ કરવા માગતા હોય છે.

બીજાની ભૂલની ફરિયાદ કરતા રહેવું એ પણ સમસ્યારૂપ છે. મોબાઈલ યુગમાં આવી ભૂલોને એક બે વખત ટોક્યા પછી માફ કરવાની અથવા એ તરફ બેધ્યાન રહેવાની આદત લોકોએ કેળવવી જોઈએ.

સ્પીકર ફોનની સમસ્યા વીડિયો કોલ કરતી વેળા વધુ સતાવતી હોય છે. વિદેશથી સંતાનનો ફોન આવે એટલે હરખપદૂડા માતા-પિતા જાહેરમાં ઠપકો આપવા કે અંગત વાતો કરવા લાગે છે. રેસિપીની ચર્ચાઓ બીજા સાંભળે એ રીતે કરે છે, જેથી બીજાઓને પોતાના સંતાન વિદેશમાં છે એ ખબર પડે. કેટલાક લોકોને અર્ધજાગૃતપણે એવું લાગે છે કે એ પોતે જ એકલા દુનિયાના કેન્દ્રમાં છે અને તેમની વાતચીત સૌથી મહત્ત્વપૂર્ણ છે.

# કચ્છી ચોવકઃ વિશેષ વ્યક્તિઓની સ્મૃતિ અપાવે રૂઢિપ્રયોગ!

પ્રત્યેક ભાષામાં ક્યારેક વ્યક્તિવાચક નામોના પ્રયોગ જાતિવાચક તેમ જ વિશેષણોના રૂપમાં થતા જોવા મળે છે. ખાસ કરીને રૂઢિપ્રયોગોમાં તેમનાં નામ, ગુણ કે પાત્રતા તેમના ભૌતિક દેહ નષ્ટ થયા પછી પણ સ્મૃતિરૂપે રહે છે. એ જ્યારે રૂઢિપ્રયોગના રૂપે પ્રયુક્ત થાય છે ત્યારે તે રૂપો સાંભળતાં જ પ્રાચીન સ્મૃતિઓ જાગૃત થઈ જતી હોય છે.

કચ્છના જનજીવનમાં વણાયેલા, કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓના સ્મારકરૂપે કેટલાક રૂઢિપ્રયોગો આજે પણ પ્રયોજાતા હોય છે. જેમ કેઃ 'ફૂલણસી આય.' કચ્છના એક રાજવીનું નામ લાખો ફૂલાણી હતું અને એ દાનેશ્ર્વરી હતા. દાન આપવામાં પાછા ન પડતા, પરંતુ આજે ગજું ન હોવા છતાં દાન આપવામાં ચડસાચડસીમાં ઊતરનાર વ્યક્તિને સંબોધીને વ્યંગમાં કહેવામાં આવે છેઃ 'ફૂલણસી.બહુ ઓછા લોકોને વિદિત હશે કે, મધ્યકાલીન ગુજરાતમાં કચ્છ પ્રદેશ 'લાટઆય' એટલે કે 'સુંદર' છે એવો શબ્દ પ્રયોગ રૂઢ થયેલો છે. કચ્છમાં એ લાટ રાજપુરુષોની યાદ અપાવી દે તેવો રૂઢિપ્રયોગ પ્રચલિત છેઃ 'લાટ માડુ લગે તા'એ એક અનોખો અને રસપ્રદ વિષય છે.- ગુજરાતના ઈતિહાસમાં સિદ્ધરાજનું નામ અજાણ્યું નથી. એ સિદ્ધરાજના અમાત્યનું નામ 'દાદાક' હતું અને તે બહુ મુત્સદ્દી પણ હતા. તેમના નામ પરથી કચ્છમાં એક પ્રયોગ રૂઢ થયો હોવાનું તારણ મળે છે કે, 'જબરો' છે એમ કહેવા માટે કચ્છીમાં 'ધા-ધાકઆય' જેવા શબ્દોનો પ્રયોગ આજ પણ થતો રહ્યો છે.અપ્સરા સમાન સુંદર સ્ત્રીના સૌંદર્યની નવાજેશ કરવા તેને 'હોથલ પદમણી' કહેવાનું હજુ આજે પણ પ્રયોજાય છે. એટલું જ નહી એ જ શબ્દોનો પ્રયોગ વ્યંગ કે કટાક્ષમાં પણ કરવામાં આવતો હોય છે. જેમ કે કોઈ કાળી કે કુરૂપ ક્ધયા કે સ્ત્રી માટે 'હોથલ પદમણી' કહીને વ્યંગ કરવામાં આવે છે!સાધુ, સંત કે ગુરુ જેવી સન્માનનીય વ્યક્તિઓની યાદોને વણી લેતા રૂઢિપ્રયોગો પણ કચ્છીમાં જોવા મળે છે. 'ગુરુકેણા' એટલે કે કોઈને ગુરુપદે સ્થાપવા. 'ટૂબી ડીણી' એ પ્રયોગ જ્ઞાનસાગરમાં ડૂબકી આપનાર માટે કરવામાં આવે છે. શબ્દાર્થ છેઃ ડૂબકી મારવી. 'અભધૂત ભનણું'- (અવધૂત બનવું) અર્થાત સદ્કાર્ય પાછળ મગ્ન બની જવું. 'અડો જમાયણું' એ આમ તો સાધુ-બાવાઓ જ્યાં સ્થાનક સ્થાપે તે સ્થળ હોવાનો અર્થ અભિપ્રેત છે. તો વળી ગુંડા-મવાલીઓ જ્યાં પડયા પાથર્યા રહેતા હોય કે, જુગારીઓ જ્યાં નિયમિત જુગાર રમવા મળતા હોય એ સ્થળોને પણ 'અડો' કહેવામાં આવે છે.કોઈ વ્યક્તિ જ્યારે કોની સંપત્તિ હડપ કરીને તેને ભીખ માગવી પડે તેવી સ્થિતિમાં મૂકી દે ત્યારે તેના માટે એમ કહેવાય છે કે, 'કચલી જલાયણી' કચલી એટલે ફોડેલા નાળિયેરનો કોપરું કાઢી લીધા પછીનો અડધો ભાગ! કાચલી કહેવાય ગુજરાતીમાં. કાચલી પકડાવી દેવી એટલે ભીખ માગતા કરી દેવું!આવા પારકી સંપત્તિ પચાવી પાડીને એશ કરવા વાળા માટે કચ્છીમાં ચોવક છેઃ 'પારકે પૈસે તાગડ ધીનાં' આવા લોકોને સમાજમાં આદર થોડો જ મળે? લોકો તેમને ધિક્કારતા હોય છે અને 'લ્યાનત' આપતા હોય છેઃ ''લખજી લાનત, હી કિતરા ઐં ધે'' લાખ લાખ લ્યાનત આપતો નારાજગી અને કચવાટનો સૂર આ ચોવકમાં જોવા મળે છે.એવા લોકો માટે કુદરતી ન્યાયનું દર્પણ બતાવતી એક ચોવક છેઃ 'હરામ જો ઢીગલો, હકજી કોરી ખણધો વિંઝે' પારકાનું પડાવી લીધેલું કંઈ પચે નહી, એ જવાનું જ હોય અને જ્યારે જાય ત્યારે હકની કમાણી પણ તેની સાથે ચાલી જાય છે. 'કાચલી' પકડાવનારે પોતે 'કાચલી' હાથમાં લેવી પડે!



તંત્રી લેખ...-

શુક્રવાર,તા.૧૪ નવેમ્બર ૨૦૨૫

## કુદરતી આપત્તિઓ ભુલીને રવિ પાકોના વાવેતરમાં ધમધમાટ

દિવાળી બાદ નવા વર્ષના શુભારંભે કુદરત રૂઠતાં કમોસમી વરસાદના લીધે ખરીફ ખેતી નુકસાનકારકમાં ફેરવાઈ જતાં મોટા ભાગના ખેડૂત વર્ગની કમર તુટી ગઈ છે. સરકારી સહાયની અપેક્ષાએ ખેડૂતો આપત્તિની પીડા ભૂલીને શિયાળુ રવિ વાવેતરનો ધમધમાટ શરૂ કર્યો છે. કચ્છ અને ઉત્તર ગુજરાત બેલ્ટની પાક નિષ્ફળ થયેલ ખાલી જમીનોમાં રાયડો, જીરૂ, ચણા જેવા પાકોનું વાવેતરથી નવી શરૂઆત કરી છે. ગુજરાત સહિત દેશભરમાં ઓક્ટોબર સુધીમાં કૃષિ મત્રાલયના આંકડાઓ પ્રમાણે લગભગ ૨૫ થી ૩૦ લાખ હેકટરમાં રવિ પાકોનું વાવેતર થયું છે. અનાજમાં ઘઉંને બાદ કરતાં દાળો તથા તેલીબીયાંના વાવેતરમાં વધારો જોવા મળી રહ્યો છે. હજી વાવેતરની પ્રક્રિયા શરૂ હોવાથી રવિ પાકોનું ખાસ કરીને દાળો તથા તેલીબીયાંનું ઉત્પાદન વધારા તરફ સરકારનું લક્ષ્ય રહ્યું છે.

ખરીફ સીઝન દરમ્યાન સતત માવઠાઓના કારણે ખાસ કરીને દાળો તથા તેલીબીયાંના પાકને ભારે નુકસાન થયું છે. દાળો તથા ખાદ્યતેલોના સસ્તા ભાવે મોટે પાયે વિદેશી આયાતથી સ્થાનિક બજારોમાં પુરવઠો સરપ્લસ રહેવાને કારણે ભાવો ઉપર સતત પ્રેશર રહેતાં ટેકાના ભાવો કરતાં પણ બજારો નીચા સ્તરે રહી છે. તુવેર, અડદ, મગ, સોયાબીન, મગફળી, મકાઈ, બાજરી, જુવાર સહિતના બજારો ટેકાના ભાવો કરતાં નીચા છે. ગત વર્ષ ઓક્ટોબર-૨૦૨૪ ની સરખામણીએ હાલમાં ત્રણ થી ત્રીસ ટકા જેટલી બજાર નીચી છે. ઓક્ટોબરમાં ખરીફ સીઝનનો પાક તૈયાર થઈ ગયો હોવા છતાં સરકારી ખરીદીની કોઈ તૈયારી હોતી નથી. ખેડૂતોનો જીવનનિર્વાહ ખેતી ઉપર હોવા છતાં સરકારની ઢીલી નીતિને કારણે સરયસર ટેકાના ભાવે ખરીદી નહિ થતાં ખેડૂતોને પરાણે ખુલ્લા બજારમાં નીચા ભાવે કૃષિ માલ કાઢી નાખવા મજબૂર થવું પડે છે. તેમાં પણ કડદા સીસ્ટમથી ખેડૂતોની સ્થિતિ દયનીય બની રહી છે. દાળો તથા તેલીબીયાંમાં વિદેશી આયાત ઉપર કંટ્રોલ કરવામાં આવે તો પણ તેવી સ્થિતિ પ્રવર્તી રહી હોવાનું કોમોડિટીના જયવદનભાઈ ગાંધી જણાવે છે.દરમ્યાન જીરા બજાર ઊંઝામાં દિવાળી બાદ હાલમાં લોકલ તથા વિદેશી ડિમાન્ડમાં સુસ્તી હોવાને કારણે જીરા વાયદો પ્રતિ કિલોએ ૨૦૦ ની સપાટી નીચે રહ્યો છે. થોડી ઘણી તેજીના ભણકારા શાંત થયા છે. રવિ સીઝનમાં જીરાનું વાવેતર કેટલું બને કેવું રહે છે તેની બજાર ટકેલી છે. હાલમાં પર્યાપ્ત પુરવઠો અને સ્ટોકને કારણે બજારમાં કોઈ મોટી વધઘટ નથી. ખેડૂતવર્ગ માટે હજુ પણ વીસેક લાખ બોરી જીરા સ્ટોક હોવાની સંભાવના વચ્ચે નવી સીઝન સુધીમાં પાંચેક લાખ બોરીનો વેપાર થાય તો પણ પંદરેક લાખ બોરી માલ જીરામાં કેરી ફોરવર્ડ રહે તેવી ગણતરી ચર્ચાસ્પદ છે. ચીનમાં ખરાબ મોસમના કારણે ઉત્પાદનનું અનુમાન ૭૦ થી ૮૦ હજાર ટન સુધી ઓછું થયું છે. જ્યારે તુર્કી તથા સિરીયા, અફઘાનિસ્તાનમાં ઉત્પાદન હાલમાં ઓછું છે. આમ છતાં ભારતીય નિકાસ ડિમાન્ડ અપેક્ષા કરતાં ઓછી રહી છે. એપ્રિલથી ઓગસ્ટ-૨૦૨૫ દરમ્યાન શિપમેન્ટ ગત વર્ષ કરતાં ૧૭ ટકાના ઘટાડા સાથે લગબગ ૮૨ થી ૮૫ હજાર ટન આસપાસ રહ્યા છે. હાલમાં જીરા વાયદો પ્રતિ ક્વિન્ટલે ૧૯૮૦૦ થી ૨૦૧૦૦ ની રેન્જ બાઉન્ડ સ્થિતિમાં છે.હળદર ઉત્પાદિત મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ તથા કર્ણાટકમાં અતિશય વરસાદને કારણે પાકોને નુકસાનની સ્થિતિ છે. રોગચાળો વધી રહ્યો હોવાથી ઉત્પાદન પણ પ્રભાવિત થવાની વકી છે. જેના લીધે હળદર બજારમાં તેજીનો ચમકારો થતાં હળદર વાયદો પ્રતિ ક્વિન્ટલે રૂપિયા ૧૫૨૦૦ ની સપાટી કુદાવી સતત આગળ વધી રહ્યો છે. જો કે આ વર્ષે હળદરમાં દસેક ટકાના વધારા સાથે વાવેતર નોંધપાત્ર રહ્યું છે. ખેડૂતો પાસે હળદરનો મોટો સ્ટોક હોવાની સંભાવના નહિવત્ હોવાથી પુરવઠો ધીમો પડતાં બજાર તેજી તરફી રહ્યું છે. હળદરમાં સ્થાનિક માંગની સમાંતર વિદેશી માંગ પણ વધતાં બજારમાં આજકાલ ગરમી પકડાઈ છે.

## AI ના વપરાશથી બેન્કોની કાર્યક્ષમતા વધશે પરંતુ ખાતેદારોની પ્રાઈવસી ખૂલ્લી પડવાનું જોખમ

ફ્રેમવર્ક ફોર રિસ્પોન્સિબલ એન્ડ એથિકલ એનેબલમેન્ટ ઓફ આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (ફ્રી-એઆઈ) કમિટિના રિપોર્ટમાં દેશના બેન્કિંગ ક્ષેત્રમાં એઆઈનો ઉપયોગ વધારવા અને નિયમન કરવા એક માળખુ પૂરુ પાડીને દેશના બેન્કિંગ ક્ષેત્રની કામગીરીની પદ્ધતિમાં નવા યુગની છડી પુકારી છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા તૈયાર કરાયેલા આ રિપોર્ટમાં એઆઈને કારણે ઊભી થઈ રહેલી તકો પર પ્રકાશ પડાયો છે એટલું જ નહીં પણ દેશની બેન્કો તથા નાણાં સંસ્થાઓ સામે એઆઈને કારણે ઊભા થઈ રહેલા પડકારો તથા જવાબદારીઓની પણ માહિતી પૂરી પાડવાનો પ્રયાસ કરાયો છે. તૈયાર કરાયેલી માર્ગદર્શિકામાં બેન્કિંગ ક્ષેત્રમાં એઆઈના ઉપયોગ કરવા માટે મજબૂત દેખરેખ, સ્પષ્ટ જવાબદારી, નીતિની રચના, જોખમ સંચાલન તથા નીતિમતા પર ભાર આપવામાં આવ્યો છે. એઆઈના પરિણામોમાં યોગ્યતા તથા વૈવિધ્યતાની ખાતરી રાખવાની યંત્રણા બેસાડવા પર પણ રિપોર્ટમાં ભાર અપાયો છે. સર્વસમાવિષ્ટતાની ખાતરી રહે માટે એલ્ગોરિધમ પૂર્વગ્રહને સક્રિયપણે ટાળવા, તેની નોંધ અને નિરીક્ષણ કરવા બેન્કો પાસે અપેક્ષા રાખવામાં આવી છે.

આ માર્ગદર્શિકા મારફત બેન્કોને એઆઈનો વપરાશ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરાયો છે. જેથી બેન્કિંગ કામકાજમાં સરળતા લાવી શકાય, ગ્રાહકોના જોડાણમાં વધારો થઈ શકે અને જોખમ સંચાલનને બેન્કો મજબૂત બનાવી શકે. બેન્કો માટેના એઆઈ ટુલ્સ અથવા મોડેલ્સ લોન અરજીને ઝડપથી આગળ વધારી શકે છે અને નિયમનકારી ફરજપાલનને પણ પાર પાડે છે. સદર માર્ગદર્શિકા બેન્કિંગ કામગીરીમાં નવી દિશા દર્શાવી રહી છે પરંતુ બેન્ક કામકાજમાં કેટલાક મુદ્દા પર સ્પષ્ટતા થવી જરૂરી હોવાનું નાણાંકીય ક્ષેત્રના આગેવાનો માની રહ્યા છે.

જે બેન્કો દ્વારા એઆઈનો ઉપયોગ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે ત્યાં આગળ સંબંધિત બેન્ક અને એઆઈ વેન્ડર્સ અથવા કંપની વચ્ચે જવાબદારી નિશ્ચિત કરવામાં આવતી નહીં હોવાનું જોવા મળે છે. આધારરૂપ મજબૂત કોન્ટ્રેકટસની ગેરહાજરી અને નજરચૂકને પરિણામે ઊભા થનારા વિવાદોનો ઉકેલ લાવવાનું મુશકેલ બની શકે છે એટલું જ નહીં બેન્કો પણ એઆઈના વપરાશમાં મર્યાદા રાખવાનું સલામત માનશે. એઆઈના વપરાશમાં મડાગાંઠને ટાળવી હશે તો બેન્કો અને વેન્ડરો માટે જવાબદારી નિશ્ચિત થાય તે આવશ્યક હોવાનું પણ નિષ્ણાતો મત ધરાવી રહ્યા છે. આ માટે નિયામકો, બેન્કો અને વેન્ડરો વચ્ચે કરારમાં સહકારભર્યા અભિગમની આવશ્યકતા રહે છે. કોઈપણ ક્ષેત્રમાં એઆઈના ઉપયોગમાં સફળતા ત્યારે જ મળી શકે છે જ્યારે વિશ્વસ્નિય અને ઊંચી ગુણવત્તાના ડેટા ઉપલબ્ધ હોય છે. પૂરતી માત્રાના ડેટાના અભાવે બેન્કિંગ ક્ષેત્રમાં એઆઈનો ઉપયોગ અધૂરો રહે છે. આ ઉપરાંત સતત અપગ્રેડિંગ વ્યવસ્થા પણ એઆઈના વપરાશમાં વધારા માટે આવશ્યક છે.બેન્કિંગ કામકાજ માં એઆઈના ઉપયોગના લાભોની સાથોસાથ કેટલાક જોખમો પણ જોડાયેલા છે. એઆઈના વપરાશમાં સૌથી મોટો પડકાર સાઈબરસિક્યુરિટી સંદર્ભનો રહેલો છે. આ ઉપરાંત ઓટોમેટેડ ડિસિસન મેકિંગ પ્રક્રિયામાં પારદર્શીતાનો અભાવ રહેતો હોય છે. ટેકનોલોજી ક્ષેત્રના નિષ્ણાતોની વાત માનીએ તો એઆઈના ડેવલપરો આ બાબતે કેટલીક મર્યાદાઓ ધરાવતા હોય છે. બેન્કિંગ ક્ષેત્રમાં ખાસ કરીને લોનના વહીવટમાં એઆઈના ઉપયોગ દરમિયાન કોઈપણ ભૂલના કિસ્સામાં જવાબદારી એક વિવાદ બની રહે છે. સ્વતંત્ર કામ કરવાની એઆઈની પ્રકૃત્તિને જોતા કોઈપણ ભૂલના કિસ્સામાં જવાબદારી નિશ્ચિત કરવાનું જટિલ બની શકે છે. સિવાય કે નિયમનકારી માળખા તૈયાર કરાયા હશે તો.

### પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકીઓ લગભગ ત્રણેક દાયકાથી ભારતમાં આતંકવાદી હુમલા કરે છે.

# આપણે આતંકવાદી નેટવર્ક્સને કેમ સાફ નથી કરી શકતા?

**પાકિસ્તાનમાં રહીને કામ કરતાં આતંકવાદી સંગઠનો જવાબદારી લે તેના કારણે ભારતને પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી કરવાનું બહાનું મળી જાય એ કારણ હોય કે બીજું કોઈ કારણ હોય પણ આતંકવાદી સંગઠનો સાવ ચૂપ છે.**

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા બોમ્બ વિસ્ફોટને ત્રણ દિવસ થઈ ગયા અને ત્રણ દિવસ પછી પણ આ બ્લાસ્ટ કોણે કરાવ્યો એ વિશે આપણે અંધારામાં જ ફાંફાં મારી રહ્યા છીએ. અત્યાર લગી એવું થતું કે, ભારતમાં કોઈ પણ આતંકવાદી હુમલો થાય કે તરત પાકિસ્તાનમાં રહીને કામ કરતાં આતંકવાદ સંગઠનોમાંથી કોઈ તેની જવાબદારી લઈને ડંફાશ મારવા કૂદી પડતું. આ વખતે કોઈ જવાબદારી લેવા જ આગળ આવ્યું નથી ને આપણી એજન્સીઓ અચાનક થયેલા હુમલાના મૂળ સુધી પહોંચી શકી નથી તેથી દિલ્હી બ્લાસ્ટ રહસ્યમય બનતો જાય છે.

પાકિસ્તાનમાં રહીને કામ કરતાં આતંકવાદી સંગઠનો જવાબદારી લે તેના કારણે ભારતને પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી કરવાનું બહાનું મળી જાય એ કારણ હોય કે બીજું કોઈ કારણ હોય પણ આતંકવાદી સંગઠનો સાવ ચૂપ છે. પહલગામ હુમલાને પગલે ભારતે આતંકવાદી સંગઠનોના અડ્ડાઓ પર પાકિસ્તાનમાં ઘૂસીને હુમલા કર્યા હતા. આ વખતે આ પ્રકારના હુમલા રોકવા માટે પાકિસ્તાનના ઈશારે આતંકી સંગઠનોએ ચૂપકીદી અપનાવી હોય એ શક્ય છે પણ આ ચૂપકીદીના કારણે આપણી એજન્સીઓ પણ ગૂંચવાઈ ગઈ છે.



બ્લાસ્ટ થઈ એ કાર જમ્મુ અને કાશ્મીરનો ડો. ઉમર ચલાવતો હતો એવું આપણી એજન્સીઓએ કહ્યું છે. હુમલાના એક દિવસ પહેલાં ફરીદાબાદમાંથી પકડાયેલા ૨૯૦૦ કિલો વિસ્ફોટકો સાથે સંકળાયેલા ડોક્ટરો સાથે ઉમરના છેડા અડતા હતા એવું પણ એજન્સીઓ કહે છે પણ પછી ડેડ એન્ડ આવી જાય છે.

આ ડોક્ટરોનો હેન્ડલર ફલાણો હતો ને ફલાણા સંગઠન સાથે એ લોકો સંપર્કમાં હતા એવી વાતો મીડિયામાં છપાઈ રહી છે પણ સત્તાવાર રીતે આ વાતોને સમર્થન નથી અપાઈ રહ્યું. ભારત સરકારે પણ સત્તાવાર રીતે આ હુમલા પાછળ કોનો હાથ છે તેની વિગતો આપી નથી. તેના કારણે આ હુમલો બ્લાસ્ટના ત્રણ દિવસ પછી પણ સત્તાવાર રીતે આતંકવાદી હુમલો છે કે નહીં એ પણ સ્પષ્ટ નથી.

મીડિયામાં આવી રહેલી વાતો પ્રમાણે, આ બ્લાસ્ટ પાછળ જૈશ-એ-મોહંમદ (જેઈએમ) ના એક નવા વાઈટ-કોલર આતંકવાદી મોડ્યુલનો હાથ છે. આ મોડ્યુલમાં પાકિસ્તાની હેન્ડલર્સના સીધા સંપર્કમાં હતા એવા ડોક્ટરો, પ્રોફેસરો અને મહિલા સભ્યો સામેલ હતી એવું મીડિયા રિપોર્ટ કહે છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, આ નેટવર્ક ડોક્ટરો અને શૈક્ષણિક સંસ્થાઓની આડમાં કામ કરતું હતું. હરિયાણાના ફરીદાબાદ, જમ્મુ અને કાશ્મીરના પુલવામા અને ઉત્તર પ્રદેશના સહારનપુર સહિત અનેક વિસ્તારોમાં આ નેટવર્ક સાથે સંકળાયેલા લોકો રહે છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે, ૪ ઓક્ટોબરે સહારનપુરમાં એક લગ્નમાં દિલ્હી બ્લાસ્ટનું કાવતરું ઘડાયું હતું. આ નેટવર્કે બીજું શું શું કર્યું તેની વિગતો પણ મીડિયા રિપોર્ટમાં આવી છે પણ આ બધી વાતોમાં કેટલો દમ છે એ ખબર નથી. ભારતમાં બહુમતી મીડિયા પોતાની દુકાન ચલાવવા માટે નાની વાતોને પણ મીઠું મરચું ભભરાવીને મસાલેદાર બનાવીને વેચવા માટે પંકાયેલું છે તેથી મીડિયામાં છપાતા રિપોર્ટ્સ પર કેટલો ભરોસો કરવો એ મોટો સવાલ છે.

મીડિયામાં આવતી વિગતો સાચી હોય પણ તેનાથી કશું હાંસલ થવાનું નથી કેમ કે આ બધી ભૂતકાળની છે. પાંચ ડોક્ટરોએ મળીને બ્લાસ્ટ કરવાનું કાવતરું ઘડ્યું ને એ કાવતરાને પાર પાડીને ૧૩ લોકોને પતાવી દીધા એ સાથે એ કિસ્સો પૂરો થઈ ગયો પણ ભવિષ્યમાં ફરી આવી ઘટના ના બને એ વધારે મહત્ત્વનું છે. જે પાંચ ડોક્ટરો ઝડપાયા તેમની પાસેથી મળતી વિગતોના આધારે બીજા આતંકવાદીઓ સુધી પહોંચી શકાય અને વધારે તો આતંકવાદી નેટવર્કનો ખાતમો બોલાવી દેવાય એ વધારે મહત્ત્વનું છે. એ સિવાય આ બધી વાતોથી લોકોનું મનોરંજન કરવાથી વધારે બીજો કોઈ હેતુ સરવાનો નથી.

આતંકીઓનું ફલાણું મોડ્યુલ કામ કરે છે ને ઢીકણું મોડયુલ કામ કરે છે એવી વાતો કે બ્લાસ્ટના કાવતરા સાથે સંકળાયેલા ડોક્ટરો ક્યાં ભણ્યા, ક્યાં નોકરી કરતા હતા ને નોકરીમાં કેવા હતા એ બધી વાતોથી નથી જનરલ નોલેજ વધવાનું કે નથી ભવિષ્યના હુમલા રોકી શકાવાના તેથી આપણા માટે આખું નેટવર્ક ઉઘાડું પડે એ વધારે મહત્ત્વનું છે.

અત્યાર સુધીનો આપણો અનુભવ કહે છે કે, આપણે આતંકી નેટવર્ક્સને ઉઘાડાં પાડીને તેમનો સંપૂર્ણ ખાતમો કરવામાં સદંતર નિષ્ફળ રહ્યા છીએ. પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકીઓ લગભગ ત્રણેક દાયકાથી ભારતમાં આતંકવાદી હુમલા કરે છે. ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં જમ્મુ અને કાશ્મીરથી શરૂઆત થઈ પણ પછી આતંકવાદની આગમાં દેશના બીજા ભાગો પણ દાઝ્યા છે.

૧૯૯૩માં મુંબઈમાં બોમ્બ બ્લાસ્ટ થયા પછી ભારતમાં કોઈ મોટું શહેર એવું બચ્યું નથી કે જ્યાં ભીષણ આતંકવાદી હુમલો ના થયો હોય. મુંબઈ, દિલ્હી કોલકાત્તા, અમદાવાદ, જયપુર, હૈદરાબાદ, કોચી, બેંગલુરુ સહિતનાં દેશનાં લગભગ તમામ શહેરોમાં મોટા આતંકવાદી હુમલા થયા છે. આ દરેક આતંકવાદી હુમલાને પગલે તપાસનો ધમધમાટ શરૂ થાય છે. તપાસ એજન્સીઓ ધંધે લાગે છે અને ક્યા મોડ્યુલનો હાથ હતો ને હુમલા પાછળ કોનો હાથ હતો તેની વિગતો બહાર આવે છે પણ આખું નેટવર્ક કદી ખતમ થતું નથી.

આતંકવાદને નાથવામાં આપણી સૌથી મોટી નિષ્ફળતા તો આતંકવાદી સામગ્રીના સપ્લાયને રોકવાની છે. ઘણા આતંકવાદી હુમલામાં આરડીએક્સ સહિતનાં વિસ્ફોટકો વપરાય છે ને ઘણામાં દેશી રીતે બનાવેલા બોમ્બ વપરાય છે. આરડીએક્સ પાકિસ્તાન સહિતના દેશોમાંથી આવે છે પણ આપણે તેને ભારતમાં ઘૂસતાં રોકી શકતાં નથી. દેશી બોમ્બ માટેનો સામાન તો અહીંથી જ ભેગો કરાય છે ને એ પણ આપણે નથી રોકી શકતાં.

આતંકવાદી હુમલા માટે વપરાતાં વિસ્ફોટકો કંઈ શાકમાર્કેટમાં નથી મળતાં હોતાં કે થેલી લઈને નીકળો ને લઈ આવો. કેમિકલ્સ ને બીજી ખતરનાક ચીજો લાઈસંસ વિના ના ખરીદી શકાય ને છતાં આતંકીઓને એ બધું બેરોકટોક મળી જાય છે. તેનું કારણ આપણે ત્યાં વ્યાપેલો ભ્રષ્ટાચાર છે. આ ભ્રષ્ટાચાર માત્ર તંત્રમાં છે એવું નથી પણ લોકો પણ ભ્રષ્ટ છે તેથી આતંકીઓને મોકળું મેદાન મળી ગયું છે.

હમણાં ફરીદાબાદમાં પકડાયેલા ડોક્ટરો પાસેથી એમોનિયમ નાઈટ્રેટ સહિતનાં ૨૯૦૦ કિલો વિસ્ફોટકો પકડાયાં. આ વિસ્ફોટકો ડોક્ટરોએ કટકે કટકે બે વર્ષમાં ખરીદેલાં એવું કહેવાય છે. બે વર્ષ લગી મોતના સામાનની આ ખરીદી ચાલતી હતી ને આપણી પોલીસ કે તંત્રને ખબર જ ના પડે એ કેવું ? હવે જે તંત્ર પાસે આવી માહિતી મળે એવી વ્યવસ્થા ના હોય એ કઈ રીતે આતંકવાદને રોકી શકે?

### આ જાહેરાત ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેની બેઠકની મિનિટ પહેલાં આવી

# ટ્રમ્પની પરમાણુ હથિયાર પરીક્ષણની જાહેરાત વિશ્વ આખું ભયથી ધ્રૂજે છે

**અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તાજેતરમાં સોશ્યલ મીડિયા પોસ્ટમાં જાહેરાત કરી કે, તેમણે પેન્ટાગોનને પરમાણુ હથિયારોનું તાત્કાલિક પરીક્ષણ શરૂ કરવાનો આદેશ આપ્યો છે, કારણ કે ચીન અને રશિયાની પરમાણુ ક્ષમતા વધી રહી છે.**

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તાજેતરમાં સોશ્યલ મીડિયા પોસ્ટમાં જાહેરાત કરી કે, તેમણે પેન્ટાગોનને પરમાણુ હથિયારોનું તાત્કાલિક પરીક્ષણ શરૂ કરવાનો આદેશ આપ્યો છે, કારણ કે ચીન અને રશિયાની પરમાણુ ક્ષમતા વધી રહી છે. એ હકીકતને ધ્યાનમાં રાખીને અમેરિકાની વિશ્વસનીયતા અને શસ્ત્રોની અસરકારકતા સુનિશ્રૃચિત કરવી જરૂરી છે. ટ્રમ્પ ઉમેરે છે કે 'અન્ય દેશોના પરીક્ષણ કાર્યક્રમોને નજર સામે રાખીને અમે પણ અમારાં પરમાણુ હથિયારોનું પરીક્ષણ શરૂ કરીશું.'

આ જાહેરાતનું ટાઈમિંગ પણ અગત્યનું છે. આ જાહેરાત ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેની બેઠકની મિનિટ પહેલાં આવી, જોકે ટ્રમ્પની જાહેરાતથી આખા વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. આ જાહેરાતથી કોલ્ડવોર-ટુ ચાલુ થઈ જશે. હાલમાં કોમ્પ્રિહેન્સિવ ન્યુક્લિયર-ટેસ્ટ-બેન ટ્રીટી (સીટીબીટી)ને લીધે કોઈ દેશ અણુ હથિયારનું પરીક્ષણ કરી શકે નહીં.

ટ્રમ્પે એક મુલાકાતમાં ઘણી સ્ફોટક વાતો કરી છે કે આને લીધે ભારત પર મુસીબતનો પહાડ તૂટી પડ્યો છે. ટ્રમ્પ કહે છે કે અમેરિકા પાસે રશિયા કરતાં વધારે એટોમિક વેપન છે. ચીનનો ત્રીજો નંબર આવે છે, પરંતુ ચીન થોડાં વર્ષોમાં અમેરિકાની બરોબરી કરી શકે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે અમારો દેશ લોકતાંત્રિક દેશ છે એટલે આપણે અણુ હથિયારનું પરીક્ષણ કરીએ તો એ જાહેરમાં આવી જાય, જયારે રશિયા – ચીનમાં બધુ ખાનગી રીતે થાય છે.



ટ્રમ્પ એ મુલાકાતમાં એવો પણ ઘટસ્ફોટ કરે છે કે હું રશિયા અને ચીન એટમ બોમ્બનું વહન કરી શકે એવી મિસાઈલ ટેસ્ટની વાત કરતો નથી. હું ડિલિવરી સિસ્ટમની વાત કરતો નથી. હું અણુ હથિયારોના પરીક્ષણની વાત કરી રહ્યો છું. ટ્રમ્પે એવી પણ ચોંકાવનારી વાત કરી હતી કે ઉત્તર કોરિયા અને પાકિસ્તાન પણ અણુ શસ્ત્રોનું પરીક્ષણ કરે છે.

હવે નોંધ લેવા જેવી વાત છે કે બ્રોડકાસ્ટરે પ્રસારિત કરેલા ૬૦ મિનિટના ઈન્ટરવ્યૂમાં પાકિસ્તાનનો ઉલ્લેખ નથી. એ મુલાકાત એડિટ સંપાદિત કરવામાં આવી હતી, પણ ટ્રમ્પે આખી મુલાકાત તેમના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં મૂકી હતી. આ વધારાની બાર મિનિટની મુલાકાતમાં ટ્રમ્પ સ્પષ્ટ રીતે કહે છે કે પાકિસ્તાન પણ એટોમિક વેપનનું ટેસ્ટિંગ કરે છે. ટ્રમ્પ કહે છે એમ ૩૩ વર્ષ પછી અમેરિકા સિસ્ટમ નહીં, પરંતુ હથિયારનું પરીક્ષણ કરશે તો અણુ વાવાઝોડું આવશે.

ટ્રમ્પની આવી જાહેરાતથી એટોમિક એક્સપર્ટ પણ અવઢવમાં મુકાયા છે. નિષ્ણાતો એવી શંકા વ્યક્ત કરી રહ્યા છે કે ટ્રમ્પ કદાચ અણુ હથિયારો નહીં પરંતુ મિસાઈલ સિસ્ટમ કે ડિલિવરી સિસ્ટમની વાત કરી રહ્યા છે. ટ્રમ્પ કહે છે કે અમેરિકા સૌથી વધારે એટોમિક બોમ્બ ધરાવે છે, પરંતુ હકીકત એ છે કે રશિયા પાસે અમેરિકા કરતાં વધુ એટોમિક વેપન છે.

ટ્રમ્પ કહે છે કે રશિયા-ચીન અમુક હથિયારનું પરીક્ષણ કરે છે. હવે એક્સપર્ટ કહે છે કે ચીન- પાકિસ્તાન અને ભારત સહિત અનેક દેશોએ ૧૯૯૨-૧૯૯૬માં એટોમિક વેપનની ટેસ્ટ બંધ કરી દીધી છે. મહત્ત્વની વાત એ છે કે કોઈ પણ દેશ અણુ પરીક્ષણ કરે તો 'વોચડોગ' એના ઈફેકટના આધારે તે પકડી શકે. અમેરિકાએ સીટીબીટીને સેનેટમાં બહાલ કરી નથી. ટ્રમ્પની મુલાકાતે જે મોટું કન્ફ્યુઝન ઊભું કર્યું છે એ શું ટ્રમ્પે હિમાલય જે વડી મોટી ભૂલ કરી છે કે શું આ મિસ કોમ્યુનિકેશન છે?.

જો ટ્રમ્પે બાફ્યું હોય તો તે સુધારો કરી શક્યા હોત. આનું કારણ સ્પષ્ટ એ છે કે તેમણે પહેલા જાહેરાત પોસ્ટ મૂકીને કરી હતી. તેના થોડા દિવસો બાદ ટ્રમ્પે આપેલી મુલાકાતમાં આ વાત ફરી છાતી ઠોકીને દોહરાવી હતી. અમે વારંવાર લખીએ છીએ તેમ 'ટ્રમ્પની આ મેડનેસમાં મેથડ છે'. ટ્રમ્પની એ જાહેરાત કરવા પાછળ કોઈ મોટો પ્લાન લાગે છે. કદાચ એ રશિયા અને ચીનને ડરાવવા માગે છે.

ટ્રમ્પે રશિયાની તેલની બે મોટી કંપની પર અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો છે. આને લીધે ભારત અને ચીને રશિયા પાસેથી તેલની આયાત બંધ કરવી પડશે. આ પગલાએ રશિયન અર્થતંત્રની કમર તોડી નાખી છે. ટ્રમ્પે રશિયાના તેમના સમકક્ષ સાથે બીજી વાર શિખર પરિષદ કરવાની ના પાડી છે. પહેલી વાર ટ્રમ્પે તેમના સલાહકારોની સલાહ માની છે.

અગાઉ પુતિન ટાઈમ બાઈંગ રણનીતિમાં સફળ થતા હતા, પરંતુ ટ્રમ્પે હવે બીજી શિખર પરિષદની ના પાડતાં પુતિન પર દબાણ આવી ગયું છે.. યુક્રેનના પ્રમુખ તો વ્યવસાયે નિપૂણ કૉમેડિયન છે, પરંતુ પુતિન તો મોટા સરમુખત્યાર છે. ટ્રમ્પે યુદ્ધ અટકાવવા માટે પુતિનને યુદ્ધવિરામની આકર્ષક ઑફર આપી હતી, પરંતુ જીદ્દી પુતિને તે સ્વીકારી નથી.

ટ્રમ્પે યુક્રેન નાટોનું સભ્ય નહીં બને અને જીતેલા પ્રદેશ રશિયા પાસે રહેશે એવા બે મોટા કન્સેશન આપ્યા તો પણ પુતિન માન્યા નથી અને હવે પસ્તાઈ રહ્યા છે. પુતિન તો અણુયુદ્ધના મોડમાં જ છે. એ હવે દિન-રાત અણુયુદ્ધની તૈયારી કરી રહ્યા છે. રશિયાએ તાજેતરમાં અણુ ઊર્જાથી ચાલતું મિસાઈલ તેમ જ સમુદ્રમાં સુનામી ઊભી કરે એવી સિસ્ટમનું પરીક્ષણ કર્યું હતું. રશિયાએ બ્યુરેવેસ્ટનિક અને પોસીડોન જેવી સિસ્ટમ્સ તપાસી હતી એટલે પણ ટ્રમ્પ ક્રોધિત થયા હતા.

ચીનના પરમાણુ હથિયારોની સંખ્યા ઝડપથી વધી રહી છે વર્તમાનમાં ૬૦૦થી વધુ, અને ૨૦૩૦ સુધીમાં ૧૦૦૦નું અનુમાન કરવામાં આવે. છે. જો અમેરિકા ખતરનાક હથિયારનું પરીક્ષણ કરશે તો એનો ફાયદો ચીનને થશે. ચીન પાસે ઘણા કાતિલ હથિયારો છે. એ પણ તેનું પરીક્ષણ ચાલુ કરી દેશે. ચીન પાસે હાઈડ્રોજન બૉમ્બ પણ છે. ચીન (કોમ્પ્રિહેન્સિવ ન્યુક્લિયર-ટેસ્ટ-બન ટ્રીટી)ના મોરેટોરિયમને તોડશે તો મોટી શસ્ત્ર દોટ શરૂ થઈ જશે.

અત્યારે પરીક્ષણો મુખ્યત્વે 'નોન-ક્રિટિકલ' અથવા 'સિસ્ટમ ટેસ્ટ્સ' છે, જેમાં વિસ્ફોટ કરાતો નથી. પરંતુ હથિયારોના ભાગ (જેમ કે મિસાઈલો અને વોરહેડ્સ)ની ચકાસણી થાય છે. જો વિસ્ફોટક પરીક્ષણ થાય તો, તે પર્યાવરણીય અને આરોગ્ય જોખમો વધારશે, આને લીધે રેડિયેશન બહાર આવશે અને કૅન્સર તથા બીજી બીમારીઓ ફેલાશે. હિરોશીમા અને નાગાસાકીમાં કેવા ભયંકર પરિણામો આવ્યા એ બધા જાણે છે. આની માઠી અસર ભાવિ પેઢી પર પણ થશે.

જો ટ્રમ્પને પેન્ટાગોને બ્રીફિંગમાં આવી ખતરનાક વાતો કહી હોય અને એ આધારે ટ્રમ્પ ઘટસ્ફોટ કરતા હોય તો ભારત માટે આ સૌથી જોખમી વાત છે. બધા જાણે છે કે પાકિસ્તાને કઈ રીતે ટેકનોલોજી ચોરી કરીને એટમ બૉમ્બ બનાવ્યો છે. તેને ચીને મદદ કરી છે એ પણ બધાને સુવિદિત છે. ચીન કોઈને મદદ કરવી હોય તો સીધી મદદ કરતું નથી. એ તેના પીઠ્ઠું ઉત્તર કોરિયાને આગળ કરે છે.

ઈરાન અને પાકિસ્તાન પાસે રહેલા મિસાઈલો તેમના પોતાના નથી, પરંતુ કોરિયાના છે. જો હવે ટ્રમ્પ કહે છે એમ પાકિસ્તાન, કોરિયા અને ચીન છુપી રીતે હથિયારનું ટેસ્ટિંગ કરે છે તો ભારતના અસ્તિત્ત્વ સામે મોટો ખતરો ઊભો થાય છે. પાકિસ્તાને હાલમાં બંધારણમાં મોટો ફેરફાર કરીને એટમ બૉમ્બની કમાન્ડ સિસ્ટમનું બટન લશ્કરના વડા અસીફ મુનિરને સોંપી દીધું છે.

આ મુનિરમિયાંની વિચારસરણી જેહાદી છે એટલે ભારતે સાવચેત રહેવું પડશે. ભારતની 'નો ફર્સ્ટ યુઝ (પહેલા ઉપયોગ ન કરવાની નીતિ)' પૉલિસી છે. જ્યારે બીજી બાજુ મુનિર વારંવાર અણુ યુદ્ધ કરવાની ધમકી આપે છે. પાકિસ્તાન હાલમાં ચીન કરતાં અમેરિકાના ખોળામાં વધુ બેસેલું છે. કદાચ ભરતને ડરાવવા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને માટે મુસીબતો વધારવા ટ્રમ્પે પાકિસ્તાનનું પપલુ ફેંક્યું હોય તો નવાઈ નહીં.

ભારત સામે પરંપરાગત યુદ્ધમાં તો પાકિસ્તાન ટકી શકે એમ નથી. આથી તેનો બધો ભરોસો એટેમ વોર પર છે. ભારત તો અણુ વેપન ડેટરન્ટ (તારણ) તરીકે ઉપયોગ કરે છે. ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ કહે છે કે અમે પાકિસ્તાનના અટેમ ટેસ્ટિંગના અહેવાલ વાંચ્યા છે. અમે બધી રીતે તૈયાર છીએ. પાકિસ્તાન કદાચ ભારત પર પહેલો અણુ હુમલો કરી શકે, પરંતુ ત્યાર બાદ ભારતના પ્રતિકારમાં પાકિસ્તાનનો સંહાર અને વિનાશ થઈ જાય એ પાક્કું!

# શ્રુતિ હસને રાજામૌલીની 'ગ્લોબ ટ્રોટર' માટે ગીત ગાયું

## એમ એમ કિરવાણીએ આ ફિલ્મ માટે સંગીત આપ્યું છે



શ્રુતિ હસન એક સારી ગાયક છે, તે તો જાણીતી વાત છે. હવે તેણે એસએસ રાજામૌલીની આવનારી ફિલ્મ 'ગ્લોબ ટ્રોટર' માટે ગીત ગાયું છે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને આ અંગે એક ખાસ વાત પણ કહી છે, આ તસવીરમાં તેની સાથે એમએમ કિરવાણી પણ દેખાય છે, તેમનો કમલ હસન સાથે પણ સંબંધ છે.

આ પોસ્ટમાં શ્રુતિએ એક વીડિયો શેર કર્યો છે, તેમાં તેની બાજુમાં કિરવાણી પણ એક રેકોડ'ગ સ્ટુડિયોમાં બેઠા છે. કિરવાણીએ કમલ હસનની ફિલ્મ નાયકનમાંથી થંનપંડી ચીમાલિયે વગાડ્યું અને શ્રુતિ તેના પર હસતી દેખાય છે. પછી તેઓ શ્રુતિનેગાવા માટે તૈયાર થવા કહે છે. તે ઉપરાંત શ્રુતિએ એક ફોટો પણ પોસ્ટ કર્યો છે. જેમાં કિરવાણી તેની સાથે ઉભા રહીને ફોટો પડાવે છે.

આ પોસ્ટની કૅપ્શનમાં શ્રુતિએ લખ્યું છે, ''એમ એમ કીરવાણી સરના સંગીતમાં ગાવું એ મારા માટે ખુશીની વાત છે. કેટલું સરકારક ગીત છે..ધમાલ મચાવી દેવા દો..ગ્લોબ ટ્રોટર. હું તો સરને શાંતિથી કિબોર્ડ વગાડતા સાંભળવા બેઠી હતી. એમણે કહ્યું એ સામાન્ય રીતે જ્યારે કંઈ કમ્પોઝ કરવાની કોશિશ કરે છે. તો એ વિઘ્નેશ્વરા મંત્રણ સાથે શરૂઆત કરે છે, મને લાગ્યું એ આ મંત્ર જ વગાડવાની શરૂઆત કરે છે.''

આગળ શ્રુતિએ લખ્યું, ''અચાનક, મને સમજાયું કે એ અપ્પાનું ગીત હતું..અને એ ક્ષણ ઘણી ખાસ હતી. થેંક યુ સર, તમારી અને તમારી સમગ્ર ટીમની એ દિવસે કરુણા અને પ્રેમ અને હુંફ માટે. તમે આ ટ્રેક સાંભળો એના માટે હું આતુર છું.'' અગાઉ તેની યુટ્યુબ ચેનલ પર પણ તેણે એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે ગીત ગાતી સંભળાય છે.



# નોરા ફતેહીએ શ્રેયા ઘોષાલને 'હરતી ફરતી ઓટોટ્યુન' ગણાવી

## અમેરિકાની પોડકાસ્ટમાં તેણે લોકોને બોલિવૂડનાં ગીતો સાંભળવા કહ્યું

એક્ટર ડાન્સર નોરા ફતેહીએ આંતરરાષ્ટ્રિય સ્તરે શ્રેયા ઘોષાલના વખાણ કર્યાં છે, તેણે બોલિવૂડને ન જાણતાં લોકોને ભારતીય સંગીત અને સંસ્કૃતિનો પરિચય મેળવવા માટે શ્રેયા ઘોષાલના ગીતો સાંભળવા સૂચન કર્યું છે. તાજેતરમાં નોરા ફતેહી એક અમેરિકન પોડકાસ્ટમાં હાજર રહી હતી, જ્યાં તેણે કહ્યું કે 'શ્રેયા ઘોષાલનો અવાજ તેણે સાંભળેલો સૌથી સુંદર અવાજ છે'.


નોરા સીઆરાઝ પોડકાસ્ટમાં હાજર રહી હતી, જ્યાં તેણે પોતાની એક્ટિંગ અને સિંગિંગ કેરિઅરની સફર વિશે વાત કરી હતી. સાથે જ તેણે પોતાની બેલી ડાન્સિગની ટેલેન્ટ વિશે પણ વાત કરી છે. આ ચર્ચામાં જ્યારે નોરાને બોલિવૂડ વિશે ન જાણતાં લોકોએ કયા કલાકારને સાંભળવા જોઈએ એવું પૂછવામાં આવ્યું તો નોરાએ તરત જ શ્રેયા ઘોષાલનું નામ કહ્યું હતું.

નોરાએ કહ્યું, ''જો તમે બોલિવૂડ વિશે નથી જાણતા અને તમે એ શું છે એ જાણવાની કોશિશ કરો છો તો હું કહીશ શ્રેયા ઘોષાલને સાંભળો. એ અદ્દભુત છે. મેં તેની સાથએ એક ગીત ગાયું છે, જેમાં હિન્દી ભાગ એણે ગાયો છે. તું એ સાંભળીને થોડાં જ દિવસોમાં મેસેજ કરીશ અને કહીશ, ''વાઉવ!'' તેનો અવાજ મેં સાંભળેલા સૌથી શ્રેષ્ઠ અવાજ છે. તેણે કેટલીક લોકપ્રિય ફિલ્મના સૌથી લોકપ્રિય ગીત ગાયેલાં છે, એ સિવાય તે સિંગલ્સ પણ ગાય છે. તે તો જાણે હરતી ફરતી ઓટોટ્યુન છે. એ જે રીતે ગાય છે તે આશ્ચર્યચકિત થઈ જવાય એવું છે. જે પણ વ્યક્તિ બોલિવૂડ સંગીતને કે સંસ્કૃતિને સમજવા માગે છે, તેણે શ્રેયાના સાંભળવી જોઈએ.''

તાજેતરમાં શ્રેયા સાથે ગાયેલાં ગીત ઓહ મામા તેતેમા અંગે નોરાએ કહ્યું, ''જ્યારે એ લોકોએ મને કહ્યું કે મારે તેની સાથે ગાવાનું છે, તો હું ડરી ગઈ હતી. હું ખોટું નહી બોલું. હું કોઈ ગાયક નથી. હું તો બસ મજા લઉં છું. પરંતુ એ ખરા અર્થમાં ગાયક છે.''

# કાર્તિક આર્યન કલેક્ટિવ આર્ટિસ્ટ નેટવર્ક છોડીને ધર્મા કોર્નરસ્ટોન એજન્સીમાં જોડાયો

એક સમય હતો, જ્યારે કાર્તિક આર્યન અને કરણ જોહર વચ્ચે ખટરાગ એટલો વધી ગયો હતો કે કરણે કાર્તિકને અશિસ્ત કહીને ફિલ્મમાંથી હાંકી કાઢ્યો હતો. આ વાત ખુબ ચર્ચાઈ હતી. ત્યારે હવે કાર્તિકે પોતાની કેરિઅરમાં એક મહત્વનો નિર્ણય કર્યો છે. કાર્તિક આર્યનના કામને અત્યાર સુધી કલેક્ટિવ આર્ટીસ્ટ્સ નેટવર્કની ટીમ મેનેજ કરતી હતી, તેણે હવે આ ટીમને અલવિદા કહી દીધું છે અને કરણ જોહર અને રાજીવ મસંદે શરૂ કરેલી ધર્મા કોર્નરસ્ટોન એજન્સી સાથે જોડાઈ ગયો છે. કાર્તિકના ૨૦૨૬ના મહત્વાકાંક્ષી આયોજનોને ધ્યાનમાં રાખીને આ પગલું ખુબ મહત્વનું ગણવામાં આવી રહ્યું છે.



કરણનું ડીસીએ હાલ ફિલ્મ, મ્યુઝિક અને ડિજીટલ પ્લેટફર્મ થઈને ૨૦૦થી વધુ કલાકારોને મેનેજ કરે છે. કાર્તિક માટે હવે આ નવા પડાવમાં પ્રીમિયમ બ્રાન્ડની ડીલ અને વિવિધ પ્લેટફર્મ પર કામ કરવાની તકો પણ વધી જશે. તેની સાથે તેની ઈમેજ પણ મોટી બનતી જશે.

કાર્તિકનું આ પગલું તેના ધર્મા સાથે સુધરેલા સંબંધો પણ સુચવે છે. તેથી આ જોડાણનું પણ નવું પ્રકરણ લખાશે. કાર્તિક માટે આ પગલાનાં તેનાં ભવિષ્યમાં મહત્વ અંગે પણ ચર્ચાઓ શરૂ થઈ છે. પહેલાં તે અનન્યા સાથે ધર્માની 'તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી' કરશે, ત્યાર પછી તે એક સુપરનેચરલ ફિલ્મ 'નાગઝિલા' કરશે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના દિવસે રિલીઝ થશે. ત્યાર પછી તે અનુરાગ બાસુ સાથે શ્રીલીલા સાથેની ફિલ્મ કરશે.

# દિલ્હીમાં બ્લાસ્ટના કારણે ફિલ્મોના શૂટિંગ ઉપરાંત અનેક ઈવેન્ટ રદ્દ







રણવીરની 'ધુરંધર', શાહિદની 'કોકટેલ ૨'નું શૂટ, 'દિલ્હી ક્રાઈમ ૩'ની ઈવેન્ટ રદ્દ

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર બ્લાસ્ટની ઘટના અને તેના કારણે થયેલાં લોકોનાં મૃત્યુ અને ઈજાઓને કારણે સમગ્ર દેશમાં ચિંતા અને ભયનો માહોલ છે. સમગ્ર દેશમાં જાહેર સ્થળો પર સુરક્ષા વધારી દેવાઈ છે. અનેક સેલેબ્રિટીએ આ ઘટનાની ટીકા પણ કરી છે. સાથે જ સુરક્ષાના કારણોસર અને ઘટનાના શોકના કારણે કેટલીક ફિલ્મના કાર્યક્રમો રદ્દ થયા છે, સાથે દિલ્હીમાં થનારા ફિલ્મના શૂટ પણ રદ્દ કરવામાં આવ્યું છે.

### 'ધુરંધર'નું ટ્રેલર લોંચ પોસ્ટપોન થયું

લાલ કિલ્લા બ્લાસ્ટના કારણે ધુરંધરની ટ્રેલર લોંચની ઈવેન્ટ પોસ્ટપોન કરવામાં આવી છે. આ અંગે જાહેરાત કરવા રણવીર સિંહે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મુકી હતી. આ પોસ્ટની નોટમાં લખાયું હતું, ''ગઈ કાલના દિલ્હી બ્લાસ્ટની ઘટનાના અસરગ્રસ્ત પિડિતો અને પરિવારોના માન ખાતર. ૧૨ નવેમ્બરે થનારું ધુરંધરનું ટ્રેલર લોંચ પોસ્ટપોન કરાયું છે, તેની નવી તારીખ ટૂંક સમયમાં આપને જણાવાશે. તમારી સમજ માટે આભાર – જીઓ સ્ટુડિયોઝ, બી૬૨ સ્ટુડિયોઝ અને ટીમ ધુરંધર.'' જિઓ સ્ટુડિયો દ્વારા પણ આ જ પોસ્ટ શેર કરવામાં આવી છે.


અગાઉ પણ રણવીરે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું હતું, ''દિલ્હીમાં કાલે સાંજે બનેલી ઘટનાથી આઘાત લાગી ગયો છે. પીડિતોના પરિવારો પ્રત્યે અમારી સહાનુભુતિ.''

### બ્લાસ્ટ અને પ્રદૂષણના કારણે કોકટેલ-૨નાં શૂટમાં વિલંબ થયો

શાહિદ કપૂર, ક્રિતિ સેનન અને રશ્મિકા મંદાનાની ફિલ્મ 'કોકટેલ ૨'નું દિલ્હીનું શૂટિંગ દિલ્હીમાં અતિ ગંભીર હવાના પ્રદૂષણ અને લાલ કિલ્લા પાસે બ્લાસ્ટની ઘટનાના કારણે સુરક્ષાના કારણોસર પોસ્ટપોન કરવામાં આવ્યું છે. કેટલાંક અહેવાલો અનુસાર ૧૨ નવેમ્બરથી દિલ્હીમાં ફિલ્મ માટે શૂટ શરૂ થવાનું હતું. સુત્રોના જણાવ્યા અનુસાર, ''શાહિદ, ક્રિતિ અને રશ્મિકા ૧૨ નવેમ્બરે શૂટ શરૂ કરવા દિલ્હી પહોંચવાના હતા. ટીમે દિલ્હીમાં સાત દિવસનું શૂટ શીડ્યુલ કર્યું હતું. પહેલાં પ્રદૂષણ અને પછી બ્લાસ્ટની ઘટનાને કારણે આ શક્ય નહોતું. તેઓ જૂના દિલ્હીમાં શૂટ કરવાના હતા. તેથી વિવિધ કારણોસર આ શૂટ પોસ્ટપોન કરાયું. હવે તેઓ પરિસ્થિતિ સુધરશે તો ડિસેમ્બરમાં શૂટ કરશે.''


### 'દિલ્હી ક્રાઈમ સીઝન ૩'નું સ્ક્રીનિંગ રદ્દ થયું

હુમા કુરેશીએ પોતાના ઈન્સ્ટાગ્રમ પર જાહેરાત કરી હતી કે જેની ઘણી રાહ જોવાતી હતી એવું તેમની સિરીઝ 'દિલ્હી ક્રાઈમ સીઝન ૩'નું સ્ક્રીનિંગ બે કારણોસર રદ્દ કરવામાં આવ્યું છે – એક તો દિલ્હીની ઘટના અને બીજું ધર્મેન્દ્રની તબિયત. હુમાએ લખ્યું હતું, ''દિલ્હીની દુઃખદ ઘટના અને ધર્મેન્દ્રજીની ચિંતાજનક તબિયતને કારણે અમે આજે દિલ્હી ક્રાઈમ સીઝન ૩નું સ્ક્રિનીંગ રદદ્ કર્યુ છે. અમે આપની સાથે તેની ઉજવણી કરવા માગીએ છીએ પરંતુ હાલનો સમય મૌન માન જાળવી રાખવાનો છે.'' ૧૩ નવેમ્બરથી આ સીઝન પ્રિમીયર થશે. ૧૦ નવેમ્બરની રાત્રે દિલ્હીના લાલ કિલ્લા પાસે હ્યુન્ડાઇ આઈ૨૦ ગાડીમાં લાલ કિલ્લાના ગેટ નં.૧ પાસે સિગ્નલ પાસે સાંજે લગભગ ૬.૫૦ વાગ્યે બ્લાસ્ટ થયો હતો, જેમાં લગભગ ૧૩ મૃત્યુ અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ બ્લાસ્ટથી ગાડીમાં આગ લાગી હતી, જેથી આસપાસના વાહનોમાં પણ આગ લાગી હતી. જેથી ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જ્યારે બીજી તરફ ૮૯ વર્ષના ધર્મેન્દ્ર ઉમરની તકલીફોને કારણે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ હતા. તેમની સ્થિતિ ગંભીર હોવાથી અનેક લોકો ચિંતિત હતા. તેમના અવસાનની અફવાઓ પર હેમા માલિની, ઈશા દેઓલ અને સની દેઓલે સ્પષ્ટતા પણ કરી હતી. હવે તેમને દવાખાનામાંખી રજા પણ આપી દેવાઈ છે.



# હવે બીગ બી બન્યા સ્ટેન્ડ અપ કોમેડિયન

એક્ટર ડાન્સર નોરા ફતેહીએ આંતરરાષ્ટ્રિય સ્તરે શ્રેયા ઘોષાલના વખાણ કર્યાં છે, તેણે બોલિવૂડને ન જાણતાં લોકોને ભારતીય સંગીત અને સંસ્કૃતિનો પરિચય મેળવવા માટે શ્રેયા ઘોષાલના ગીતો સાંભળવા સૂચન કર્યું છે. તાજેતરમાં નોરા ફતેહી એક અમેરિકન પોડકાસ્ટમાં હાજર રહી હતી, જ્યાં તેણે કહ્યું કે 'શ્રેયા ઘોષાલનો અવાજ તેણે સાંભળેલો સૌથી સુંદર અવાજ છે'.નોરા સીઆરાઝ પોડકાસ્ટમાં હાજર રહી હતી, જ્યાં તેણે પોતાની એક્ટિંગ અને સિંગિંગ કેરિઅરની સફર વિશે વાત કરી હતી. સાથે જ તેણે પોતાની બેલી ડાન્સિગની ટેલેન્ટ વિશે પણ વાત કરી છે. આ ચર્ચામાં જ્યારે નોરાને બોલિવૂડ વિશે ન જાણતાં લોકોએ કયા કલાકારને સાંભળવા જોઈએ એવું પૂછવામાં આવ્યું તો નોરાએ તરત જ શ્રેયા ઘોષાલનું નામ કહ્યું હતું.નોરાએ કહ્યું, ''જો તમે બોલિવૂડ વિશે નથી જાણતા અને તમે એ શું છે એ જાણવાની કોશિશ કરો છો તો હું કહીશ શ્રેયા ઘોષાલને સાંભળો. એ અદ્દભુત છે. મેં તેની સાથએ એક ગીત ગાયું છે, જેમાં હિન્દી ભાગ એણે ગાયો છે. તું એ સાંભળીને થોડાં જ દિવસોમાં મેસેજ કરીશ અને કહીશ, ''વાઉવ!'' તેનો અવાજ મેં સાંભળેલા સૌથી શ્રેષ્ઠ અવાજ છે. તેણે કેટલીક લોકપ્રિય ફિલ્મના સૌથી લોકપ્રિય ગીત ગાયેલાં છે, એ સિવાય તે સિંગલ્સ પણ ગાય છે. તે તો જાણે હરતી ફરતી ઓટોટ્યુન છે. એ જે રીતે ગાય છે તે આશ્ચર્યચકિત થઈ જવાય એવું છે. જે પણ વ્યક્તિ બોલિવૂડ સંગીતને કે સંસ્કૃતિને સમજવા માગે છે, તેણે શ્રેયાના સાંભળવી જોઈએ.''તાજેતરમાં શ્રેયા સાથે ગાયેલાં ગીત ઓહ મામા તેતેમા અંગે નોરાએ કહ્યું, ''જ્યારે એ લોકોએ મને કહ્યું કે મારે તેની સાથે ગાવાનું છે, તો હું ડરી ગઈ હતી. હું ખોટું નહી બોલું. હું કોઈ ગાયક નથી. હું તો બસ મજા લઉં છું. પરંતુ એ ખરા અર્થમાં ગાયક છે.''



# અક્ષય-સૈફે ચર્ચગેટમાં ૩૦-૪૦ ગાડીઓ ઉડાડી

## અક્ષય કુમારને કોરીયન પ્રોડ્યુસર હ્યુનવૂ થોમસ કિમે ફિલ્મ ઓફર કરી



એક સમય હતો, જ્યારે મુંબઈના રસ્તાઓ પર ઘણી ફિલ્મના શૂટિંગ જોવા મળતા હતા. પરંતુ હવે એવું જવલ્લે જ જોવા મળે છે. જોકે, અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની આવનારી ફિલ્મ 'હૈવાન' આ ફિલ્મોથી અલગ હોવાની ચર્ચા છે. તાજેતરમાં જ અક્ષય કુમાર અને સૈફ અલી ખાને સાઉથ મુંબઈના ચર્ચગેટ રેલ્વે સ્ટેશન અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ બંને જગ્યાએ પાંચ દિવસ સુધી એક્શન સીનનું શૂટ કર્યું છે.

આ અંગેના અહેવાલો અનુસાર તેમણે ચર્ચગેટ વિસ્તારમાં ઉંદર બિલ્લી જેવી દોડ-પકડની સિક્વન્સ શૂટ કરી હતી, જેમાં ૩૦-૪૦ ગાડીઓ આમથી તેમ ઉડતી હતી અને ૧૦૦ જુનિયર આર્ટીસ્ટ શૂટ કરી રહ્યા હતા. આ શૂટ પાંચ રાત સુધી ચાલ્યું હતું, જે એક્શન ડિરેક્ટર સ્ટંટ શિવા દ્વારા કરાયું હતું. આ અંગે એક ઈન્ટરવ્યુમાં પ્રિયદર્શને કહ્યું છે, ''અક્ષય અને સૈફ બંનેને ખબર હતી કે આ સીન કેવો હશે અને બંનેએ સહકાર આપ્યો હતો, અક્ષય વહેલો ઉંઘી જાય છે, છતાં.'' અક્ષય કુમારે હાલ 'હૈવાન'નું પોતાનું શૂટિંગ પૂરું કરી લીધું છે અને તે દુબઈ 'વેલકમ ટુ ધ જંગલ'ના શૂટ માટે પહોંચી ગયો છે.

લગભગ છેલ્લાં દસ વર્ષથી પોંસ પિક્ચર્સના કોરિયન પ્રોડ્યુસર હ્યુનવૂ થોમસ કિમ મુંબઈમાં કામ કરી રહ્યા છે, તેમણે ૨૦૧૬માં 'તીન', ૨૦૨૩માં 'જાને જાં', ૨૦૨૩માં 'બ્લાઈન્ડ' અને ૨૦૨૨માં 'સાકિની ડાકિની' જેવી ફિલ્મો બનાવી છે. હવે તેમણે અક્ષય કુમારને ફિલ્મ ઓફર કરી હોવાની ચર્ચા છે અને તેની સ્ક્રિપ્ટ પર થ્રિલર ફિલ્મ માટે જાણીતા સુજોય ઘોષ કામ કરી રહ્યા છે. તાજેતરમાં જ તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે ૨૦૧૪માં, તેમને નિયમિત રીતે બાલાજી નામની કંપની પરથી મેઈલ આવતા હતા અને શરૂઆતમાં તો એમને લાગ્યું કે આ સ્પામ મેઈલ છે. એક દિવસ તેમણે મેઈલ ખોલ્યો અને તેમને ખબર પડી કે આ એક જાણીતું પ્રોડક્શન હાઉસ, બાલાજી મોશન પિક્ચર્સ છે અને તેઓ તેમની ફિલ્મ 'ધ ડિવોશન ઓફ સસ્પેક્ટ એક્સ'ની હિન્દી રીમેક માટે અધિકારો માગી રહ્યા છે. તેથી કિમને એ જાણવું હતું કે આ રીમેક કોણ ડિરેક્ટ કરશે, તેમને કહેવાયું કે સુજોય ઘોષને સાઇન કરાયા છે. પછી હ્યુનવૂએ સુજોયની 'કહાની' જોઈ અને તેઓ આ ફિલ્મથી ઘણા પ્રભાવિત થયા. એટલે તેઓ સુજોયને મળવા મુંબઈ આવ્યા. આ મીટિંગ પછી તેમણે બાલાજીને રાઈટ્સ આપી દીધા.પરંતુ આ ફિલ્મ કેમ ન બની તે અંગે તેમણે જણાવ્યું, ''દષ્યમ બની ચુકી હતી અને તે આ જ વાર્તા પરથી પ્રરિત હતી. હું દશ્યમના મેકર્સ પર દાવો માંડવા માગતો હતો, પરંતુ આવું ન કર્યું કારણ કે એકતા કપૂરે ટેકો પાછો ખેંચી લીધો.''૨૦૧૭માં તેઓ કન્નડા હિટ પુશ્પકા વિમાના સામેનો કેસ જીતી ગયા, જે તેમની ફિલ્મ 'મિરેકલ ઈન સેલ નં.૭'ની રીમેક હતી, જેના અધિકારો તેમની પાસે હતા. બોમ્બે હાઈકોર્ટે પણ કન્નાડા ફિલ્મની ટીમને સેટેલાઈટ અને ટેલિકાસ્ટના કોઈ જ અધિકારોથી બાકાત કરી દેવાઈ.તેમણે કહ્યું કે હવે તેમણે કોરિયન ફિલમની રીમેક ફિલ્મ માટે અક્ષય કુમારનો સંપર્ક કર્યો છે.



## પહેલા સેશનમાં ઈન્ડિયન બોલર્સ હાવી રહ્યા

# સારી શરૂઆત પછી સા. આફ્રિકા બેટર્સ બેકફૂટ પર ધકેલાયું, બુમરાહને ૨ વિકેટ; ટીમનો સ્કોર ૧૦૫/૩

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ટેસ્ટ સિરીઝની પહેલી મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી છે. લંચ બ્રેક સુધીમાં સાઉથ આફ્રિકાએ ૩ વિકેટે ૧૦૫ રન બનાવી લીધા છે. વિયાન મુલ્ડર ૨૩ અને ટૉની ડી જોર્જી ૧૫ રન બનાવીને અણનમ છે.

ટેમ્બા બાવુમા ૩ રન બનાવીને આઉટ થયો. તેને કુલદીપ યાદવે ધ્રુવ જુરેલના હાથે કેચ કરાવ્યો. ડ્રિન્ક્સ પહેલાં જસપ્રીત બુમરાહે એડન માર્કરમ (૩૧ રન) અને રિયાન રિકેલ્ટન (૨૩ રન)ને પેવેલિયનનો રસ્તો દેખાડ્યો.

પહેલા દિવસનો પહેલો સેશન ભારતીય બોલરોના નામે રહ્યો. સાઉથ આફ્રિકના ઓપનરોએ ફિફ્ટી પાર્ટનરશિપ કરીને સારી શરૂઆત કરી. પરંતુ, બુમરાહે સતત ૨ ઓવરમાં રિકલ્ટન અને માર્કરમની વિકેટ લઈને મહેમાનોને બેકફૂટ પર ધકેલી દીધા.

પછી કુલદીપે કેપ્ટન ટેમ્બા બાવુમાને પગ જમાવવાનો મોકો ન આપ્યો. પહેલા સેશનના ૨૭ ઓવરમાં સાઉથ આફ્રિકાનો સ્કોર ૧૦૫/૩ છે. ૨૬મી ઓવરમાં સાઉથ આફ્રિકાએ ૧૦૦ રનનો આંકડો પાર કરી લીધો છે. વિયાન મુલ્ડરે કુલદીપ યાદવની ઓવરની બીજા બોલ પર બે રન લઈને ટીમનો સ્કોર ૧૦૦ને પાર પહોંચાડ્યો.

૨૪મી ઓવરમાં કુલદીપ યાદવના બોલ ટૉની ડી જ્યોર્જીના હેલ્મેટ પર વાગ્યો. ટૉની લેગ સ્ટમ્પની ગુડ લેન્થ બોલ પર સ્વીપ કરવા માગતો હતો, પરંતુ બોલને વધુ ઉછાળ મળ્યો. બોલ ટૉનીના હેલ્મેટની જાળી પર વાગ્યો.૧૬મી ઓવરના છેલ્લા બોલ પર સાઉથ આફ્રિકાની ત્રીજી વિકેટ પડી. અહીં કુલદીપ યાદવે કેપ્ટન ટેમ્બા બાવુમાને લેગ સ્લિપ પર ધ્રુવ જુરેલના હાથે કેચ આઉટ કરાવ્યો. બાવુમા કુલદીપની ફુલર લેન્થ બોલ પર ફ્લિક કરવા માગતો હતો. જુરેલે લૉ કેચ પકડ્યો.

ડ્રિન્ક્સ બ્રેક થઈ ગયો છે. એટલે કે પહેલા કલાકનો ખેલ સમાપ્ત થયો. એક કલાકની રમતમાં સાઉથ આફ્રિકાના ઓપનરોએ ૫૭ રનની ભાગીદારી કરી. અંતે બુમરાહે ૨ વિકેટ લઈને ભારતીય બોલરોને હાવી કરી દીધા. ૧૪ ઓવરની રમતમાં સાઉથ આફ્રિકાનો સ્કોર ૬૬/૨ છે. વિયાન મુલ્ડર અને ટેમ્બા બાવુમા અણનમ છે.બુમરાહે સતત બીજી ઓવરમાં વિકેટ મેળવી. તેણે ૧૩મી ઓવરમાં એડન માર્કરમને વિકેટકીપર રિષભ પંતના હાથે કેચ કરાવ્યો. માર્કરમ ૩૧ રન બનાવીને આઉટ થયો. બુમરાહે ૧૧મી ઓવરમાં રિયાન રિકેલ્ટનને આઉટ કર્યો હતો.

૧૧મી ઓવર નાખી રહેલા જસપ્રીત બુમરાહે ભારતને પહેલી વિકેટ અપાવી. તેણે ઓવરના ત્રીજા બોલ પર રિયાન રિકેલ્ટનને બોલ્ડ કર્યો. રિકેલ્ટન ૨૩ રન બનાવીને આઉટ થયો.આ વિકેટની સાથે બુમરાહે ૫૭ રનની ઓપનિંગ પાર્ટનરશિપ તોડી.





# આગામી આઈપીએલ સીઝન પહેલા શેન વોટસન કેકેઆરમાંમાં સહાયક કોચ તરીકે જોડાયા



કોલકાતા,તા.૧૪

ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર શેન વોટસન IPL ૨૦૨૬ પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સાથે જોડાયા છે. KKR એ ગુરુવારે જાહેરાત કરી હતી કે વોટસન સહાયક કોચ તરીકે સેવા આપશે.

ઓસ્ટ્રેલિયા માટે ૫૯ ટેસ્ટ, ૧૯૦ ODI અને ૫૮ T૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકેલા વોટસને પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૧૦,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે અને ત્રણેય ફોર્મેટમાં ૨૮૦ થી વધુ વિકેટ લીધી છે.વોટસન ૨૦૦૭ અને ૨૦૧૫ માં ઓસ્ટ્રેલિયાની વર્લ્ડ કપ વિજેતા ટીમોનો મુખ્ય ભાગ હતો. તે ૨૦૦૮ થી ૨૦૨૦ સુધી IPL માં ખેલાડી તરીકે પણ રમ્યો હતો. તેણu IPL માં ૧૪૫ મેચ રમી હતી. તે રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સની ચેમ્પિયન ટીમોનો પણ ભાગ હતો.ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી, વોટસને વિશ્વભરની ૨૦ લીગમાં કોચિંગ અને માર્ગદર્શનની ભૂમિકાઓ ભજવી છે. KKR માં જોડાયા પછી, વોટસને કહ્યું, હું કોલકાતાને વધુ એક ખિતાબ જીતવામાં મદદ કરવા માટે કોચિંગ ગ્રુપ અને ખેલાડીઓ સાથે કામ કરવા આતુર છું.KKR ના CEO વેંકી મૈસૂરએ જણાવ્યું હતું કે, "અમે શેન વોટસનનું KKR પરિવારમાં સ્વાગત કરતાં ખૂબ જ ખુશ છીએ. ખેલાડી અને કોચ તરીકેનો તેમનો અનુભવ અમારી ટીમ સંસ્કૃતિ અને તૈયારીમાં મોટો ફાળો આપશે." KKR એ અગાઉ અભિષેક નાયરને ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા હતા.મુંબઈના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર નાયરને KKR સાથે લાંબો અનુભવ છે. IPL ૨૦૨૫ માં ટીમનું પ્રદર્શન સારું નહોતું અને હવે KKR ટીમને મજબૂત બનાવવા માંગે છે. KKR ૧૪ લીગ મેચમાંથી ફક્ત પાંચ જીતીને પ્લેઓફ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ ગયું.



# રાજસ્થાન રોયલ્સમાં જોડાવા અંગે રવિન્દ્ર જાડેજાની મોટી શરત : કેપ્ટનશીપ માંગી

**દિલ્હી, તા ૧૪**

IPL ૨૦૨૬ ની રીટેન્શન ડેડલાઈન નજીક આવી રહી છે, ત્યારે ટીમો હવે મોટા નિર્ણયો લેવાના મૂડમાં છે. સોશિયલ મીડિયામા સૌથી વધુ ચર્ચામાં રહેલ એક સોદો રવિન્દ્ર જાડેજા અને સંજુ સેમસન વચ્ચે સંભવિત અદલાબદલી છે.

ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) અને રાજસ્થાન રોયલ્સ (RR) મુખ્ય ખેલાડીઓના અદલાબદલી માટે વાટાઘાટો કરી રહ્યા છે. આ સોદા હેઠળ સંજુ સેમસન CSK માં જોડાઈ શકે છે, જ્યારે જાડેજા અને સેમ કુરન રાજસ્થાન જઈ શકે છે.

આ ટ્રેડ જાડેજાએ ખાસ માંગણી કરી છે. જો તે રાજસ્થાન રોયલ્સ સાથે જોડાય છે, તો તે ટીમની કેપ્ટનશીપ સંભાળવા માંગે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જાડેજા આ શરતને ડીલનો મુખ્ય ભાગ માને છે, અને RR મેનેજમેન્ટ તેના પર ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે.

નોંધનીય છે કે રવિન્દ્ર જાડેજાએ IPL ૨૦૨૨ માં CSK ની કેપ્ટનશીપ કરી હતી, પરંતુ ટીમના ખરાબ પ્રદર્શન બાદ, સીઝનના મધ્યમાં કેપ્ટનશીપ મહેન્દ્ર સિંહ ધોનીને પાછી આપવામાં આવી હતી.

સંજુ સેમસન એક દાયકાથી ઈઈનો ચહેરો રહ્યો છે અને ટીમનો સર્વકાલીન સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તેના નામે ૪,૦૨૭ રન છે. અહેવાલો અનુસાર, સંજુએ ૨૦૨૫ સીઝન પછી રાજસ્થાન મેનેજમેન્ટ સાથે પોતાનું સ્થાન બદલવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેના કારણે ટીમે ટ્રેડ વિકલ્પો શોધવાનું શરૂ કર્યું હતું.

IPL હરાજી પહેલા તેને રૂ.૧૮ કરોડ (૧૮૦ મિલિયન રૂપિયા) માં રિટેન કરવામાં આવ્યો હતો. જો આ ટ્રેડ પૂર્ણ થાય છે, તો તેને IPL ઈતિહાસમાં સૌથી મોટા ખેલાડીઓના વિનિમયમાંનો એક ગણવામાં આવશે.

CSK અને જાડેજાની ૧૨ વર્ષની સફર

જાડેજા ૨૦૧૨ થી CSK સાથે છે અને ફ્રેન્ચાઇઝી સાથે ત્રણ IPL ટાઇટલ જીત્યા છે. તે CSKનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર (૧૪૩ વિકેટ) છે અને અત્યાર સુધીમાં ૨૫૪ IPL મેચ રમી ચૂક્યો છે. ધોની પછી તેને ટીમનો બીજો સૌથી મહત્વપૂર્ણ ખેલાડી માનવામાં આવે છે અને IPL ૨૦૨૫ માં તેને રૂ.૧૮ કરોડ (૧૮૦ મિલિયન રૂપિયા) માં રિટેન કરવામાં આવ્યો હતો.જો જાડેજાને ઈઈ માં ટ્રાન્સફર કરવામાં આવે છે, તો તે એક પ્રકારનું ઘર વાપસી હશે, કારણ કે જાડેજાએ ૨૦૦૮ માં રાજસ્થાન રોયલ્સ સાથે તેની IPL કારકિર્દીની શરૂઆત કરી હતી અને તે વર્ષે તેનું પ્રથમ IPL ટાઇટલ જીતનાર ટીમનો ભાગ હતો.

# સ્લો ઓવર રેટ બદલ પાકિસ્તાનને દંડ:શ્રીલંકા સામેની પહેલી વન-ડેમાં ચાર ઓવર મોડી ફેંકી; મેચ ફીમાંથી ૨૦% કાપ્યા

ICCએ પાકિસ્તાનને સ્લો ઓવર રેટ બદલ તેમની મેચ ફીના ૨૦% દંડ ફટકાર્યો છે. શાહીન આફ્રિદીની આગેવાની હેઠળની ટીમ ૧૧ નવેમ્બરના રોજ રાવલપિંડીમાં શ્રીલંકા સામેની પ્રથમ વન-ડેમાં ચાર ઓવર મોડી ફેંકી હોવાનું જાણવા મળ્યું હતું. ICCના મેચ રેફરી પેનલના અલી નકવી દ્વારા આ દંડ લાદવામાં આવ્યો હતો. ઓન-ફિલ્ડ અમ્પાયર એલેક્સ વ્હાર્ફ અને આસિફ યાકુબ, થર્ડ અમ્પાયર શરફુદ-ઉદ-દૌલા Rçને શાહિદ અને ચોથા અમ્પાયર રાશિદ રિયાઝે દંડ રજૂ કર્યો હતો, જેને પાકિસ્તાનના કેપ્ટન શાહીન આફ્રિદીએ સ્વીકારી લીધો હતો, આમ સુનાવણીની જરૂરિયાત દૂર થઈ ગઈ હતી.

ICC આચારસંહિતાના કલમ ૨.૨૨ મુજબ, ટીમ પાછળની દરેક ઓવર માટે ખેલાડીઓને તેમની મેચ ફીના ૫% દંડ ફટકારવામાં આવે છે.પાકિસ્તાને પહેલી વન-ડે ૬ રનથી જીતી પાકિસ્તાને ODI શ્રેણીની પહેલી મેચ ૬ રનથી જીતી લીધી હતી. આનાથી ટીમને ત્રણ મેચની ODI શ્રેણીમાં ૧-૦ની લીડ મળી હતી. ૩૦૦ રનના ટાર્ગેટને ચેઝ કરતી વખતે, શ્રીલંકાની ટીમ ૫૦ ઓવરમાં ૯ વિકેટે ૨૯૩ રન જ બનાવી શકી હતી.પાકિસ્તાન તરફથી હારિસ રઉફે ૪ વિકેટ લીધી. સલમાન આગાએ ૮૩ બોલમાં અણનમ ૧૦૩ રન અને હુસૈન તલતે ૫૮ રન બનાવીને પાકિસ્તાનનો સ્કોર ૨૯૯ સુધી પહોંચાડ્યો.

PCBએ ત્રિકોણીય શ્રેણીનું ફરીથી શિડ્યૂલ બનાવ્યું પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ ગુરુવારે શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામેની ૨૦ ત્રિકોણીય શ્રેણીના શિડ્યૂલ સુધારો કર્યો છે. નવા શિડ્યૂલ મુજબ હવે શ્રેણી ૧૭ નવેમ્બરને બદલે ૧૮ નવેમ્બરથી શરૂ થશે. બીજી મેચ પણ એક દિવસ પછી ૨૦ નવેમ્બરે રમાશે.ટુર્નામેન્ટની બધી મેચ રાવલપિંડીમાં યોજવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. PCBએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ટુર્નામેન્ટને ફરીથી શેડ્યૂલ કરવાનો નિર્ણય ક્રિકેટ (SLC) અને ઝિમ્બાબ્વે ક્રિકેટ (ZC) સાથે ચર્ચા કર્યા પછી લેવામાં આવ્યો હતો."

નકવીએ કહ્યું- આર્મી ચીફ મુનીરે ત્રિકોણીય શ્રેણી બચાવી ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે શ્રીલંકન ક્રિકેટ ટીમના પ્રવાસને બચાવવા માટે પાકિસ્તાનના સેના પ્રમુખે સીધી હસ્તક્ષેપ કર્યો હતો.

# શાર્દૂલ ઠાકુર અને રધરફર્ડ મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાયા

### શાર્દૂલને LSGએ ૨ કરોડમાં, તો શેરફનને ર્એ ૨.૬ કરોડ રૂપિયામાં ટ્રેડ કર્યો; ૧૬ ડિસેમ્બરે અબુ ધાબીમાં ઓક્શન




IPL રીટેન્શન સીઝન પહેલા મુંબઈ ઈન્ડિયન્સે બે મોટા ટ્રેડ કર્યા છે. પાંચ વખતના ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે લખનઉ સુપર જાયન્ટ્સના પેસ બોલિંગ ઓલરાઉન્ડર શાર્દૂલ ઠાકુરને ૨ કરોડમાં ખરીદ્યો હતો, જ્યારે વેસ્ટ ઈન્ડીઝના ઓલરાઉન્ડર શેરફેન રૂધરફોર્ડને ગુજરાત ટાઈટન્સે ?૨.૬ કરોડમાં ખરીદ્યો હતો.IPLનું મિની ઓક્શન ૧૬ ડિસેમ્બરના રોજ UAEના અબુ ધાબી શહેરમાં યોજાશે. આ પહેલાં ૨૦૨૫માં સાઉદી અરેબિયા અને ૨૦૨૪માં દુબઈમાં ઓક્શન થઈ ચૂક્યું છે. ૧૦ ટીમ માટે રીટેન્શનની ડેડલાઇન ૧૫ નવેમ્બરના રોજ બપોરે ૩ વાગ્યા સુધીની છે.મુંબઈ ઈન્ડિયન્સે સોશિયલ મીડિયા પર ટ્રેડની જાહેરાત કરી MIએ ગુરુવારે શાર્દૂલ ઠાકુરના ટ્રેડની જાહેરાત કરી. તેમાં લખ્યું હતું કે, "શાર્દૂલના આગમનથી ટીમમાં કૌશલ્ય અને સંતુલન બંને ઉમેરાય છે. શાર્દૂલે અત્યાર સુધીમાં IPLમાં ૧૦૫ મેચ રમી છે, જેમાં ૧૦૭ વિકેટ લીધી છે અને ૬૮ રન બનાવ્યા છે, જે તેનો સર્વોચ્ચ સ્કોર છે." આ દરમિયાન, ન્એ રૂધરફોર્ડ ડીલની જાહેરાત કરી.આ અનુભવી ઓલરાઉન્ડર મુંબઈનો ડોમેસ્ટિક ખેલાડી છે. તે તેની ઝડપી બોલિંગ અને આક્રમક બેટિંગ માટે જાણીતો છે.

# શેરફેન રધરફોર્ડ IPL રિટેન પહેલા મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાયો, MI એ ગુજરાત ટાઇટન્સ સાથે કર્યો ટ્રેડ

**દિલ્હી, તા.૧૪**

બધી ફ્રેન્ચાઈઝીઓ IPL ૨૦૨૬ માટે તૈયારી કરી રહી છે, અને આ સિઝન માટે ખેલાડીઓની હરાજી હવે સુનિશ્ચિત થયેલ છે. આ પહેલાં, બધી ફ્રેન્ચાઈઝીઓએ તેમની રીટેન્શન યાદીઓ સબમિટ કરવી પડશે.રીટેન્શન હરાજી પહેલા મુંબઈ ઈન્ડિયન્સે બે ખેલાડીઓને અલગ અલગ ટીમોમાં વેચી દીધા છે. મુંબઈએ પહેલા લખનૌ સુપર જાયન્ટ્સમાંથી શાર્દુલ ઠાકુરનો ટ્રેડ કર્યો હતો અને હવે તેણે ગુજરાત ટાઈટન્સમાંથી શેરફેન રધરફોર્ડને હસ્તગત કર્યો છે.ગુજરાતએ વેસ્ટ ઈન્ડીઝના અનુભવી ઓલરાઉન્ડર રધરફોર્ડને મુંબઈ ઈન્ડિયન્સ સાથે રૂ.૨.૬ કરોડમાં વેપાર કર્યો છે. વેસ્ટ ઈન્ડીઝના આ ૨૭ વર્ષીય ખેલાડીએ ૪૪ ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે અને ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં છઠ્ઠી વિકેટ માટે સૌથી વધુ ભાગીદારીનો રેકોર્ડ ધરાવે છે. તેણે પર્થમાં ઓસ્ટ્રેલિયા સામે આન્દ્રે રસેલ સાથે ૧૩૯ રનની ભાગીદારી કરી હતી. રધરફોર્ડે અત્યાર સુધીમાં ૨૩ મેચ રમી છે.અગાઉ, રધરફોર્ડે ૨૦૧૯ માં દિલ્હી કેપિટલ્સ અને ૨૦૨૨ માં



રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) નું પ્રતિનિધિત કર્યું હતું. તે ૨૦૨૦ માં મુંબઈ ઈન્ડિયન્સ અને ૨૦૨૪ માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) નો ભાગ હતો પરંતુ તે સીઝન દરમિયાન પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવી શક્યો ન હતો. IPL એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગુજરાત ટાઈટન્સ દ્વારા રૂ.૨.૬ કરોડમાં ખરીદાયેલ રૂથરફોર્ડ તેની વર્તમાન ફી પર મુંબઈ ઈન્ડિયન્સ સાથે જોડાશે.અગાઉ, શાર્દુલને મુંબઈ દ્વારા લખનૌમાં રૂ.૨ કરોડમાં વેચવામાં આવ્યો હતો. IPL ૨૦૨૫ માટે મેગા ઓક્શનમાં શાર્દુલ અનસોલ્ડ થઈ ગયો હતો, પરંતુ લખનૌએ તેને ઈજાગ્રસ્ત મોહસીન ખાનના સ્થાને હસ્તગત કર્યો હતો.શાર્દુલ મોહસીનના બેઝ પ્રાઈસ પર લખનૌમાં જોડાયો હતો. શાર્દુલ સ્થાનિક ક્રિકેટમાં મુંબઈનું પ્રતિનિધિત કરે છે અને હવે IPLમાં મુંબઈ ફ્રેન્ચાઈઝી માટે રમશે. ૨૦૧૮ અને ૨૦૨૧ માં, શાર્દુલ ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) નો ભાગ હતો જેણે આ બે સીઝનમાં IPL ટાઈટલ જીત્યું હતું.

# પોષકતત્વોથી ભરપૂર શાકભાજી પાલકની પ્રાકૃતિક ખેતી

## પ્રાકૃતિક ખેતી પદ્ધતિ ખેડૂત માટે માત્ર ઉપજનું માધ્યમ નથી, પરંતુ પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ જીવનશૈલી તરફનું મહત્વપૂર્ણ પગલું છે

સુરત, તા.૧૪

પ્રાકૃતિક ખેતીથી પાલક ઉગાડવી એ સ્વસ્થ અને ટકાઉ ખેતી તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. પાલક એક પોષકતત્વોથી ભરપૂર શાકભાજી છે, જેમાં આયર્ન, કેલ્શિયમ, વિટામિન એ અને સી, તેમજ ફાઈબર જેવાં તત્ત્વો મળે છે. જો તેની ખેતી પ્રાકૃતિક રીતે કરવામાં આવે, તો માત્ર સ્વાદ અને ગુણવત્તા જ નહીં, પણ જમીનની ઉર્વરતા પણ ટકાઉ બને છે.

પાલક ઉગાડવા માટે મધ્યમથી ભારે ઢેફાંવાળી જમીન યોગ્ય ગણાય છે, કારણ કે તેમાં પાણીનો નિકાસ સારી રીતે થઈ શકે છે. ખેતર તૈયાર કરતાં પહેલાં જમીનમાં કોઈપણ પ્રકારનાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ કર્યા વિના સડી ગયેલું ગોબર ખાતર અથવા વર્મિ-કમ્પોસ્ટ ઉમેરવું જરૂરી છે. જમીન ભેજવાળી અને ભુરભુરી હોવી જોઈએ જેથી બીજ અંકુરિત થવામાં સરળતા રહે.

પાલકની વાવણી વર્ષ દરમિયાન ત્રણેય સીઝનમાં કરી શકાય છે. ખરિફ, રબી અને ઉનાળામાં. જો ગરમ વિસ્તાર હોય તો ઉનાળામાં મલ્ચિંગનો ઉપયોગ કરવો ઉપયોગી રહે છે. બીજ વાવણી કરતાં પહેલાં ૬ થી ૮ કલાક સુધી ગોળનાં પાણી કે જીવામૃતમાં ભીજવવાથી અંકુરણ ઝડપથી થાય છે. વાવણી પછી જમીન પર હળવી ઘાસ કે સુકી પાંદડીઓ નાખવાથી ભેજ જળવાય રહે છે અને તાપમાનનું સંતુલન જળવાઈ રહે છે.

અંકુરણ થયાં પછી નિયમિત રીતે હળવી સિંચાઈ આપવી જોઈએ. વધુ પાણી આપવાથી મૂળ સડી શકે છે, એટલે જમીન માત્ર ભીની રહે એટલું જ પાણી પૂરતું છે. શિયાળામાં બપોરે પાણી આપવું વધુ યોગ્ય રહે છે.

પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, ઘન જીવામૃત જેવાં જૈવિક ઉપચાર છોડની વૃદ્ધિ માટે ખૂબ ઉપયોગી રહે છે. જીવામૃતને દર પંદર દિવસે છોડની આજુબાજુ રેડવાથી તેની વૃદ્ધિ ઝડપથી થાય છે અને પાંદડીઓ તાજી રહે છે. પાલકમાં જો જીવાતો કે રોગ દેખાય તો લીમડાનો અર્કનો છંટકાવ, ધતુરાની પાંદડીઓનો કઢો અથવા છાશ અને લીમડાના પાંદડાંના પાવડરનું મિશ્રણ ઉપયોગ કરી શકાય છે. આ બધાં ઉપાયો સંપૂર્ણ પ્રાકૃતિક છે અને પાંદડીઓમાં કોઈ ઝેર છોડતાં નથી.

વાવણી પછી આશરે ૨૫ થી ૩૦ દિવસમાં પાલક તૈયાર થાય છે. પહેલી કાપણી ત્યારે કરવી જ્યારે પાંદડીઓ લગભગ આઠથી દસ ઇંચ ઊંચી થાય. સતત નરમ સિંચાઈ અને યોગ્ય સંભાળ રાખવાથી એક જ વાવણીમાંથી ત્રણથી ચાર કાપણીઓ મળી શકે છે. પ્રાકૃતિક રીતે ઉગાડેલી પાલકની ઉપજ લગભગ ૮૦ થી ૧૦૦ ક્વિન્ટલ પ્રતિ હેક્ટર સુધી મળે છે, જે સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ બંને હોય છે.

આ રીતે પ્રાકૃતિક ખેતી દ્વારા પાલક ઉગાડવાથી જમીનની તંદુરસ્તી જળવાઈ રહે છે, રાસાયણિક ખર્ચમાં બચત થાય છે અને ગ્રાહકોને શુદ્ધ, પૌષ્ટિક ખોરાક મળે છે. આ પદ્ધતિ ખેડૂત માટે માત્ર ઉપજનું માધ્યમ નથી, પરંતુ પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ જીવનશૈલી તરફનું મહત્વપૂર્ણ પગલું છે.



**શ્રી કઠોર કેળવણી મંડળ સંચાલિત વ. દે. ગલીયારા વિદ્યાલય કઠોર ના રમત ગમતના મેદાન ઉપર આજરોજ ઝોન કક્ષાના ખોખો તેમજ કુસ્તી નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો**





# ડેડીયાપાડા મોટામિયાં માંગરોળ ગાદીએ સંવેદના પર્વ ઉજવાયું

## અણસમજુને અવગણવું પણ એટલું જ જરૂરી છે, જેટલું સમજદારને અનુસરવું: ડો. મતાઉદ્દીન ચિશ્તી

સુરત, તા.૧૪

દેડીયાપાડા ખાતે મોટામિયાં માંગરોળની ઐતિહાસિક ગાદીનાં હાલન્ અધિકૃત ગાદીપતિ સજ્જાદાનશીન હિઝ હોલીનેસ ખ્વાજા સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી સાહેબનાં સુપુત્ર અને અનુગામી ડો. મતાઉદ્દીન ચિશ્તી સાહેબનાં સાનિધ્યમાં સંવેદના પર્વનું રમણભાઈ ભગત પરિવાર તરફથી સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દેડીયાપાડા ખાતે આગમન થતાં પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સંવેદના પર્વની શરૂઆત બાળાઓ દ્વારા પ્રાર્થના, સ્વાગતગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમથી કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચન નટુભાઈ ચૌધરી કર્યું હતું, જયારે સમગ્ર સંચાલન કુંવરજી ભાઈ વસાવા ઈશ્વરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

અત્રે ઉપસ્થિત વિવિધ ધર્મનાં લોકોને સંબોધન કરતાં ડો. મતાઉદ્દીન ચિશ્તીએ જણાવ્યું કે આજનાં સમયમાં આપણે જીવનમાં સમજાવવા પર વધારે ભાર આપીએ છીએ પણ સમજવા પર નહીં, જેથી સંવેદના પર્વની જરૂર પડી છે. જયારે સંવેદના તમારા હૃદયમાં સ્થાન લેશે ત્યારે વેદનાથી પીડાવાનો સમય નહી રહે. હાલનાં સમયમાં જે સેવા કરીએ છીએ તે સમય ખૂબ જ સરળ છે પરંતુ પાછલા વર્ષોમાં જે અમારા પૂર્વજોએ (સંતોએ) સેવા કરી એ ખૂબ જ પ્રતિકૂળ સમય હતો. દરેક મનુષ્ય માટે હાલમાં સંસાર, સમાજની જવાબદારી નિભાવતા આધ્યાત્મના પાઠ પણ શીખવાનો ખૂબ જરૂરી છે. આ સાથે ઉપસ્થિત સૌને ગાદીની પરંપરા અનુસાર ઘેર ઘેર સંસ્કાર આપી, શિક્ષણ મેળવવા, વ્યસન મુકિત સહિત ઘેર ઘેર વૃક્ષ વાવવા આપવા ખાસ હાકલ કરવામાં આવી હતી.ડો. મતાઉદ્દીન ચિશ્તી સાથે તેમનાં જયેષ્ઠ પુત્ર નિઝામુદ્દીન ચિશ્તીએ પણ ખાસ ઉપસ્થિત રહી ઉદાહરણ આપી જણાવેલ કે આપણે સૌએ ખુદાની સાચા દિલથી ઈબાદત કરવી જોઈએ. સંવેદના પર્વમાં તાલુકા તેમજ જિલ્લાનાં ભાઈઓ, બહેનો, બાળકો, શ્રધ્ધાળુઓ સહિત ધાર્મિક અને સામાજીક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. તમામ આમંત્રિત મહેમાનોનાં ભોજન માટે સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ સાથે મહેફિલ એ સમા તેમજ ભજનનો પણ ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

# અંકલેશ્વરના ઉમરવાડા રોડ પર મોટર કારમાં આગ લાગી

અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વર નજીક ઉમરવાડા રોડ પર રાત્રીના સમયે ચાલતી કારમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. કારમાં ટેકનિકલ ખામી સર્જાતા વાહનમાંથી ધુમાડો નીકળવા લાગ્યો અને અચાનક આગ ફાટી નીકળી.

અંકલેશ્વર નજીક ઉમરવાડા રોડ પર રાત્રીના સમયે ચાલતી કારમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. કારમાં ટેકનિકલ ખામી સર્જાતા વાહનમાંથી ધુમાડો નીકળવા લાગ્યો અને અચાનક આગ ફાટી નીકળી. ડ્રાયવરે સ્થિતિ બગડે તે પહેલાં જ સતર્કતા દાખવી કાર રોકી દીધી હતી. ઘટનાસ્થળે ફાયર બ્રિગેડે દોડી આવી આગને કાબૂમાં લીધી હતી.કાર ચાલક સમયસુચકતા વાપરી નીચે ઉતરી જતા તેનો આબાદ બચાવ થયો હતો.

# ઑંજલ ગામના વેસ્લી ફળિયા રોડ પર રોડની કામગીરી પ્રગતિમાં

નવસારી, તા.૧૪

નવસારી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા નવસારી જિલ્લામાં વિવિધ માર્ગોના સમારકામ અને નવીકરણના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના ઑંજલ ગામના વેસ્લી ફળીયા રોડ (સ્ટેટ હાઈવે) પર ડામરનું કામ તાત્કાલિક રીતે શરૂ કરવામાં આવ્યું છે.

ઑંજલ ગામના વેસલી ફળીયા રોડ (સ્ટેટ હાઈવે) ને ગાંધીનગરથી વાઈડીગ (પહોળો) કરવાની મંજુરી મળેલ હતી જે અંતર્ગત ચોમાસા પહેલા સરાર રસ્તાનું કાચું કામ પૂર્ણ કરેલ હતું અને વરસાદ બંધ થતા માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), નવસારી આ માર્ગ પર ડામર કામ શરુ કરી રીસરફેસિંગ ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.નવસારી માર્ગ અને મકાન વિભાગ દ્વારા જણાવ્યું છે કે રોડના ગુણવત્તાપૂર્ણ કામ માટે નિર્ધારિત સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ કરવામાં આવશે જેથી નાગરિકોને સુવિધાજનક તથા સુરક્ષિત મુસાફરી મળી રહેશે.




# પ્રાધ્યાપક જશવંત પટેલે પી.એચડીની ડિગ્રી મેળવી

અંકલેશ્વર, તા.૧૪

કડકીયા એજ્યુકેસનલ કેમ્પસના ફોઉન્ડર પ્રાધ્યાપક શ્રી જવલંતકુમાર પટેલ ને મંદસોર યુનિવર્સિટી, મધ્યપ્રદેશ દ્વારા કમ્પ્યુટર સાઈન્સ અને એપ્લિકેશન માં પી. એચડી (ડૉક્ટરેટ) પદવી એનાયત કરવામાં આવી. કડકીયા એજ્યુકેસનલ ટ્રસ્ટ સંચાલક મંડળ દ્વારા શ્રી જવલંતકુમાર પટેલ ને મળેલ પ્રસિદ્ધિ માટે ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવે છે અને શિક્ષણ જગતમાં તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

# ૨૩ કરોડના દાનચોરી પ્રકરણમાં આરોપી સલમાનના આગોતરા મંજૂર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

સુરત હવાઈ અડ્ડા ઉપરથી પકડાયેલા રૂ. ૨૩ કરોડથી વધુના સોનાની દાણચોરીના કેસમાં દુબઈના સલમાન પેનવાલાના પણ આગોતરા સુરત સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા. ડીઆરઆઈ વિભાગે સુરત એરપોર્ટ ઉપરથી ગત વર્ષે સોનાની દાણચોરીનો સૌથી મોટો રેકેટ પકડી પાડયો હતો. દુબઈથી સલમાન પેનવાલા સુરતથી દાણચોરોને બોલાવી તેમના મારફતે સુરતમાં સોનુ મોકલાવતો હોવાનું તપાસમાં ખુલ્યું હતું. આ કેસમાં સલમાન પેનવાલાને ભાગેડુ જાહેર કરાયો હતો.દરમિયાન દુબઈથી આરોપી સલમાન પેનવાલાએ વકીલ કલ્પેશ દેસાઈ, ઝફર બેલાવાલા અને નદીમ ચૌધરી મારફતે સુરત સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. બચાવપક્ષની દલીલો રહી હતી કે અન્ય આરોપીના નિવેદન આધારે સલમાનનું નામ ખુલ્યું છે. આરોપીની ભૂમિકા હોય તેવો કોઈ મજબૂત પુરાવો નથી. આરોપી રોગોથી પીડાય છે. હાલ દુબઈમાં રહે છે અને તેના પરિવારની જવાબદારી અને પત્નીની સારવાર પણ મહાવીર હોસ્પિ.માં ચાલી રહી છે. તેમજ પિતા પણ હૃદય રોગથી પિડાય છે . આવા સંજોગોમાં આરોપીને આગોતરા જામીન આપવા દલીલો કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ આરોપીના આગોતરા મંજૂર કર્યા હતા.

### સુરત
પહેલા પાનાનું ચાલુ

ટકકર છે. જેમાં જનતાદળ (યુ)એ ૨૦૨૦ કરતા તેના દેખાવમાં મોટો સુધારો કરીને હાલ ૭૮ બેઠક પર આગળ છે જયાં રાજદ જે ૨૦૨૦માં સૌથી મોટો પક્ષ હતો. હવે વન બેઠકો પર આગળ ચાલી રહ્યા છે.

તો ચિરાગ પાસવાનના એલ.જે.આર.વી.ને ૧૫ બેઠકમાં સરસાઈ અને કોંગ્રેસ ૧૦બેઠકો પર આગળ છે. ચુંટણી પંચની વેબસાઈટમાં પણ એનડીએને ૧૪૦ બેઠકો પર સરસાઈ દર્શાવી છે. આમ હવે બિહારમાં ફરી નીતીશકુમાર મુખ્યમંત્રી બનશે તેમાં હાલ કોઈ પ્રશ્ન નથી.બિહારમાં ૨૦ વર્ષ શાસન કરનાર નીતીશકુમાર ફરી એક વખત હુકમનું પતુ પુરવાર થયા છે અને આગામી દિવસોમાં નવી સરકાર રચવાની પ્રક્રિયા શરૂ થશે.

### જમ્મુ કાશ્મીર
પહેલા પાનાનું ચાલુ

જ્યારે ભાજપ અને જનતા પાર્ટી ઘણા પાછળ છે (ચોથા સ્થાને).મંગળવારે બડગામ અને નાગરોટા વિધાનસભા મતવિસ્તારમાં મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું. બડગામમાં ૪૮ ટકા મતદાન થયું હતું, જ્યારે નાગરોટામાં ૭૨ ટકા મતદાન થયું હતું. બડગામ મતવિસ્તારમાં કુલ ૧.૭૬ લાખ મતદાન થયું હતું, જ્યારે નાગરોટા મતવિસ્તારમાં કુલ ૯૭,૮૯૩ મતદાન થયું હતું.

ગયા વર્ષે ૩૧ ઓક્ટોબરે ભાજપના ધારાસભ્ય દેવેન્દ્ર સિંહ રાણાના અવસાન બાદ નાગરોટામાં પેટાચૂંટણી જરૂરી બની હતી. દરમિયાન, નેશનલ કોન્ફરન્સના ઉપપ્રમુખ અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના રાજીનામાને કારણે બડગામમાં પેટાચૂંટણી જરૂરી બની છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં અબ્દુલ્લાએ બડગામ અને ગાંદરબલ બંને બેઠકો જીતી હતી. આના કારણે એક બેઠક છોડી દેવી પડી.

### રાજસ્થાન
પહેલા પાનાનું ચાલુ

"મોમેન્ટમ બિલ્ડર" તરીકે જોઈ રહી છે. પ્રમોદ જૈન ભાયાએ માત્ર ભાજપ પર લીડ મેળવી નથી પરંતુ સ્પર્ધાત્મક લીડ પણ મેળવી છે. રાજકીય દ્રષ્ટિએ, "કોંગ્રેસે લીડ મેળવી છે, ભાજપ હજુ પણ લીડ શોધી રહી છે."

### જકાર્તાના
પહેલા પાનાનું ચાલુ

શુક્રવારની નમાજ દરમિયાન જકાર્તાની એક મસ્જિદમાં વિસ્ફોટ થયો હતો, જેમાં ૫૫ લોકો ઘાયલ થયા હતા.

સિન્હુઆ ન્યૂઝ એજન્સીએ પોલીસ વડા એસેપ એડી સુહેરીને ટાંકીને જણાવ્યું હતું કે ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં એક શાળાની અંદર આવેલી મસ્જિદમાં વિસ્ફોટ થયો હતો, જેમાં ૫૪ લોકો ઘાયલ થયા હતા.ઉત્તર જકાર્તામાં નૌકાદળના કમ્પાઉન્ડમાં આવેલી મસ્જિદમાં શુક્રવારે બપોરના સુમારે વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ પછી રૂમમાં ધુમાડો છવાઈ ગયો હતો અને લોકો બહાર દોડી આવ્યા હતા. ઘટનાસ્થળે ગભરાટ ફેલાયો હતો અને આતંકવાદી હુમલાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી.સિન્હુઆ ન્યૂઝ એજન્સી અનુસાર, પ્રારંભિક તપાસ સૂચવે છે કે વિસ્ફોટ શોર્ટ સર્કિટ અથવા ખામીયુક્ત ઈલેક્ટ્રોનિક ઉપકરણને કારણે થયો હોઈ શકે છે.

પહેલા પાનાનું ચાલુ

ગુરુવારે ગુજરાતનું દોહાડ સિઝનનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું, જ્યાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૧ ડિગ્રી થયું હતું. હવામાન વિભાગના ડિરેક્ટર ડૉ. એકે દાસના જણાવ્યા અનુસાર, આગામી સાત દિવસ સુધી તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થશે નહી. હાલમાં, ઉત્તરપૂર્વથી પૂર્વ તરફ પવન ફૂંકાઈ રહ્યા છે. ભેજમાં વધારો થવાને કારણે, રાજયના પશ્ચિમ ભાગમાં તાપમાન સ્થિર રહ્યું છે, જ્યારે ઉત્તરપૂર્વીય પવનોને કારણે રાજયના પૂર્વ ભાગમાં તાપમાનમાં ઘટાડો થયો છે.

### આતંકી ઉમરનું
પહેલા પાનાનું ચાલુ

એજન્સીઓએ મોટી કાર્યવાહી કરી છે. આતંકવાદ વિરૂધ્ધ ચાલી રહેલી કડક મુહિમના ભાગરૂપે, સુરક્ષા દળોએ શુક્રવારે ડો. ઉમરના પુલવામા સ્થિત ઘરને નિયંત્રિત ઈદ્ધ વિસ્ફોટથી ધ્વસ્ત કરી દીધું છે.સુરક્ષા દળોએ આ ઓપરેશનને અંજામ આપતા પહેલા સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો અને સંપૂર્ણ સાવચેતી સાથે આ કાર્યવાહી પૂરી કરી હતી. આ પગલું આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ તત્વોને કડક સંદેશ આપવા માટે લેવામાં આવ્યું છે.ઉલ્લેખનીય છે કે, ડો. ઉમર મોહમ્મદ દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા કાર બ્લાસ્ટનો મુખ્ય આરોપી છે. આ બ્લાસ્ટમાં ૧૨ લોકોના મોત થયા હતા. તપાસ એજન્સીઓ એ પણ તપાસ કરી રહી છે કે બ્લાસ્ટમાં ડો. ઉમરનું મોત થયું છે કે તે ભાગી ગયો છે, જેના માટે તેની માતાના દ્વદ્વછ સેમ્પલ લેવામાં આવ્યા છે. આ મોટી કાર્યવાહી એ જ તપાસનો એક ભાગ છે.

### ઉદ્યોગપતિ
પહેલા પાનાનું ચાલુ

ફરી સમન્સ પાઠવ્યું હતું. ઓગસ્ટમાં, ૧૭,૦૦૦ કરોડના કથિત લોન છેતરપિંડી કેસના સંદર્ભમાં ED મુખ્યાલયમાં તેમની લગભગ નવ કલાક પૂછપરછ કરવામાં આવી હતી.

આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે ઈદ્ધ એ સોમવારે નવી મુંબઈમાં ધીરુભાઈ અંબાણી નોલેજ સિટીમાં ?૪,૪૬૨.૮૧ કરોડની ૧૩૨ એકરથી વધુ જમીનને મની લોન્ડરિંગ નિવારણ કાયદાની જોગવાઈઓ હેઠળ કામચલાઉ રીતે જપ્ત કરી હતી.

ED એ અગાઉ રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ (RCom), રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ અને રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના બેંક છેતરપિંડીના કેસોમાં ?૩,૦૮૩ કરોડથી વધુની ૪૨ મિલકતો જપ્ત કરી હતી.

આ કેસોમાં કુલ જપ્તી ?૭,૫૪૫ કરોડથી વધુ છે. ઈદ્ધ નાણાકીય ગુનાઓના ગુનેગારોનો સક્રિયપણે પીછો કરી રહી છે અને ગુનામાંથી મળેલી રકમ તેમના હકદાર દાવેદારોને પરત કરવા માટે પ્રતિબદ્ધ છે, એમ નિવેદનમાં જણાવાયું છે.

### દાઉદ ગેંગ
પહેલા પાનાનું ચાલુ

૨૧૨ કરોડનો મુદામાલ કબ્જે કર્યો હતો.તેમાં સલીમ શેખનું નામ ખુલ્યુ હતું. તે ડ્રગ્સ પેડલરો તથા ઉત્પાદન કરતાં માફીયાઓ વચ્ચે કડીરૂપ હતો. ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા તથા રાજસ્થાનનાં ઉત્પાદન યુનિટોને ડ્રગ્સ બનાવવાનાં કાચા માલની વ્યવસ્થા કરી દેતો હતો. તે છેલ્લા ત્રણ વર્ષથી પરિવાર સાથે દુબઈમાં વસવાટ કરવા લાગ્યો હતો.

સાંગલી કેસની તપાસમાં મુંબઈનાં મીરારોડ ઉપરાંત સુરતમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. પરવીન બાનો નામની મહિલાની ધરપકડ થઈ હતી. તેની પુછપરછમાં દુબઈ સ્થિત સલીમ ડોલા તથા સલીમ શેખનાં નામ ખુલ્યા હતા. ભારતમાં તેના સહયોગી સાજીદ મોહમ્મદ આસીફ શેખનું નામ પણ ખુલ્યુ હતું.પોલીસ તપાસમાં ઈન્ટરનેશનલ ડ્રગ્સ સપ્લાયર્સ તથા સ્થાનિક ડીસ્ટ્રીબ્યુટરે વચ્ચેની કડી ઉપરાંત ડ્રગ્સ પેડલરોનાં બોગસ પાસપોર્ટ તથા હવાલા મારફત નાણા વ્યવહારો કબુલ્યા હતા.તપાસનીશ એજન્સીનાં સુત્રોએ કહ્યું કે સલીમ ડોલા દુબઈ બેઠા ડ્રગ્સ સિન્ડીકેટ ચલાવે છે અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ સાથે સંકળાયેલો છે.

### ટેક્સટાઈલના
પેજ-૨ પાનાનું ચાલુ

MMF ટેક્ષ્ટાઈલ્સના કી રો મટિરિયલ્સ લાવી સુરતમાં અને ભારતમાં જ ફિનિશ્ડ ગુડ બનાવી શકશે. MMF ટેક્ષ્ટાઈલ્સનું આખા દેશમાં થતા કુલ ઉત્પાદનમાંથી ૬૦ ટકા ઉત્પાદન માત્ર સુરતમાં થાય છે, ત્યારે સુરતના ટેક્ષ્ટાઈલ્સના ઉદ્યોગ સાહસિકો માટે ખૂબ જ મોટી રાહત QCO ઓર્ડર નાબૂદ થવાથી થઈ છે, આથી ચેમ્બરના હોદ્દેદારો તથા વિવિધ સંગઠનોના હોદ્દેદારોએ ભારત સરકારનો આભાર માન્યો હતો.ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની રાહબરી હેઠળ ચેમ્બરના ઉપ પ્રમુખ તેમજ ફોગવાના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા ફિઆસ્વીના ચેરમેન તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી ભરતભાઈ ગાંધી, ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઈલ ટાસ્ક ફોર્સ કમિટીના ચેરમેન શ્રી આશીષ ગુજરાતી અને ચેમ્બરની ટેક્ષ્ટાઈલ નીટિંગ કમિટીના એડવાઈઝર શ્રી બ્રિજેશ ગોંડલિયા સાથે મળીને નવી દિલ્હી ખાતે રજૂઆતોનો દૌર શરૂ કર્યો હતો. આ તમામની મહેનત રંગ લાવી છે અને સતત રજૂઆતોને પરિણામે ભારત સરકારે ગતરોજ MMF ટેક્ષ્ટાઈલ્સના કી રો મટિરિયલ્સ પરથી QCO ને નાબૂદ કર્યો હતો.

### તા.૩૦મી
પેજ-૨ પાનાનું ચાલુ

લેવાની વિનંતી છે. ભંડારામાં તથા સમગ્ર કાર્યક્રમમાં જે ભકતો સેવાભાવથી કોઈપણ પ્રકારની સેવા આપવા ઈચ્છતા હોય તેઓએ પણ મહારાજશ્રીનો સંપર્ક કરવા જણાવાયું છે.

### સર પ્રક્રિયામાં
પેજ-૨ પાનાનું ચાલુ

થઈ ગયું એટલે કે અમારો ટાસ્ક પૂરો થઈ ગયો, જ્યારે કે હકીકતમાં સુરતમાં કોઈ બુથ એવું નથી કે જ્યાં ૧૦૦ એ ૧૦૦% મતદારો પોતાના સ્થળ પર જ છે, છતાં પણ ચૂંટણી પંચ દ્વારા BLO ને આવું દબાણ આપવામાં આવે તો એનો હેતુ શું છે? શા માટે આવો લક્ષ્યાંક આપવામાં આવે છે? આ તો કાયદાથી તેમજ નીતિથી તદ્દન ખોટુ કહેવાય જે કોઈપણ રીતે ચલાવવા યોગ્ય નથી. જો આવી રીતે ખોટા ટાસ્ક ખોટી રીતે પૂરા કરવામાં આવશે તો આ કાર્યક્રમનો મૂળ હેતુ મરી પરવડશે.

ધર્મેશ ભંડેરીએ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીને ખાસ વિનંતી કરી હતી કે આવા ખોટા દબાણ આપી ખોટા ટાસ્ક પૂરા કરાવવાનું બંધ કરવામાં આવે અને સાચું અને સૈદ્ધાંતિક રીતે યોગ્ય કામ જ થાય એનો પૂરેપૂરો અમલ કરાવવામાં આવે.

સુરત લોકસભા ઈન્ચાર્જ રજનીકાંત વાઘાણીએ આ મુદ્દે જણાવ્યું હતું કે, આ બાબતે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી પોતે સંજ્ઞાન લઈ સુરત જિલ્લાના તમામ ERO ને અગત્યની સૂચનાના ભાગરૂપે એમને જાણ કરે કે આવા કોઈ ખોટા ટાસ્ક BLO ને આપી અને એમની પાસે ખોટી કામગીરી કરાવવામાં ન આવે ઉલટાનું BLO ને આપણે એ બાબતે પ્રોત્સાહિત કરવા જોઈએ કે તેઓ સચોટ કામકાજ કરે, જે મતદાર મૃત્યુ પામ્યા છે એમનું નામ નીકળી જ જાય, જે મતદાર ત્યાં નથી રહેતા ને એમનો કોઈ સંપર્ક નથી થતો તો પણ એમનું નામ હટી જવું જોઈએ અને કોઈનું નામ ખોટી રીતે હટી ન જાય એ બાબત પણ ખાસ કાળજી રાખે. આ આખે આખી પ્રક્રિયાનું કામકાજ સચોટ અને સુનિશ્ચિતતા સાથે થાય એ બાબતનું આયોજન કરવામાં આવે એવી જિલ્લા કલેક્ટરને વિનંતી કરી હતી.

### નવસારી જિલ્લામાં
પેજ-૨ પાનાનું ચાલુ

૧૧/૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાકે સીતાપુર અંબાજી મંદિર થી ગાંધી મેદાન વાંસદા સુધી , ૧૭૪ જલાલપોર વિધાનસભા મત વિસ્તારમાં તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ સવારે ૮:૦૦ કલાકે ગાંધી કુટીર કરાડી થી દાંડી મંદિર અને ૧૭૬ ગણદેવી વિધાનસભા મત વિસ્તારમાં તા.૨૧/૧૧/૨૦૦૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાકે નાંદરખા ગ્રામ પંચાયત થી સોમનાથ મંદિર બીલીમોરા ખાતે "યુનિટી માર્ચ" પદયાત્રા યોજાશે . નવસારી વિધાનસભા મતવિસ્તારમાં યોજાનાર જિલ્લા કક્ષાની પદયાત્રાનો રૂટ ફુવારા સર્કલ થી ટાવર - જુનાથાણા સર્કલ - લુન્સીકુઇ - સર્કિટ હાઉસ ઈટાળવા સુધી યોજાશે .નવસારી જિલ્લામાં યોજાનાર પદયાત્રામાં પદાધિકારીઓ , અધિકારીઓ , શાળા કોલેજના વિધાર્થીઓ ભાગ લેશે . વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ તથા નાગરિકોને ઉત્સાહપૂર્વક પદયાત્રામાં જોડાવા માટે કલેક્ટરશ્રી તથા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી . આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા સંગઠન પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ,અધિક નિવાસી કલેકટરશ્રી વાય.બી .ઝાલા તથા નવસારી જિલ્લાના વિવિધ મિડીયા માધ્યમોના પત્રકારો મોટી ઉપસ્થિત રહ્યા હતા.

### સુરત મનપા દ્વારા
પેજ-૨ પાનાનું ચાલુ

ઝોન(ઈસ્ટ ઝોન-બી)માં રામેશ્વર મંદિર ઓવારો, રાંદેર ઝોનમાં રાંદેર મેઈન રોડ, કતારગામ ઝોનમાં શ્યામ પ્રસાદ મુખર્જી લેક ગાર્ડન, ઉધના ઝોન-એ માં છઠ પુંજા તળાવ, ન્યુ બમરોલી, ઉધના ઝોન-બીમાં ઉન તળાવ, અઠવા ઝોનમાં ડુમસ બીચ અને લીંબાયત ઝોનમાં પરવટ કેનાલ-ડીંડોલી તળાવ ખાતેસાફ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ. આજ રોજ સફાઈ ઝુંબેશમાં ૧૯ JCB/લોડર, ૩૮ ટ્રક તથા ૮૯૧સ્વચ્છતા કર્મીઓ દ્વારા સફાઈ કરી૨૭૫ MT ઘન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.

### આશ્રિતોની
પેજ-૨ પાનાનું ચાલુ

સામાન્ય સભા અને સ્થાયી સમિતિની ઉપરવટ જઈને આ ઠરાવોનો અમલ શા માટે કરવામાં આવતો નથી.?જે અમને સમજાતું નથી. તો બીજી તરફ થોડા સમય પહેલા અવશાન પામેલ મ્યુ.સભ્યો સ્વ.શ્રી ગેમરભાઈ દેસાઈના પુત્રને તથા સ્વ. જયેશ જરીવાળાની પુત્રીને તેઓના અવશાન બાદ સુરત મહાનગરપાલિકામાં આશ્રિત તરીકે નોકરી આપવામાં આવેલ છે. તો એક જ સંસ્થામાં બે જુદા જુદા કાયદા શા માટે ??? તે અમને સમજાતું નથી.સુરત મહાનગરપાલિકાના એક એક કર્મચારી સુરત મહાનગરપાલિકા અને સુરત શહેર માટે પોતાના જીવને દાવ પર લગાવીને પણ સફાઈ, હોસ્પિટલ કામગીરી, આગ અને અકસ્માતોમાં કામગીરી, કોરોના જેવી ભયંકર પરિસ્તિથમાં પણ આ કર્મચારીઓએ કામગીરી કરી છે. જેમાં અમને જણાવતા દુઃખ પણ થાય છે કે,૪૫ જેટલા કર્મચારીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.આમ આ તમામ સંજોગો ધ્યાને લેતા માનવતાની રાહે પણ આ આશ્રિતોને તાકીદે નોકરી આપવા માટે આપ શ્રી તરફથી જરૂરી સુચનાઓ આપવામાં આવશે. તેવી અમારી દર્દભરી માંગણી અને લાગણી છે.આજની આ રજૂઆત પ્રસંગે મરણ પામેલ કર્મચારીઓ ના વિધવા પત્ની એમના આશ્રિત પુત્ર,પુત્રીઓ તેમજ સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળના પ્રમુખ મોહંમદ ઈકબાલ શેખ,ઉપપ્રમુખ રમણભાઈ નાયકા,ભરતભાઈ ઠાકોર,મહામંત્રી દેવેન્દ્ર પ્રજાપતિ,મંત્રી દિલીપ દેસાઈ, રવિ ઠક્કર તેમજ કારોબારી સભ્ય જગદીશ પટેલ, ઝકિરાબાનુ પઠાણ,નિકુંજ દેસાઈ,પાલજીભાઈ કાનપરિયા,ભરત પ્રજાપતિ, સંજય પરમાર,સંજય વાળા, મનોજ સોની, ક્રિષ્ના પાટીલ, હિરલ નાવિક, હિતેન્દ્રસિંહ વાઘેલા,રોશની મોદી, આશાબેન સાંબલે વિગેરે હાજર રહ્યા હતા.તમામએ શાંતિપૂર્વક માનનીય મેયર શ્રીને રૂબરૂ આવેદનપત્ર આપ્યું હતું.મેયર શ્રીએ પોતાની કેબિન બહાર આવીને આશ્વાસનના બે શબ્દો સૌને કહ્યા હતા. તેમજ મ્યુનિસિપલ કમિશનર શ્રી વતી ડેપ્યુટી કમિશનર શ્રીમતી સ્વાતિબેન દેસાઈએ આવેદનપત્ર સ્વીકારી આ રજૂઆત મ્યુનિસિપલ કમિશનર શ્રી સુધી પહોંચાડવા માટે આશ્વાસન આપ્યું હતું.

### શ્રી ગટુ
પેજ-૨ પાનાનું ચાલુ

દ્વારા માર્ગદર્શન પૂરું પાડીને તેઓ સારી રીતે જીતે એ રીતે હર હંમેશ તેમની સાથે રહેલ હતા. શાળા મેનેજમેન્ટ વિદ્યાર્થીઓની સાથે શિક્ષકો પણ રમતગમતમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. તે માટે ખૂબ જ ગર્વની લાગણી અનુભવે છે.શાળાના કેમ્પસ ડાયરેક્ટર શ્રીમતી મિશલ ગણેશાની તેમજ ઉપાચાર્યા શ્રીમતી સુચિતા રોય દ્વારા દરેક શિક્ષક મિત્રોને અભિનંદન પાઠવવામાં આવે છે.તેમજ વિદ્યાર્થીઓની સાથે સાથે શિક્ષકોની પણ કારકિર્દી રમતગમતમાં જોઈ ખૂબ જ હર્ષની લાગણી અનુભવે છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૧૪ નવેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# બિહારમાં ભાજપની જીતમાં સી.આર.પાટીલનું નેતૃત્વ, વિઝન, સફળતાનો સંગમ



(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

બિહારમાં ભાજપની ભવ્ય જીતમાં સી.આર. પાટીલના નેતૃત્વ, વિઝન અને સફળતાનો સંગમ જોવા મળ્યો હતો. ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ પ્રમુખ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલને બિહાર ચૂંટણીમાં ભાજપના સહપ્રભારી તરીકેની કમાન વિશ્વાસપૂર્વક સોંપનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના વિશ્વાસને ચરિતાર્થ કરવામાં સફળ થયાં છે.

બિહાર ચૂંટણી જાહેર થતા કેન્દ્રીય મોવડી મંડળે જળશક્તિ મંત્રી સી.આર.પાટીલને સહપ્રભારી તરીકે જવાબદારી સોંપતા તુરંત જ સી.આર.પાટીલ બિહાર પહોંચી કામે લાગી ગયા હતા. ચૂંટણી પ્રચારમાં સી.આર. પાટીલે પોતાની સંગઠનાત્મક શક્તિ અને કુનેહનો ભરપુર ઉપયોગ કરી ભાજપને જીત અપાવવામાં સિંહફાળો આપ્યો હતો. જેમ ગુજરાતમાં રેકર્ડબ્રેક પરિણામ લાવવામાં સફળ થયેલા સી.આર. પાટીલે પોતાને સોંપાયેલી જવાબદારીમાં સંપૂર્ણ સફળ થયા છે.

બિહાર ચૂંટણી જાહેર થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ તથા ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડાએ સહપ્રભારી તરીકે સુરત નવસારીના સાંસદ અને પૂર્વ પ્રદેશ પ્રદેશ જળશક્તિ મંત્રી સી.આર. પાટીલને જવાબદારી સોંપી હતી. સી.આર.પાટીલ સહિત ભાજપની ટીમે વિધાનસભા મતક્ષેત્રો એરયા, બેગુસરાય, દરભંગા, જમુઈ, કટીહાર, કિશનગંજ, મધેપુર, મુંગેર, પટના, પુનિઆ, સહસા, સમસ્તીપુર, શેખપુર, સુપઅલ, સહિતના વિસ્તારોમાં મતદાતાઓ સુધી વડાપ્રધાન નેરન્દ્ર મોદીના સુશાસનની વાત પહોંચાડવામાં સફળ રહ્યાં હતા. મંત્રી પાટીલે પોતાની સંગઠનાત્મક શક્તિનો ભરપુર ઉપયોગ કરી બિહાર ભાજદપના કાર્યકરોમાં નવી શક્તિનો ઉર્જા સંચિત કરવામાં સફળ થયાં હતા.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહે મુકેલો વિશ્વાસ ચરિતાર્થ કરવામાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ સફળ થયાં

## બિહાર વિજયી સાથે 'વોટ ચોરી'ના મુદ્દાનો છેદ ઉડાડતા જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

### બિહારની પ્રજા જંગલ રાજ તરફ જવા માંગતી ન હોવાનો નિર્ણય પહેલાંથી જ કરી લીધો હતો : સી.આર. પાટીલ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

ચૂંટણી પંચે બિહાર ચૂંટણીમાં ૬૫ લાખ મતદારોના નામ કમી કર્યાની એક પણ ફરિયાદ થઇ ન હોવાના ઉલ્લેખ સાથે બિહાર ચૂંટણીના ભાજપના સહપ્રભારી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે બિહારમાં ભાજપના ભવ્ય વિજયી સાથે મતદાતાઓનો આભાર માનતા વિપક્ષના 'વોટ ચોરી'ના મુદ્દાનો છેદ ઉડાડ્યો હતો. વધુમાં આજે મતગણના પ્રારંભ સાથે જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે બિહારની પ્રજા જંગલરાજ તરફ જવા માંગતી ન હોવાનો નિર્ણય પહેલાથી જ કરી લીધો હતો. એટલે જ તો આરજેડીએ ચૂંટણી પ્રચારમાં લાલુ પ્રસાદનો ફોટો હટાવી લેવાયો હતો. ચૂંટણી પછી વિપક્ષનું અસ્તિત્વ જ રહ્યું નથી.

## બિહારમાં ભવ્ય વિજયી સાથે સુરત ભાજપાની ઉજવણી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

બિહાર ચૂંટણીના પરિણામમાં ભાજપને ભવ્ય વિજયી પ્રાપ્ત થતા સુરત ભાજપે આજે બપોરે ભાજપ મધ્યસ્થ કાર્યાલય ખાતે પ્રમુખ પરેશ પટેલ સહિત સંગઠનના આગેવાનો સાથે કાર્યકરોએ ભવ્ય ઉજવણી કરી હતી. અને આતીશબાજી કરી આ ભવ્ય જીતને વધાવવામાં આવી હતી. આ તબક્કે ભાજપ આગેવાનોએ બિહાર ભાજપના ચૂંટણીનાં સહપ્રભારી સી.આર. પાટીલની ભારે મહેનતને વધાવી હતી.

# આવતીકાલે સવારે સુરત એરપોર્ટ ખાતે પીએમ નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરાશે

### મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ સહિતનાં ભાજપ આગેવાનો ઉપસ્થિત રહેશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

આવતીકાલે સવારે ૧૦:૦૦ વાગે સુરત એરપોર્ટ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો ભવ્ય સ્વાગત કરવા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત મંત્રીશ્રી ઓ તથા સુરત ભાજપના આગેવાનો ભવ્યાતિભવ્ય સ્વાગત કરશે અને બિહારમાં થયેલી ભવ્ય જીતના વધામણાં કરશે

સુરત શહેર ખાતે આગામીકાલે તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી નાઓ સુરત શહેર એરપોર્ટથી અંત્રોલી બુલેટ ટ્રેન સ્ટેશન ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે. સદર કાર્યક્રમમાં ગુજરાત રાજયનાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્ર/રાજય કક્ષાના પદાધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવશ્રીઓ હાજર રહેનાર છે. માન.વડાપ્રધાનશ્રી નાઓના ઉપરોક્ત કાર્યક્રમ અનુસંધાને ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે હેતુસર સુરત શહેર વિસ્તારનાં વિવિધ રૂટ ઉપર તા.૧૫/૧૧/૨૦૨૫ નાં રોજ ક.૦૫/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિદ્ધ કરવા પણ કરવામાં આવ્યું છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત એરપોર્ટ ખાતે ઉતરાણ થયાં બાદ હેલીપેડ ખાતેથી અંત્રોલી પ્હોંચી બુલેટ ટ્રેનના સ્ટેશનની મુલાકાતે રવાના થશે. ત્યારબાદ ડેડીયાપાડા ખાતેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે

# બીલીમોરામાં ગંભીર ઘટનાઃ મધરાતે સપનું આવ્યું ને માતાએ બે સંતાનોનું ગળુ દબાવી મારી નાંખ્યા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

નવસારીના બીલીમોરામાં એક ગંભીર ઘટના બની હતી મહિલાને સપનામાં આદેશ થતાં તેણે મધરાતે તેનાં બે બાળકની ગળું દબાવીને હત્યા કરી દીધી હતી અને તેના સસરાને પણ મારવાનો પ્રયત્ન કર્યો હતો, જોકે સસરા ઘરમાંથી ભાગી જતાં તેમનો જીવ બચી ગયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, બીલીમોરા તાલુકાના દેવસર ગામે મહારાજા એપાર્ટમેન્ટમાં રહેતી રાત્રે એક મહિલાને સપનું આવ્યું કે 'તારાં બાળકોને મારી નાખ' જેથી તેણે જાગીને બાજુમાં સૂતેલાં તેનાં બે બાળકનું ગળું દબાવી દીધું હતું. એ બાદ તેના સસરાને મારવાનો પ્રયત્ન કર્યો હતો, જોકે તેઓ ભાગી છૂટ્યા હતા અને બૂમાબૂમ કરતાં આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતા.

ઘરની આગળ ટોળું એકઠું થતાં મહિલાએ ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો. આ દરમિયાન પોલીસકાફલાએ ઘટનાસ્થળે પહોંચી દરવાજો તોડ્યો તો મહિલા પોતે પણ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરી રહી હતી. પોલીસે મહિલાને ગળાફાંસો ખાતાં અટકાવીને ઝડપી લીધી છે અને બંને બાળકોના મૃતદેહને પીએમ અર્થે ખસેડીને આગળની કાર્યાવહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ મહિલાના પતિને ટાઈફોઈડ હોવાથી તે બીલીમોરાની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

### મહિલાની પ્રાથમિક પુછપરછમાં રટણ, સપનું આવ્યું કે 'તારાં બાળકોને મારી નાખ', સસરાને પણ મારવાનો પ્રયાસ કરી આત્મહત્યાની કોશિશ





**પાલનપુર પાટીયા ખાતેના શોપિંગ સેન્ટરમાં આવેલી સ્ટેશનરીની દુકાન ઉપરના ગોડાઉનમાં આજે સવારે એકાએક આગ ફાટી નિકળી હતી. તાબડતોબ દોડી આવેલા ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.**

# બિહાર ચૂંટણી-છઠ પૂજા બાદ પણ સુરતમાં કામદારોની અછત : મિલ માલિકોના મનામણાં

### કામદારોને પરત લાવવા મિલ માલિકો ટિકિટ ભાડા સહિતના ખર્ચના પૈસા મોકલાવી રહ્યાં છે : જીતુ વખારિયાં

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

બિહાર ચૂંટણી-છઠ પૂજા બાદ પણ ૩૦%થી વધુ કામદારોની અછતઃપાછા લાવવા ટિકિટ ભાડા મોકલાઈ રહ્યા છે, અહીં કામ કરતા કામદારોને ડબલ પગાર આપવાની પણ તૈયારી સુરતનો ધમધમતો ટેક્સટાઇલ ઉદ્યોગ હાલમાં એક મોટા સંકટનો સામનો કરી રહ્યો છે. દિવાળી પર્વ અને ત્યારબાદ બિહારમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીના કારણે વતન ગયેલા બિહારના કારીગરોની મોટી અછત સર્જાઈ છે. ખાસ કરીને બિહાર ચૂંટણીના કારણે શ્રમિકોના પરત આવવામાં વિલંબ થઈ રહ્યો છે, જેને પગલે ડાઈંગ અને પ્રિન્ટિંગ મિલોનું ઉત્પાદન ખોરવાઈ ગયું છે. લેબરની અછત એટલી હદે વધી છે કે મિલ માલિકોને હવે કામદારોને સુરત પરત લાવવા માટે સામેથી ટિકિટ ભાડું મોકલી આપવાની નોબત આવી છે.

દક્ષિણ ગુજરાત પ્રોસેસિંગ હાઉસ એસોસિયેશનના પ્રમુખ જીતુ વખારિયાએ આ ગંભીર પરિસ્થિતિ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, બિહારની ચૂંટણી અને છઠ પૂજા જેવા મોટા પર્વને કારણે મોટી સંખ્યામાં કારીગરો ઉધના સ્ટેશન પરથી એક્સ્ટ્રા ટ્રેનો દ્વારા વતન ગયા હતા. યુપીના શ્રમિકો ધીમે ધીમે પરત આવી રહ્યા છે, પરંતુ બિહારની ચૂંટણી ૧૧ તારીખે પૂર્ણ થયા બાદ પણ, ઘણા કારીગરો હજુ પણ પરત ફરવા માટે તૈયાર નથી.

વખારિયાના જણાવ્યા અનુસાર, હાલમાં ઓછામાં ઓછા ૩૦%થી વધુ કામદારોની મિલોમાં અછત વર્તાઈ રહી છે. પરિણામે, જે પ્રિન્ટિંગ મશીન પર સામાન્ય રીતે આઠથી દસ માણસોની જરૂર હોય છે, ત્યાં અત્યારે માંડ ચારથી છ માણસોથી કામ ચાલી રહ્યું છે. વધેલા પગાર છતાં કામદારોનો થાક, લેબરની ગેરહાજરીને પહોંચી વળવા માટે મિલ માલિકોએ એક કામચલાઉ ઉકેલ અપનાવ્યો છે. જે કામદારો રોકાયેલા છે, તેઓ બીજા શ્રમિકોનું પણ કામ કરી લેવા તૈયાર થાય તો માલિકો તેમને વધારાનો એટલે કે ડબલ પગાર આપવા પણ સંમત થયા છે. તેઓએ જણાવ્યું હતું કે,અમે ઈન્ડસ્ટ્રીમાં નક્કી કર્યું છે કે જે કામદાર નથી એની ગેરહાજરીમાં બીજા ડબલ કામ કરતા હોય તો તેમણે ડબલ પગાર આપીએ. પણ ત્યાર પછી પણ દરેક માણસની પોતાની કેપેસિટી હોય છે કામ કરવાની,એટલે બે દિવસ કામ કરે, ત્રીજે દિવસે પાછા થાકે. હાલમાં જે રીતે ઈન્ડસ્ટ્રીની પરિસ્થિતિ છે એ જોતા અછત તો ઘણી વધારે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દિવાળી વેકેશન બાદ હાલમાં ફક્ત ૬૦% જેટલી ડાઈંગ અને પ્રિન્ટિંગ મિલો જ શરૂ થઈ શકી છે, અને તેમાં પણ કારીગરોના અભાવે ફક્ત ૫૦% જેટલું જ કામકાજ ચાલી રહ્યું છે. આ સમસ્યાને વધુ ગંભીર બનાવનારું પરિબળ એ છે કે આગામી સમયમાં પોંગલ અને ઈદ માટે મિલોમાં પ્રોગ્રામની ઈન્ક્વાયરીઓ શરૂ થઈ ગઈ છે, જેના કારણે માલની ડિમાન્ડ વધવાની છે. આ સંજોગોમાં, મિલ માલિકો અને લેબર કોન્ટ્રાક્ટરો વચ્ચે કારીગરોને પરત લાવવા માટે ટિકિટ ભાડાના પૈસા આપવાનો વ્યવહાર શરૂ થયો છે. કોન્ટ્રાક્ટરો વતન ગયેલા શ્રમિકોનો સંપર્ક કરી રહ્યા છે, ત્યારે શ્રમિકો દ્વારા ભાડાની વ્યવસ્થા ન હોવાનું કારણ આપવામાં આવે છે. આથી, કોન્ટ્રાક્ટરો દ્વારા મિલ માલિકો પાસે ટિકિટ ભાડા સહિતની વ્યવસ્થા કરવા માટે રૂપિયાની ડિમાન્ડ કરવામાં આવી રહી છે, જેને મિલ માલિકો સ્વીકારીને પૈસા મોકલી રહ્યા છે.

# સગીરવયની કિશોરી સાથે સગાઈનો ગેરલાભ ઉઠાવી કામરેજના યુવકે બળાત્કાર ગુજાર્યો

### વિડીયો વાયરલ કરવાની ધમકી આપી શારીરિક શોષણ કર્યું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

અઠવા પોલીસ સ્ટેશન વિસ્તારની ૧૬ વર્ષે યુવતી સાથે થયેલી સગાઈનો ગેરલાભ ઉઠાવી ફરવા લઈ જવાને બહાને કામરેજ નાં યુવકે બળાત્કાર ગુજારી મોબાઈલ ફોનથી વિડીયો ઉતારી લીધો હતો અને વારંવાર શરીર સંબંધ બાંધવા ફરિયાદીની દીકરી સાથે ઝઘડો કરી સગાઈ તોડી નાખી હતી આ બનાવ અંગે અઠવા પોલીસે પોસ્કો એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

અઠવા પોલીસ સુસુત્રોના જણાવ્યા મુજબ કામરેજ આબોલીના તૌકીર નાસીર શાહની ફરિયાદની દિકરી સાથે સગાઈ થઈ હતી. સગાઈ કર્યા બાદ આરોપી દિકરીને ફરવા લઈ જતો હતો જ્યાં ફરિયાદની દિકરીના શરીરે સ્પર્શ કરતો હતો પ્રથમ વખત તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ દિકરીના બર્થ-ડે વખતે આરોપી તૌકીર નાસીર શાહ ઘરે આવી મારી દિકરીની એકલતાનો લાભ ઉઠાવી બળજબરી શરીર સબંધ બાંધી અને તૌકીરએ તેના મોબાઈલ ફોનમાં વિડીયો બનાવી લીધો હતો. ત્યારબાદ સપ્ટેમ્બર-૨૦૨૫ માં આ તૌકીર નાસીર શાહ નાઓ મારી દિકરીને ફરવા લઈ જવાના બહાને હોટલમાં લઈ જઈ મારી દિકરીને જણાવેલ કે તુ મારી સાથે શરીર સબંધ નહી બાંધશે તો હુ તારા ફોટા વાયરલ કરી દઈશ તારી સાથે સગાઈ તોડી નાંખીશ તને બદનામ કરી દઈશ તેમ ધમકી આપી મારી દિકરી સાથે બળજબરીથી શરીર સબંધ બાંધી અવાર નવાર ફરવા લઈ જવાનુ કહેતા મારી દીકરી ડરીને ના પડતા જેથી આ તૌકીર નાસીર શાહ નાએ ઝગડો કરતો હતો અને સગાઈ તોડી નાંખી હતી. આ બનાવ અંગે અઠવા પોલીસે પોસ્કો એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

# સંતાનસુખ પ્રાપ્ત ન થતા સારોલીના યુવકની આત્મહત્યા

### હરીદ્વારથી આવી યુવરાજે અંતિમ પગલું ભર્યું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

હરીદ્વારથી આવી વરીયાવગામે માસીના ઘરે રોકાયેલા સારોલીના યુવકે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. સંતાન સુખ પ્રાપ્ત ન થતા યુવકે પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાનો વતની અને હાલ સારોલી વિસ્તારમાં આવેલ શ્રેયા એપાર્ટમેન્ટમાં રહેતો ૩૩ વર્ષીય યુવરાજ ઉર્ફે તકુ ભગુ વાળા ડ્રાઈવર તરીકે નોકરી કરી પત્ની સહિતના પરિવારનું ભરણપોષણ કરતો હતો. યુવરાજ ઉર્ફે તકુ હરિદ્વાર ગયો હતો. દરમિયાન યુવરાજનો પરિવાર વતનમાં હોય ત્યારે બે દિવસ પહેલા યુવરાજ હરિદ્વારથી આવી વરીયાવ ગામમાં ત્રિવેણી સોસાયટીમાં રહેતા માસાને ત્યાં ઉતર્યો હતો. આજે સવારે યુવરાજ હરિદ્વારથી માસા માટે લાવેલ માળા ઉપરના માળે લેવા ગયો હતો. અને ત્યાં રૂમમાં છતમાં લગાવેલ લોખંડની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવરાજના ૧૦ વર્ષ પહેલાં લગ્ન થયા હતા. પરંતુ સંતાન ન થતા આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ બનાવ અંગે ઊંડાણપૂર્વકની તપાસ જહાંગીરપુરા પોલીસ કરી રહી છે.

# ચેક રિટર્ન કેસમાં એમ્બ્રોઈડરીના વેપારીને દોઢ વર્ષની કેદની સજા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

હાથઉછીના લીધેલા નાણાં અને એમ્બ્રોઈડરી મશીનના ભાડા પેટે અપાયેલો રૂ. ૩.૮૨ લાખનો ચેક રિટર્ન થતાં કોર્ટે વેપારી વિકાસ રજોડીયાને તકસીરવાર ઠેરવીને દોઢ વર્ષની કેદની સજાનો હુકમ કર્યો હતો. ફરિયાદી તરફે વકીલ રમેશ સાનેપરાએ કરેલી દલીલો કોર્ટે માન્ય રાખી હતી.આ કેસની વિગત મુજબ અશ્વનીકુમાર રોડ ઉપર પટેલનગર સોસાયટીમાં રહેતા અને સર્વેશ્વર ટેક્સ્ટાઈલના નામે વેપાર કરતા ધર્મેશ પ્રવીણ પટેલ તેમજ મોટા વરાછા એબીસી સર્કલની પાસે સારથી એવન્યુમાં રહેતા વિકાસ કનૈયાલાલ ઉર્ફે કનુ રજોડિયાની વચ્ચે મિત્રતાનો સંબંધ હતો. વિકાસને પોતાના ધંધામાં રૂપિયાની જરૂર પડતા ધર્મેશભાઈની પાસેથી રૂ. ૩.૫૦ લાખ હાથઉછીના લીધા હતા. આ સાડા ત્રણ લાખ તેમજ એમ્બ્રોઈડરી મશીનના ભાડાના રૂ. ૭૧ હજાર મળી કુલ રૂ ૪.૨૧ લાખ વિકાસ પાસેથી લેવાના નીકળતા હતા. ધર્મેશભાઈએ આ અંગે વિકાસની પાસેથી રૂપિયાની માંગણી કરતા તેણે રૂ. ૩૯ હજાર રોકડા ચૂકવી આપ્યા હતા, જ્યારે ૩.૮૨ લાખનો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા તે રિટર્ન થયો હતો. જેથી ધર્મેશભાઈએ એડવોકેટ રમેશ સાનેપરા મારફતે સુરતની કોર્ટમાં વિકાસ વિરુદ્ધ ચેક રિટર્નનો કેસ કર્યો હતો. વકીલ સાનેપરાએ કરેલી દલીલો અને રેકર્ડ પરના પરના પુરાવાના આધારે ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ રહ્યો હતો.

# કોર્પો. રાજેશ મોરડિયાને અપ્રમાણસર મિલ્કત કેસમાં કોર્ટ તરફથી કોઈ રાહત મળી નહીં

### ધરપકડથી બચવા કરેલી જામીન અરજી નામદાર કોર્ટે ફગાવી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

મોટા વરાછા વોર્ડ નં.૨ના સુરત મહાનગર પાલિકાના કોર્પોરેટર રાજેશ મોરડીયાને સુરત એસીબીમાં નોંધાયેલા અપ્રમાણસર મિલકત કેસમાં સુરત સેશન્સ કોર્ટ તરફથી કોઈ રાહત મળી નથી. પોતાના હોદ્દાનો દૂરૂપયોગ કરી ભ્રષ્ટ અને ગેરકાયદેસર રીતે વસાવેલી રૂ.૨૯.૭૮ લાખની અપ્રમાણસર મિલકત કેસમાં કોર્પોરેટર રાજેશ મોરડીયાએ પોલીસ ધરપકડથી બચવા કરેલી જામીન અરજી સુરત કોર્ટે નામંજૂર કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે ખાસ કરીને આજકાલ જાહેર હોદ્દા ધરાવતા વ્યક્તિઓ દ્વારા આ પ્રકારના વ્હાઈટ કોલર ગુનાઓ ઝડપથી વધી રહ્યા છે અને સમાજ પર તેની થઈ રહેલી અસર પણ ધ્યાનમાં લેવી જરૂરી છે.

મોટા વરાછા યમુના દર્શન પાછળ ક્રિષ્ના એવન્યુમાં રહેતા રાજેશ રાધવ મોરડીયા વોર્ડ નં.૨ (મોટા વરાછા)ના કોર્પોરેટર છે. કોર્પોરેટર રાજેશ મોરડીયાની અપ્રમાણસર મિલકત અંગે સુરત એસીબી દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેથી રાજેશ મોરડીયાના જુદા-જુદા બેંકના એકાઉન્ટ સ્ટેટમેન્ટની માહિતી, સબ રજિસ્ટ્રાર કચેરીઓ તરફથી સ્થાવર મિલકત અંગેના દસ્તાવેજી પુરાવો, આવક વેરાની માહિતી તથા વિવિધ સરકારી કચેરીઓમાંથી એકત્રીત થયલા પુરાવા આધારે સીબીઆઈ ગાઈડ લાઈન મુજબ તા.૧.૪.૨૦૨૧ થી ૩૧.૩.૨૦૨૫ સુધીનો ચેક પિરીયડ દરમિયાન તેઓની અને તેઓના પરિવારની કાયદેસરની આવકના સ્ત્રોત રૂ.૪૩.૪૭ લાખની સામે કુલ રૂ.૭૩.૨૭ લાખ રોકાણ/ખર્ચ કરી વધુ રૂ.૨૯.૭૮ લાખની અપ્રમાણસર રોકાણ ખર્ચાઓ અને સ્થાવર જંગમ મિલક્તો વસાવી હોવાનું સામે આવ્યું હતું. જેથી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૩(૧)(બી) અને ૧૩(૨) હેઠળ રાજેશ મોરડીયા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી મોરડીયાએ આગોતરા જામીન અરજી કરી હતી.જે કોર્ટે નામંજૂર કરી હતી. સરકાર તરફે એપીપી ભરતસિંહ ચાવડાએ દલીલો કરી હતી.

**સ્વર્ગવાસ - બેસણું**



સ્વ. મોહનભાઈ દલપતભાઈ પટેલ
જન્મ તા. ૧૧-૧૦-૧૯૪૭ સ્વ. તા. ૧૪-૧૧-૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી **સ્વ. મોહનભાઈ દલપતભાઈ પટેલનું** તા. ૧૪-૧૧-૨૦૨૫ ને શુક્રવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...**

**: સદ્‌ગતનું સંયુક્ત બેસણું :**

તા. ૧૬-૧૧-૨૦૨૫ ને રવિવારે સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.

**: બેસણાનું સ્થળ :**

શ્રી પટેલ પ્રગતિ મંડળ ''શૈક્ષણિક સંકુલ'', રાંદેર વારીગૃહની પાછળ, શ્રીજીનગરી સોસાયટીની પાસે, જહાંગીરાબાદ (ઉગત), ભેંસાણ રોડ, સુરત.

**:: શોકાતુર ::**

શૈલેષ મોહનભાઈ પટેલ (પુત્ર) — હર્ષિલ શૈલેષભાઈ પટેલ (પૌત્ર)
અમિષ મોહનભાઈ પટેલ (પુત્ર) — પાર્થિવ અમિષભાઈ પટેલ (પૌત્ર)
વિમલ મોહનભાઈ પટેલ (પુત્ર) — નિલય વિમલભાઈ પટેલ (પૌત્ર)

**:: નિવાસ સ્થાન ::**

૪-૫, સ્વીટ ઓમ સોસાયટી, ગેઈલ ટાવરની સામે, આનંદ મહલ રોડ, સુરત.
**મૂળ વતન :** માસમા (વચલું ફળીયું), તા. ઓલપાડ, જિ. સુરત.